Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टाक प्रमाणीकरण ११८४-१९८५

17220
3-2-83

CHECKED 1973
Initial
Gurukula Kangri Library

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

* ओ३म् *

पुस्तक की संख्या..... ६३ ग/१८

पुस्तकालय-पञ्जिका-संख्या..... 1722

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकता। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરસ્વતી ગ્રન્થમાળા વર્ષ ૬ પુ૦ ૧–૨ કુલ પુ૦ ૫૪–૫૫

બોલ્શેવિઝમ

અને

બીજી વાતો

મૂળ લેખક

રાજગોપાલાચાર્ય

અનુવાદક

જેઠાલાલ ગાંધી

Gurukula Kangri Library

પ્રસ્થાન કાર્યાલય

અમદાવાદ છ આના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંચાલક અને પ્રકાશક
રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી : પ્રસ્થાન કાર્યાલય : અમદાવાદ

પહેલી આવૃત્તિ
માર્ગશીર્ષ : ૧૯૯૧

કિંમત

વાર્ષિક ફાળે	છૂટક
૦–૪–૬	૦–૬–૦
ટપાલખર્ચ જુદું	ટપાલખર્ચ વધુ

મુદ્રક : અંબાલાલ કેશવલાલ જોષી : ગીતા મુદ્રણાલય,
લાલ દરવાજા, અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

આ માળામાં રાજીજીનું આ બીજું પુસ્તક છે. રાજીજીનો પરિચય હવે ગૂજરાતને આપવાનો ન જ હોય. હિંદના એક મહાન રાજપુરુષ હોવા ઉપરાંત તેઓ એક મહાન વિચારક છે, તત્ત્વવેત્તા છે તેમજ તેમની વિચારસરણી અને લેખનશૈલી જોતાં મહાન સાહિત્યકાર પણ છે. મનુષ્યહૃદયમાં સરળતાથી પ્રવેશ કરવાની તેમની શકિત અદ્‌ભુત છે, એ આ પુસ્તકનું પાનેપાનું બતાવી આપે છે. આ પુસ્તકમાંના વિચારો તેટલી જ સરળતાથી વાંચનારના હૃદયમાં પ્રવેશો એટલું જ હું ઇચ્છું છું.

આ પુસ્તકનો અનુવાદ કરવાની રજા આપવા બદલ અને તેની સંમતિ માટેના પત્ર સાથે ગુજરાતી આવૃત્તિ માટે નાનકડો પણ સહજ ખુલાસો લખી આપવા બદલ રાજીજીનો અને મુરબ્બી શ્રી. નરહરિભાઈની પ્રસ્તાવના સહિત આ પુસ્તકનો અનુવાદ કરી આપવા બદલ ભાઈ જેઠાલાલ ગાંધીનો હું આભારી છું.

પ્રકાશક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમ

	પ્રસ્તાવના	૭
૧	બોલ્શેવિઝમ	૩
૨	જ્ઞાતિ	૩૬
૩	ધર્મ	૪૭
૪	હિંદના ઇતિહાસના યુગો	૬૩
૫	ઝાડ અને છોડવા	૬૯
૬	વિરાટ અને સૂક્ષ્મ	૭૮
૭	असाधुं साधुना जयेत्	૮૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સહૃદયી સ્નેહી બહેન

શ્રી. કાન્તાબહેન બૅંકરને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખુલાસો

આ વાતો જેલના સાથીઓ આગળ કહેવાઈ હતી. તે વખતે એ પ્રસિદ્ધ કરવાનો ઇરાદો નહોતો. એટલે જ પુસ્તકમાં નજરે ચડતી ઘણીખરી બાબતોનો આથી ખુલાસો થઈ જશે.

મદ્રાસ
૧૬ નવેમ્બર, ૧૯૩૪

चक्रवर्ती राजगोपालाचार्य

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસ્તાવના

શ્રી. ચક્રવર્તી રાજગોપાલાચારી, જેમને હવે તો રાજાજીના સ્વજનોચિત અને વહાલસોયા નામથી ગુજરાત ઓળખી ગયું છે, તેમણે સને ૧૯૩૦ની સાલમાં પોતાના કારાવાસ દરમ્યાન કેદી સાથીઓ સમક્ષ આપેલાં પ્રવચનો, અથવા વધારે સાચું કહીએ તો તેમની સાથે કરેલી ગુફ્તેગો 'ચેટ્સ બિહાઇન્ડ બાર્સ' નામના નાના પુસ્તકરૂપે મદ્રાસના એસ. ગણેશન તરફથી પ્રગટ થયેલી છે. તેમાંની કેટલીક વાતચીતોનો અનુવાદ આ પુસ્તકમાં આપેલો છે. રાજાજીના લેખોથી અને વિશેષે કરીને તેમની હૃદયંગમ વાર્તાઓથી ગુજરાત પરિચિત છે. પોતાની સરળ છતાં સચોટ અને બુદ્ધિ તેમજ હૃદયમાં સોંસરવી ઊતરી જાય એવી માર્મિક અને અર્થગર્ભ શૈલીને પ્રભાવે, જે વિષયને રાજાજી હાથ ધરે છે તેને તેઓ વિશદ અને આકર્ષક બનાવી દે છે. તેમની શૈલીના આ ખાસ ગુણોનું દર્શન આ વાતચીતોમાં વિશેષ રૂપે થાય છે. જેલમાં સોંપવામાં આવેલાં કામ ઉપરાંત બીજો કાંઈ વ્યવસાય કે ચિંતા નથી હોતી એટલે વાતો કરવાનો વખત સારી પેઠે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળે છે અને ચોવીસે કલાક સાથે ને સાથે જ રહેવાનું હોવાથી એકબીજાના એટલા બધા નિકટ પરિચયમાં અવાય છે કે એકબીજાના સ્વભાવની ખૂબીઓ તેમજ ખામીઓનો પરિચય સુંદર રીતે થાય છે. આવી રીતે અંતેવાસી તરીકે રહેતા પોતાના જુવાન સાથીઓને કાંઈક માનસિક વ્યવસાય આપવાના ઉદ્દેશથી આ વાતચીતો રાજાજીએ કરેલી છે. જીવનને વિષે પોતાના વિચારોનો અર્ક, પોતાના હૃદયમાં રમી રહેલી વસ્તુઓ, તેમણે પોતાના સાથીઓ આગળ આ વાતોમાં રજૂ કરી છે. અને તે અનાયાસે, પૂર્વતૈયારી વિના, થયેલી હોઈ તેમાં પંડિતાઈનો ભાર નથી, તત્ત્વચિંતનની નીરસતા નથી અથવા જાહેર ભાષણની કૃત્રિમતા નથી. જે વિષયો રાજાજીએ ચર્ચ્યા છે તેમના મૂળ સિદ્ધાન્તો ઉપર જ તેઓ ગયા છે અને તેનો સાર તેમણે પોતાની સાદીસીધી ભાષામાં આપી દીધો છે. એ જ આ વાતચીતોની ખૂબી છે. તેથી જ આ વાતચીતો વાંચવા બેઠા કે પૂરી કર્યા વિના ઊઠવાનું મન નથી થતું.

આ ગુજરાતી અનુવાદમાં પહેલું સ્થાન તેમની 'બોલ્શેવિઝમ' ઉપરની વાતોને આપ્યું છે. 'બોલ્શેવિઝમ'નું નામ સાંભળી તેના સિદ્ધાન્તો વિષે, રશિયાની રાજ્યક્રાન્તિ વિષે અને અત્યારે ત્યાં ચાલી રહેલા સામાજિક અને આર્થિક ક્રાન્તિના પ્રયોગો વિષે જાણવાની આકાંક્ષા દિલમાં સહેજે ઉત્પન્ન થાય. પણ તેવી આકાંક્ષા રાખનાર નિરાશ થશે. વળી 'સોશ્યાલિઝમ,' જેને માટે આપણી ભાષામાં સમાજ-વાદ શબ્દ રૂઢ થવા લાગ્યો છે, તેમાં ઈશ્વર વિશ્વંભર છે, આ જગત સૌને માટે પર્યાપ્ત છે એવો વિશ્વાસ રહેલો છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવું કથન વાંચીને તો આપણા સમાજવાદીઓ અને સામ્ય-વાદીઓ કોપથી સળગી ઊઠશે. પણ એટલું સ્પષ્ટ કરી દેવાની જરૂર છે કે 'બોલ્શેવિઝમ' નામ આપીને રાજીજીએ તો ભવિષ્યની સમાજરચનાનું પોતાનું જ કલ્પનાચિત્ર પોતાના મિત્રો સમક્ષ આળેખ્યું છે. અને તેમાં બધા જ મુદ્દા ઉપર તેઓ વીગતમાં ન ઊતરતાં વિશેષ વિવેચન માત્ર વ્યક્તિના ખાનગી માલકીહક વિષે કર્યું છે. એ વિવેચન તલસ્પર્શી છે.

તેઓ કહે છે કે દરેક માણસ પોતાના હવાલામાં જે સંપત્તિ હોય તે કેવળ પોતાના જ સુખોપભોગ અર્થે નહિ પણ સમાજના હિતને અર્થે સમાજના એક સંરક્ષક અથવા ટ્રસ્ટી તરીકે ધારણ કરે. પરંતુ માણસને કેવળ પોતાને માટે નહિ પણ લોકોને માટે સંપત્તિના ઉત્પાદનનું કાર્ય કરવાનું હોય, પોતે જે મહેનત કરે તેનું બધું ફળ પોતાને એકલાને ન મળવાનું હોય પણ તેમાં આખા સમાજનો હિસ્સો હોય, પોતે જે કમાય તેના ઉપર પોતાનો એકલાનો જ ખાનગી હક હોઈ મરી ગયા પછી પોતાનાં બાળબચ્ચાંને અથવા પોતાની મરજીમાં આવે તેને તે વારસામાં આપવાનો હક ન હોય, તો અર્થ માટેની પોતાના પ્રવૃત્તિમાં માણસ જે ખબરદારી રાખે છે, કાળજી રાખે છે, ખંતથી કામ કરે છે એ બધું રહેશે ? એ શંકાનો જવાબ આપતાં તેઓ કહે છે કે સંપત્તિ ઉપરના માલકીહક, સંપત્તિની વ્યવસ્થા, સંપત્તિનો ઉપભોગ એ બધું વૈયક્તિક સ્વાર્થ માટે નહિ પણ સાર્વજનિક હિતની દૃષ્ટિએ જ થવું જોઈએ, એ ભાવના સમાજમાં જેમજેમ ફેલાતી જશે તેમતેમ એકબીજાને છેતરીને ધનના ઢગલા કરવાની વૃત્તિ માણસમાંથી ઘસાઈ જશે. કેમકે કારણ વિના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાર્ય રહેતું નથી. પછી સાર્વજનિક દૃષ્ટિએ સંપત્તિની વ્યવસ્થા કરવામાં આજે જે શિથિલતા, બેદરકારી અને અપ્રામાણિકતા ઘણીવાર જોવામાં આવે છે તે પણ ધીમેધીમે જતી રહેશે. આળસ કાંઈ માણસના સ્વભાવમાં નથી. માણસને કામ કરવું ગમે જ છે. પણ આજે તો માણસ ગમે તેટલુ સખત વૈતરું કરે છતાં તેને માંડ પેટપૂરતું ખાવા પણ ન મળે અને તેના વૈતરાના જ ફળમાંથી તે બીજાને તાગડધિન્ના કરતા જુએ એટલે તેને કામ કંટાળાભરેલું લાગે છે, અને તેમાંથી છટકવાનું તે શોધે છે. પણ પોતાને જે જોઈએ તે ખરી મહેનતથી, કોઈ પણ જાતની ચાલાકી કે છેતરપિંડી કર્યા વિના મળી રહેતું હોય અને પોતાની મહેનતનું ફળ કોઈ છેતરપિંડી અથવા ચાલાકી કરીને અથવા દૂષિત વ્યવસ્થાને કારણે કોઈ પડાવી ન લઈ શકતું હોય તો મહેનત આનંદદાયક થઈ પડે છે. વળી દરેક માણસને પોતાને જોઈએ તેટલું મળી રહેતું હશે એટલે એકઠું કરી રાખવાની વાસના આપોઆપ નષ્ટ થઈ જશે. તમે જ્યારે જાઓ ત્યારે નદીમાંથી કે કૂવામાંથી જોઈએ તેટલું પાણી મળી શકતું હોય ત્યાં કોઈ જોઈએ તે કરતાં વધારે પાણી ભરી રાખતું નથી. અથવા શહેરોમાં જ્યાં પાણીના નળ હોય છે અને જ્યારે ચકલી ઉઘાડો ત્યારે પાણી મળી શકે છે ત્યાં પણ કોઈ પાણી સંઘરી રાખતું નથી. બગીચામાં સૌ કોઈ હવા ખાવા જઈ શકે છે તેથી કાંઈ ત્યાં જઈને લોકો અમસ્તા બેસી રહેતા નથી. ધારો કે એવી સમાજવ્યવસ્થા હોય જેમાં રેલવે ટ્રેનો અમુકઅમુક સમયને અંતરે દોડ્યાં જ કરે, અને મોટરબસો તથા ટ્રામો ફર્યા જ કરે અને જેને તેમાં બેસવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય તેને પૈસા આપ્યા વિના બેસવાની છૂટ હોય, તો શું લોકો તેમાં બેસીને ફર્યા જ કરવાના છે? શરૂઆતમાં થોડાક દિવસ કદાચ કૌતુકની ખાતર કેટલાક લોકો આમતેમ ફર્યા કરે પણ પછી તો જેમને કામને અંગે એક જગાએથી બીજી જગાએ જવું હશે તેઓ જ આ સાધનોનો ઉપયોગ કરશે. વળી આવી વ્યવસ્થામાં એમ નકામા ફરવા જવા તૈયાર થાય એવા આજના જેવા નવરા અને બેકાર લોકો પણ નહિ હોય ને? આવીઆવી દલીલો અને કલ્પનાઓ રજૂ કરીને તેઓ કહે છે કે આ નવી વ્યવસ્થાનો અમલ કરતાં આપણને ઘણી મુશ્કેલીઓ અને અગવડો દેખાય તોપણ જો સમગ્ર ચિત્રની આપણે કલ્પના કરી શકીએ તો જણાશે કે આ નવી વ્યવસ્થામાં બધું આપોઆપ ગોઠવાઈ જવામાં કશી અડચણ આવે એવું નથી.

પ્રાણીઓમાં કેટલાંક વાઘ અને બિલાડી જેવાં એકલ જીવન ગાળે છે, જ્યારે કેટલાંક મધમાખી અને કીડીઓ જેવાં સામાજિક જીવન ગાળે છે. રાજાજી પ્રશ્ન પૂછે છે કે આપણે વાઘબિલાડી જેવા થવું છે કે કીડીમધમાખી જેવા થવું છે? દરેક મધમાખી અને કીડીનું જીવન પોતાના સમાજના હિતને અર્થે જ હોય છે. એ વસ્તુ તેને સ્વભાવસિદ્ધ છે, સહજ પ્રેરણાથી તે આ પ્રમાણે વર્તે છે. માણસ એ પ્રમાણે બુદ્ધિપૂર્વક વર્તતો થઈ જાય એ માનવજીવનનો આદર્શ છે, એમાં માણસની વિશેષતા છે.

અને તમામ સંપત્તિ ઉપરની સામાજિક માલકીમાં કાંઈક ગેરલાભો રહેલા હોય તોપણ જો તેમ કરવાથી આર્થિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિષમતા ઓછી થઈ જતી હોય, અન્યાય, જુલમ અને ભૂખમરો નાબૂદ થઈ શકતાં હોય, ખાનગી માલકીહકોને અંગે ઊભાં થતાં કૂડકપટ, છેતરપિંડી, નાણાંની ઉચાપત, ખૂનખરાબી વગેરેનો અંત આવતો હોય તો ખાનગી માલિકી અને તેની સાથે જોડાયેલાં આ અનિષ્ટો કરતાં સાર્વજનિક માલકોના બીજા ગેરલાભોની સાથે પણ સાર્વજનિક માલકી એ સારી વસ્તુ છે.

આ બધું કહીને અત્યારે સમાજમાં જેણે ખળભળાટ મચાવી મૂક્યો છે તે મુદ્દા ઉપર રાજીજી આવે છે. ખાનગી માલકીહક તમે જબરદસ્તીથી નાબૂદ કરશો, કે કેળવણીદ્વારા, શાન્તિમય સુધારાદ્વારા માણસની ભાવના બદલીને તેમનાં હૃદયમાં રહેલી વૃત્તિઓ ફેરવી નાંખીને કરશો ? 'અમે હિંસાના ઉપાસક નથી પણ આજે મૂડીદારો અને જમીનદારો જે મોટા ખાનગી માલિકો છે તેઓનાં હૃદય પલટાવવાં મુશ્કેલ છે, અશક્ય છે, અને તેઓના સ્વાર્થ ઉપર કાપ મુકાય એટલે તેઓ હિંસક સાધનોનો આશ્રય લેવાના જ છે, આજે પણ હિંસક સાધનોના ટેકાથી જ તેઓ નભી રહેલા છે. એટલે તેમની સામે હિંસા અનિવાર્ય છે,' એમ કહી જરૂર પડે તો જબરદસ્તીથી પણ ખાનગી માલકીહક નાબૂદ કરવાની જેઓ વાતો કરે છે તેઓ પોતાના આ સિદ્ધાંતોને શાસ્ત્રીય સિદ્ધાંતો કહે છે અને પોતાના વાદને શાસ્ત્રીય સમાજવાદ એવું નામ આપે છે. પણ ધારો કે જબરદસ્તીથી તમે આ થોડા મોટા માલિકોને મારી નાંખ્યા તેથી શું સમાજમાંથી ખાનગી માલકીની ભાવના નષ્ટ થવાની છે ? આજે મોટા માલિકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાધનસંપત્તિને જોરે લોકોને વધારે ચૂસી શકે છે એ ખરું, પણ લાગ ફાવે તો બીજાને ચૂસવાની વાસના તો થોડી મિલકતવાળા અથવા મિલકતવિનાના માણસોમાં પણ રહેલી છે. એ વાસના નિર્મૂળ ન થાય ત્યાં સુધી સમાજમાં સુખ અને શાન્તિ સ્થપાય નહિ. જેની પાછળ રાજ્યસત્તાનું બળ રહેલું છે એવા કાયદાથી તમે અમુક વ્યવસ્થા સ્થાપી શકો પણ માણસનાં હૃદય ઝટઝટ કેમ પલટાવી શકો? જબર-દસ્તીથી અને કાયદાથી માલકીહક નાબૂદ થયો છે એમ તમે જાહેર કરી શકો અને સત્તાને બળે તેનો અમલ પણ કરી શકો, પણ કંઈ હજારો વર્ષથી માણસમાત્રના હૃદયમાં ઘર કરી બેઠેલી બાનગી માલકીની વાસના તેથી નાબૂદ ન થાય. આખા જનસમાજની ભાવના તો કેળવણી અને સમજાવટથી જ ફેરવી શકાય. સાચો શાસ્ત્રીય માર્ગ એ છે. રાજાજી કહે છે કે માલકીની ભાવનાને નિર્મૂળ કરવાનું કાર્ય કલોરોફોર્મ આપ્યા વિના નસ્તર મૂકવાના કામ કરતાં પણ વધારે દર્દ કરે એવું છે. એટલે આ નસ્તરનું કાર્ય આપણે ઓછામાં ઓછું દર્દ થાય તેમ શી રીતે કરી શકીએ અને વસ્તુસ્થિતિ બદલી શકીએ એ જોવાનું છે. એ માટે પ્રેમ એ જ આપણું મોટામાં મોટું સાધન છે. આપણા જીવનની પ્રત્યેક ક્ષણ એ ભાવનાને પોષવામાં વિતાડવી જોઈએ. પ્રેમ અને અહિંસાને માર્ગે જ સમાજનું સાચું સુખ સાધી શકાશે.

સમાજમાં કામની વહેંચણી ન્યાયપુરઃસર અને સરખી કરવી હોય એટલે કે દરેક પોતાની શક્તિ પ્રમાણે કામ કરે અને દરેકને તેની જરૂરિયાત પ્રમાણે મળે તો પછી જે કામો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંટાળાભરેલાં છે, ગંદાં છે, મેલાં છે એવાં કામો કોણ કરશે ? આજે કળા અને વિજ્ઞાનને ધનિકો તરફથી આશ્રય મળે છે, પણ જ્યારે ધનિકો નહિ હોય ત્યારે કળા અને વિજ્ઞાનનું શું થશે ? જ્યારે વારસાની પ્રથા નાબૂદ થશે ત્યારે જેમનાં માબાપ નાનપણમાં મરી જાય તેવાં અસહાય બાળકોનું શું થશે ? આ નવી સમાજરચનામાં લગ્નની પ્રથા અને કુટુંબની સંસ્થા રહેશે કે કેમ ? વગેરે શંકાઓના જવાબ પણ આ વાતચીતોમાં રાજાજીએ સુંદર રીતે આપ્યા છે.

જેઓ વર્ણવ્યવસ્થામાં નથી માનતા તેમને રાજાજીએ ચેતવણી પણ આપી છે કે નવી સમાજરચનામાં તેનો પુનરુદ્ધાર થવાનો જ છે. અલબત્ત તેનું સ્વરૂપ નવું હશે. આજે જ્ઞાતિઓ ઝેરી દાંતવાળી રાક્ષસીઓ બની ગયેલી છે તેવી જ્ઞાતિઓનાં બંધનો તેમાં નહિ હોય, તેમાં સામાજિક દરજ્જા અને ઊંચનીચની પ્રતિષ્ઠાના ભેદો નહિ હોય, અને ધનને લીધે જે અસમાનતા, પ્રતિષ્ઠાભેદ અને લાગવગો ચાલે છે તે પણ નહિ હોય. પણ આ નવી રચનામાં વર્ણવ્યવસ્થા તેના શુદ્ધ સ્વરૂપમાં સ્થપાશે. કારણ વર્ણનો કાયદો એ કુદરતી કાયદો છે. દરેક ધંધાની આવડત અને ગુણો વારસામાં ઊતરતા હોઈ સૌ કોઈ પોતાના બાપદાદાનો ધંધો કરે એ સ્વાભાવિક છે. જે ધંધામાં બાળપણથી જ ખાસ તાલીમની જરૂર હોય તે ધંધા તો વંશપરંપરા ચાલ્યાં કરે એમાં જ શક્તિનો અને સમયનો બચાવ રહેલો છે. વર્ણવ્યવસ્થાના પાયામાં રહેલા આ સિદ્ધાન્તનો અમલ આખી દુનિયામાં જાણ્યેઅજાણ્યે મોટા ભાગના લોક કરે જ છે. જગત તેનું જ્ઞાનપૂર્વક પાલન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતું થઈ જાય તો ઘણા કલેશો, દુઃખો અને હરીફાઈઓ નાબૂદ થાય. છતાં દીકરાને બાપનો જ ધંધો કરવાની ફરજ પાડવામાં આવે અથવા તેને ફરજ પડે એવી સ્થિતિ હોય તેમાં તો દોષ જ રહેલો છે. એ સ્થિતિ ઊભી કરીને જ આજનાં જ્ઞાતિબંધનો આપણે નિર્માણ કર્યાં છે. અને હવે તો બાપના ધંધાને વળગી રહેવાનો નિયમ બિલકુલ જ રહ્યો નથી. જ્ઞાતિનાં બંધનો ખાવાપીવાના અને વિવાહના વ્યવહાર-પૂરતાં જ રહ્યાં છે. વળી જન્મને કારણે ઊંચનીચના અને છેક અસ્પૃશ્યતા સુધીના ભેદ આપણા સમાજમાં ઘર કરીને બેઠા છે. વર્ણવ્યવસ્થાના મૂળ સિદ્ધાન્તોનો અનર્થ કરીને એ સિદ્ધાન્તને અને હિંદુજાતિને આપણે જગતમાં હાંસીપાત્ર કરી મૂકી છે. આ વિષે વિવેચન રાજાજીએ જ્ઞાતિ ઉપરની વાત-ચીતમાં કર્યું છે, અને આજે જે સુધારા આવશ્યક છે તેની દિશા સૂચવી છે. ભંગી જેવાના ધંધા જે અત્યંત આવશ્યક છે, છતાં જે હલકા ગણાય છે અને જેની બજારકિંમત પણ ઓછી ગણાય છે તે તો બિલકુલ જ નાબૂદ થવા જોઈએ. સૌ પોતપોતાના ભંગી બની જાય. પરંતુ આ સુધારા પ્રેમ અને સમજાવટથી જ થઈ શકવાના છે. એ વિષે તેઓ કહે છે:

" એમ માનશો નહિ કે પ્રેમની રીત એ ધીમી અથવા લાંબી રીત છે અને હિંસાની રીત એ ટૂંકી અને ઝડપવાળી રીત છે. સમજાવટ અને પ્રેમની રીત એ જ એકમાત્ર રીત છે. દ્વેષની અને બળજબરીની રીત નિષ્ફળ નીવડી છે. વસ્તુતઃ પ્રેમની રીત જ ટૂંકામાં ટૂંકી છે. "

ઈશ્વરનો ઇનકાર કરવાની અને ધર્મને ધતિંગ ગણવાની આજે કેટલેક અંશે ફેશન થઈ પડી છે, એ સમયે ' ધર્મ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરનો તેમની વાતચીત બહુ આવકારલાયક થઈ પડે એવી છે. દશબાર વર્ષની બાળકીને પરણાવી દેવામાં અથવા સોળ વર્ષની વિધવાનું માથું મુંડાવી નાખવામાં અથવા બ્રહ્મ જનોઈનો તાંતણો ઘાલીને ફરવામાં અથવા તો કપાળમાં ટીલાં તાણવામાં ધર્મ નથી, પણ ધર્મનો પાયો તો સદાચાર છે એમ કહી ધર્મના મૂળભૂત સિદ્ધાન્તોની તેમણે ચર્ચા કરી છે. કર્મના કાયદાને એમણે બહુ સરળ ભાષામાં સમજાવ્યો છે અને તે કાયદામાં લમણે હાથ દઈ નસીબને રડતા બેસવાનું નથી પણ કર્મસ્વાતંત્ર્ય અને પ્રાયશ્ચિત્તદ્વારા પુરુષાર્થને પૂરો અવકાશ મળે એમ છે એ પણ સમજાવ્યું છે. વળી, સર્વ ધર્મ પ્રત્યે સમભાવ કેળવવા જગતના મહાન ધર્મોનો આદરપૂર્વક અભ્યાસ કરવાની આવશ્યકતા પણ તેમણે બતાવી છે.

'હિંદના ઇતિહાસના યુગો' વિષે બહુ ટૂંકમાં કહ્યું છે. પણ એટલા ટૂંકાણમાં પણ આપણો ઇતિહાસ સમજવાની દૃષ્ટ તેમણે સુંદર રીતે રજૂ કરી છે. હજારો વર્ષો સુધી આપણી પ્રજાએ સાચું સ્વરાજ્ય ભોગવેલું હોવા છતાં આ સો દોઢસો વરસના બ્રિટિશ રાજ્યતંત્રને પરિણામે આપણા ઘણા શિક્ષિત લોકોમાં એવો ખ્યાલ પેસી ગયો છે કે આપણે સ્વરાજ્યને માટે લાયક નથી. એ ખ્યાલ આ લેખ બહુ સચોટ રીતે દૂર કરી નાંખે છે.

વૃક્ષો ઉપરની વાતચીત આપણા દિલમાં વનસ્પતિ-સૃષ્ટિ સાથે આત્મીય ભાવ ઉત્પન્ન કરે છે. વ્યાસ, વાલ્મીકિ અને કાલિદાસ કવિથી તે આપણા રવિબાબુ સુધી બધા કવિઓએ પોતાનાં કાવ્યોમાં આ ભાવના પ્રગટાવી છે. આપણા મહાકવિઓના એ ભાવ સમજવામાં આ લેખથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મદદ થાય છે. આ ટૂંકી વાતચીતમાં વનસ્પતિસૃષ્ટિ પ્રત્યેનું આપણું ઋણ શાસ્ત્રીય છતાં તદ્દન સાદી રીતે સમજાવ્યું છે.

'સૂક્ષ્મ અને વિરાટ' વાળી વાતચીતમાં આ બ્રહ્માંડના કાવ્યની ભવ્યતા સમજવાની ચાવી રાજાજી આપણને આપે છે. વળી સૂક્ષ્મ પરમાણુમાં આ વિરાટ કરતાં પણ વિશેષ ભવ્ય અને વિશેષ ગૂઢ પ્રકાર ચાલી રહ્યો છે તેનો ઇશારો પણ આ વાતચીતમાં તેમણે કર્યો છે, અને તેના સારરૂપે આપણને નમ્ર અને નિઃસ્પૃહી બનવાનો તથા સુખદુઃખમાં સમતા રાખવાનો પાઠ આપ્યો છે.

'**असाधुं साधुना जयेत्**' વાળી વાતચીતમાં આ વિરાટ વિશ્વમાં માનવીની અલ્પતાનું સ્મરણ કરાવી જ્ઞાનની સાધના કેટલા નમ્રભાવે કરવાની જરૂર છે એ સમજાવ્યું છે. વળી દ્વેષ અને ભયની શક્તિના પ્રમાણમાં પ્રેમની શક્તિ ઘણી વધારે બળવાન છે એ બતાવી પ્રેમનો પ્રયોગ વ્યાપક ક્ષેત્રમાં કરવાની વાત કરી છે. પિતા પુત્ર વચ્ચે, ભાઈ ભાઈ વચ્ચે, પતિપત્ની વચ્ચે જે પ્રેમનો પ્રયોગ થતો જોવામાં આવે છે તેને વ્યાપક કરી આપણા અર્થવ્યવહારમાં અને રાજ્યપ્રકરણમાં તેનો પ્રયોગ થાય તો દુનિયાનાં ઘણાં દુઃખોનો અંત આવી જાય. આજથી થોડા જ વખત ઉપર સર્વસામાન્ય માન્યતા એવી હતી કે 'સોટી વાગે ચમચમ અને વિદ્યા આવે ઘમઘમ' પણ એ સૂત્ર કેટલું અનિષ્ટ અને ભયંકર છે તે આજે સૌ સમજે છે. તે જ પ્રમાણે ભલે આજના મોટા મોટા ગણાતા લોકો એમ માને કે અર્થવ્યવહાર તો સ્વાર્થના ધોરણ પર જ ચાલી શકે અને રાજ્યપ્રકરણમાં તો દંડનો ઉપાય અનિવાર્ય છે, પણ એ વખત જરૂર આવવાનો છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તે નજીકના ભવિષ્યમાં આવવાનો છે કે એ માન્યતા સાવ ખોટી છે એમ સૌ કોઈ સ્વીકારતા થઈ જશે.

વળી બુરાઈનો પ્રતિકાર ન કરો એ સૂત્રનો અર્થ એ નથી કે બુરાઈને છૂટદોર મહાલવા દો અથવા બુરાઈ સામે હાથ જોડીને બેસી રહો. તેનો અર્થ તો એ છે કે બુરાઈનો પ્રતિકાર બુરાઇ થી ન કરો પણ બુરાઈની સામે ભલાઈનો પ્રયોગ કરો. આ વસ્તુ આ વાતચીતમાં રાજીજીએ સારી રીતે સમજાવીને સ્પષ્ટ કરી છે. ગાંધીજીના સત્યાગ્રહના મૂળમાં આ જ વસ્તુ રહેલી છે. આપણે જે સત્યાગ્રહનો પ્રયોગ આદર્યો છે તે જો આપણે એક નાછૂટકાના ઉપાય તરીકે લાચારીથી કરતા હઈશું તો તેમાં આપણને જોઈએ તેટલો યશ નથી મળવાનો પણ એ ઉપાય સર્વોત્તમ છે, જગતના દુઃખનું નિવારણ એ વિના બીજી રીતે શક્ય જ નથી એવા સ્પષ્ટ જ્ઞાન અને દૃઢ વિશ્વાસથી એ પ્રયોગ આપણે કરીશું તો દુનિયા અત્યારે જે અન્યાય, જુલમ અને દુઃખના વમળમાં સપડાઈ છે તેમાંથી બહાર નીકળવાનો માર્ગ આપણે જગતની આગળ ધરી શકીશું.

ખરી રીતે આ વાતચીતોને આટલી લાંબી પ્રસ્તાવનાની જરૂર જ નહોતી. પણ મારા મિત્ર ભાઈ જેઠાલાલે મને કહ્યું કે તમે કાંઈક લખી આપો એટલે હું લખવા બેઠો અને આ લાંબી પ્રસ્તાવના લખી કાઢી. આ પ્રાસાદિક વાતચીતો સાથે મારું આ વિવેચન જોડવા માટે મારે તો વાચકોની ક્ષમા જ માગવી રહે છે.

નરહરિ દ્વારકાદાસ પરીખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Gurukula Kangri Library

બોલ્શેવિઝમ

અને

બીજી વાતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Gurukula Kangri Library

બોલ્શેવિઝમ

તમે મારી પાસે બોલ્શેવિઝમ ઉપર વાતો કરવાની માગણી કરી છે. હું તેમ કરીશ. પણ હું તમને પહેલેથી ચેતવી દઉં છું કે મારો તે વિષયનો અભ્યાસ ભારે નથી, એટલે તમારા મનમાં કંઈ શંકાઓ રહી જાય તો તમારે તેના ખુલાસા બીજેથી મેળવી લેવા જોઈશે.

અત્યારે જે લોકો સત્તામાં હોય તેમને ઊખેડી નાખી તે અધિકાર પોતે ભોગવવાનો આનંદ મેળવવો એમાં કાંઈ બોલ્શેવિઝમ સમાતો નથી. બોલ્શેવિઝમ એ તો કામની સમાન વહેંચણી છે. જિંદગી કામ સિવાય પસાર થાય નહિ. આજે એ કામની વહેંચણી અસમાન છે. એ વહેંચણીને સમાન બનાવવી એ બોલ્શેવિઝમ સોશિયાલિઝમ અથવા બીજું જે નામ વાપરો તેનો હેતુ છે.

આ રીતે કામ અને દ્રવ્યની સમાન વહેંચણી કરવાના કેટલાક અખતરા થયા હતા એટલા સફળ નથી નીવડ્યા. બોલ્શેવિઝમનો આદર્શ એ છે કે આખી દુનિયાએ કામની સમાન વહેંચણીનો માર્ગ સ્વીકારવો જોઈશે. એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય તો જ એનો પૂરેપુરો લાભ સમજી શકાય. અત્યારે દુનિયા જુદાંજુદાં સ્વતંત્ર રાજ્યોમાં વહેંચાઈ ગયેલી હોવાથી આખી દુનિયામાં એકીવખતે કામની સમાન વહેંચણી કરી ન શકાય. એક દેશ અથવા સરકાર બોલ્શેવિઝમનો સ્વીકાર કરે છતાં જો પાસેના જ રાજ્યમાં મૂડીવાદનો અમલ હોય તો પહેલા દેશને પણ બોલ્શેવિઝમના પૂરા લાભ મળતા નથી. આવી નિરાશાઓને લીધે તમારે નાસીપાસ થવાની જરૂર નથી. તમે તમારું ઘર સ્વચ્છ રાખતા હો, અને તમારો પાડોશી પોતાનું ઘર ગંદું રાખતો હોય તથા તે કારણે હવા બગાડતો હોય છતાં તમે એમ તો નહિ જ માનો કે ઘર સારું રાખવું એ નકામું છે. સ્વચ્છતાનો તમારો આદર્શ બધે ફેલાય ત્યાં સુધી તમારે તમારું કામ આગળ ચલાવવું જ જોઈએ. તાત્કાલિક સફળતા અને પૂરેપૂરા લાભના અભાવે તમારે નિરાશ થવાનું ન હોય.

બોલ્શેવિઝમ મેં તમને આગળ જણાવ્યું તેમ કામની સમાન વહેંચણી છે. એમાં વ્યક્તિ માટે સ્વતંત્ર મિલકત હોતી નથી. બધી સારી વસ્તુઓ રાજ્યની માલિકીની ગણાય છે. અને આખી દુનિયાના કામનો બોજો દરેક પોતાના હિસ્સા મુજબ ઉપાડવાનો છે. વ્યક્તિને સ્વતંત્ર મિલકત હોતી નથી, અને પ્રત્યેક જણ પોતાની જરૂરિયાત પ્રમાણે મેળવે છે, અને પોતાની શક્તિના પ્રમાણમાં કામનો બોજો ઉઠાવે છે. "આ મારું ઘર છે, આ મારા પૈસા છે, આ મારા દીકરાને મળશે, અને આ મારી દીકરીને મળશે અને આટલું મારા દોહિત્રને સોંપીશ," એવી વાતો તેમાં હોતી નથી. મારે કોઈ પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વખતે જેટલાની ખરી જરૂર હોય તેટલું હું મેળવી લઉં છું. 'આ મારું' અને 'આ તારું' એવી વાતો એમાં ન હોય. આજની સ્થિતિમાં આવી કલ્પના મુશ્કેલ લાગે છે, કારણ કે મિલકતના વાતાવરણમાં આપણે એવી રીતે ઊછરેલા છીએ કે ખાનગી મિલકતનું અસ્તિત્વ ન હોય એવી પરિસ્થિતિનો ખ્યાલ જ આપણે કરી શકતા નથી. પણ દાખલા લઈને આપણે તે ધીમેધીમે સમજીશું.

પાણીના ઉપયોગ અને માલિકીનો દાખલો લ્યો. સ્વાભાવિક રીતે પાણીના અમુક જથાને આપણે આપણો માલિકીનો માનીને એને તાળાકૂંચીમાં નથી રાખતા. દરેક માણસ પોતાને જોઈએ તેટલું લે છે અને તાત્કાલિક ઉપયોગ પૂરતું સંઘરી રાખે છે. એ વિષે ચિંતા કે લોભ હોતાં નથી. નદી અથવા તળાવનો કોઈ પણ ભાગ ખાનગી મિલકત ગણીને અલગ કરવામાં આવતો નથી. તેનો ઉપયોગ બધા કરે છે અને તેની સફાઈ માટે બધા જ પ્રયત્નશીલ રહે છે. આ જાતનું વલણ આપણે મિલકતના બીજા પ્રકારો પ્રત્યે ધરાવીએ તો બોલ્શેવિઝમ વિષે આપણને કંઈક ખ્યાલ આવે. તમે એમ માનશો કે અનાજ ને બોરાકની વસ્તુઓ કે જેમના ઉત્પન્ન માટે માણસની મહેનતની જરૂર પડે છે એ જુદા વર્ગમાં મુકાય અને તેમની બાબતમાં વ્યક્તિગત માલિકી-પણાની જરૂર છે. પણ ખરી રીતે આવો તફાવત હોતો નથી. ટપાલખાતાનું કામ સમગ્ર કામ તરીકે જ કરવામાં આવે છે. પ્રત્યેક કાગળ તેના નિયત સ્થાને પહોંચે છે અને આખું તંત્ર સમાજ સમગ્ર રીતે ચલાવે છે. આ જ રીતે બીજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરૂરિયાતો પણ સંયુક્ત રીતે અને સર્વના લાભાર્થે પૂરી પાડી શકાય. એક જમાનામાં સરકારી ટપાલખાતું નહોતું, એટલે દરેકે પોતાનો બેપિયો શોધી કાઢવો પડતો અને તેનું ખર્ચ ભોગવવું પડતું. આજે એ બંધ થયું છે. એક રીતે તો તેની મનાઈ કરવામાં આવી છે અને ટપાલની રાષ્ટ્ર-વ્યાપી પદ્ધતિ દાખલ થઈ છે. આ ટપાલ ઑફિસ, જાહેર દીવાબત્તી ખાતું, મ્યુનિસિપલ આરોગ્યખાતું, ઘરગથ્થુ ઉપયોગ માટે ગૅસ અને વીજળી આપનારું ખાતું વગેરે સંયુક્ત પદ્ધતિએ ચાલતી રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ બોલ્શેવિઝમનાં પ્રચલિત ઉદાહરણો છે. એક વખત એવો હતો કે માણસ પોતાનું માથું દૂખતું ન હોય તોપણ માથાના દુખાવાની દવા પોતાની પેટીમાં ભરી રાખતો, પણ આજે તો જેમનું માથું દૂખતું હોય તેમને માટે વાપરવા સારુ એની દવા ઇસ્પિતાલમાં રખાય છે અને જેનું ન દૂખતું હોય તેને તે વાપરવાનો અધિકાર નથી.

કાપડ ઉત્પન્ન કરનારી મુંબઈની મિલોનો દાખલો લ્યો. તે વ્યક્તિઓની એટલે શૅરહોલ્ડરોની મિલકત છે. પણ આ શૅરહોલ્ડરો ખરી રીતે તેનું તંત્ર ચલાવતા નથી. તેમને વ્યાજ મળ્યા કરે છે, અને માલિકીપણાની કાયદાની વિધિઓ થયા કરે છે. પણ સાચો વહીવટ તો જેના તાબામાં તે મિલો હોય છે તેમનો જ હોય છે. શૅરહોલ્ડરો પોતાનો આ અધિકાર આખા રાજ્યને સોંપી શકે. આમ થતાં ડાયરેક્ટરો શૅરહોલ્ડરોના સેવકો મટી આખા રાજ્યના સેવકો થશે. આ રીતે મિલની માલિકી અમુક શૅરહોલ્ડરોની મટીને આખી સરકારની થાય એમાં કાંઈ ભારે તફાવત પડી જવાનો નથી. વ્યાજ લેવા તેમજ પાતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેર નફો મેળવીને વેચવાની તકો સાધવા ઉપરાંત બીજું કંઈ ન કરનાર અ. બ. ક.ના હાથમાંથી મિલની માલિકી સરકારના હાથમાં જશે, તેથી કંઈ કાપડ ખરાબ થઈ જવાનું નથી. અત્યારે પણ કેટલીક વખતે કોર્ટો આવી પેઢીઓનો કબજો લે છે અને વહીવટ માટે રિસીવરો નીમે છે. શેર-હોલ્ડરોને હાલતુરત માટે રુખસદ મળે એવી કાંઈ પરિસ્થિતિ બદલાઈ નથી.

કોમના નિભાવાર્થે થતાં બધાં કામ તેમજ તેમાંથી ઉત્પન્ન થતી સંપત્તિ ઉપર, આજે ખાનગી વ્યક્તિઓ દેખરેખ રાખે છે તેમ ન રાખતાં, કોમની વતી પોતે નીમેલા આડતિયા દેખરેખ રાખશે. નાટકો, સંગીતનાં સ્થળો અને ક્રીડાભવનો બધાંને આનંદ મળે તે અર્થે બોલ્શેવિઝમ નીચે લાવી શકાય. આપણે ત્યાં તિરુપતિની ટેકરી છે. તે કોઈ ખાનગી વ્યક્તિની માલિકીની નથી. ત્યાં બધાં જનત્રાએ જાય છે અને આનંદ મેળવે છે. તાજમહાલનો આનંદ બધાં લૂંટી શકે છે. એને કોઈ પોતાની મિલકત ગણતું નથી. એ જ રીતે આનંદ આપનારી બધી વસ્તુઓ બધાં જ સાથે મળીને સાચવે અને સાથે મળીને ભોગવે.

૨

આ વિષયનો વિચાર કરતી વખતે લોકોના મનમાં એવી શંકા ઊભી થાય છે કે ખાનગી વ્યવસ્થા હેઠળ હોય છે એટલી સારી વ્યવસ્થા જાહેર વ્યવસ્થા હેઠળ રહેતી નથી. આ મુશ્કેલી ઊભી થવાનું કારણ એ છે કે આપણે આજની વસ્તુસ્થિતિના પૂર્વગ્રહોને મનમાંથી દૂર કરી શકતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. આજે જ્યાંત્યાં ખાનગી મિલકત જ જોવામાં આવે છે. ખાનગી મિલકતના સામ્રાજ્યમાં જાહેર વ્યવસ્થા ચલાવીએ એ ઉપરથી એ જાતની વ્યવસ્થાની સફળતાનો ખ્યાલ ન બાંધી શકાય. આવું હોય ત્યાં ખાનગી લાભનો હેતુ દૂર જઈ શકતો નથી. જો ખાનગી મિલકતનું તત્ત્વ નાબૂદ થાય તો આપણી બધી મુરાદોમાં પણ ભારે પરિવર્તન થશે. તમારે પોતાને તેમજ તમારાં બચ્ચાંને માટે રાખી મૂકવાની ખાનગી મિલકત જ્યારે રહેશે નહિ ત્યારે જાહેર વહીવટ તેમજ ઓલ્શેવિઝમ વિષેની ઘણી મુશ્કેલીઓ અદૃશ્ય થશે.

જ્યારે નદીમાં પૂર આવ્યું હોય ત્યારે પાણી લાવીને આપણે ભરી રાખતા નથી. એ જ રીતે જ્યારે ખાનગી મિલકત પૂરેપુરી અદૃશ્ય થશે અને જાહેર ઉપયોગના પાણી જેવી સ્થિતિમાં તે મુકાઈ જશે, ત્યારે જેમ પાણી ખૂબ જથામાં મળતું હોય ત્યારે તેની ચોરી કરવાનો કોઈને વિચાર સરખો આવતો નથી તેમ કોઈ મિલકતને ચોરી જવાની કે દુર્વ્યય કરવાની કે ખાનગી માલિકીની તરીકે સંઘરી રાખવાની દરકાર નહિ કરે.

જાહેર બગીચા, રેલવે, ટપાલખાતું, દીવાબત્તી અને રસ્તા જેવાં કેટલાંક ખાતાંમાં બિનઓલ્શેવિક રાજ્યોમાં પણ ખાનગી મિલકતનું તત્ત્વ રખાતું નથી એ આપણે જોઈ ગયા. આ બધાનો ઉપયોગ પ્રત્યેક પોતાની જરૂરિયાત અનુસાર કરે છે અને એની માલિકી સમગ્ર સમાજની હોય છે. કેટલાક આગ્રહી માણસોએ નિશ્ચય કર્યો કે આ નીતિ બધી બાબતોમાં લગાડવી અને તેમણે સમાજ અને સરકારનો સિદ્ધાંત ઊભો કર્યો. આ રીતે સમાજવાદ અથવા ઓલશેવિઝમ અસ્તિત્વમાં આવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગમે તેમ હોય, પણ મિલકતમાં શાનો સમાવેશ થાય છે ? એ તો જીવન માટે જરૂરી અને જનસમાજના હિતમાં ફાળો આપતી વસ્તુઓ, ખોરાક, કપડાં વગેરેના ઉત્પાદન માટેની એક જાતની વ્યવસ્થા જ છે. આ વસ્તુ એકસામટી અથવા અલગ-અલગ રીતે ઉત્પન્ન કરી શકાય. મોટો દુકાળ આવી પડે ત્યારે એકસામટા જથા અને વહેંચણીનો આપણને ખ્યાલ આવે છે. આમાં કંઈ અશકય નથી. યુદ્ધ જેવા વિપત્તિના સમયે રાજ્ય ખોરાક, કપડાં અને માલ લાવવા લઈ જવાનાં બધાં સાધનો કબજે કરે છે, અને જરૂરિયાત મુજબ જ વહેંચણી કરવામાં આવે છે. કોઈને પણ જરૂર કરતાં વધારે લેવા કે સંઘરવા દેવામાં આવતું નથી. બેંકો જે જૂના વખતમાં ખાનગી મિલકત હતી તે આજે જાહેર અને રાષ્ટ્રીય બની ગઈ છે અને સહકારી ધોરણ ઉપરની બેંકો પણ નીકળી છે જેમાં લગભગ નધણિયાતાં નાણાંનો આખા સમાજના હિતની દૃષ્ટિએ ખાનગી નાણાં જેટલી કાળજીથી વહીવટ કરવામાં આવે છે. આ સહકારી ધોરણની રકમો લોકોને લૂંટવા અને પડાપડી કરવા રસ્તામાં નાખી દેવાની હોતી નથી. એને નિયત જગાએ રખાય છે અને ખાનગી મિલકતની જેમ સંપૂર્ણ કાળજીથી તેની સંભાળ રાખવામાં આવે છે. તે કોઈ ખાસ વ્યક્તિની મિલકત નથી, પણ બધાની છે. જાહેરની મિલકત એટલે રસ્તામાં વેરી મૂકવાની એમ નહિ, પણ એનો લાભ બધાને મળે એમ.

ઓલશેવિઝમ ગણિતના એક દાખલા જેવું છે. કેટલાક માણસો પાસે ખૂબ સંપત્તિ હોય, બીજા પાસે થોડી હોય અને વળી બીજા પાસે બિલકુલ ન હોય એ સારું કે આખી સંપત્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરેકને સરખે ભાગે અને જોઈતા પ્રમાણમાં વહેંચાયેલી હોય એ સારું ? આમાં નુકસાન કાંઈ નથી, સવાલ ફક્ત ફેરવહેંચણીનો છે.

આ સરેરાશ માટે કાં તો તમારે કેટલાક આંકડામાં ઘટાડો કરીને બધું સરખું કરતા જવું જોઈએ અથવા તો જૂનું હોય તે ભૂંસી કાઢી નવેસરથી શરૂઆત કરવી પડે. આમ સરેરાશે પહોંચતાં ભૂલો તો થવાની જ. પણ પદ્ધતિ કંઈ સ્વીકારાય એ મુદ્દાનો પ્રશ્ન નથી. મહત્ત્વની બાબત તો પરિણામ છે. આપણને કંઈ દરદ થયું હોય તો આપણે પેટમાં પીવાની દવા પહોંચાડીને અથવા તો ઇન્જેકશન લઈ ને તે દૂર કરી શકીએ; અને જરૂર હોય તો દરદવાળા ભાગ ઉપર નસ્તર મુકાવી તેને કપાવી નાખીએ પણ ખરા. આ બધી પદ્ધતિને લગતી બાબતો છે. એમાં સાધ્ય એક જ હોય છે. આવા અખતરા કરવા જતાં કોઈવાર મરણ પણ નીપજે અથવા દરદ વધી પણ જાય. છતાં આપણે તે અખતરા કરતા જ રહેવું જોઈએ અને પ્રત્યેક નિષ્ફળતામાંથી પાઠ શીખતા રહેવું જોઈએ.

આમ થતાં સમાજવાદનું એક સર્વવ્યાપી પરિણામ એ આવશે કે દરેક માણસ પોતાની પાસેની મિલકત અંગત નહિ ગણતાં સમાજની માલિકીની ગણી પોતાને તેનો ટ્રસ્ટી માનશે. સમાજવાદના મત અનુસાર મિલકત ઉપરનો આપણો કબ્જો તેને બગાડવા, વેડફી નાખવા અથવા ગમે તેવા ઉપયોગ કરવાની સ્વતંત્રતા આપતો નથી પણ પોતાની જાતને સમાજના ટ્રસ્ટી ગણી મિલકતને સમાજ વતી સાચવી રાખવી જોઈએ. ભાતના ખેતરોનો દાખલો વિચારીએ. સમાન વહેંચણીનો અર્થ એવો નથી કે આ ખેતરો બધા વચ્ચે કંઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ફાયદો ન મેળવી શકાય એટલા પ્રમાણમાં નાના ટુકડા પાડીને વહેંચી નાખવામાં આવશે. તે તો સમાજ વતી ટ્રસ્ટ તરીકે સ્વીકારવા તૈયાર થશે એવા ખેડૂતો વચ્ચે ખેતી તેમજ ભાતના પાક માટે જેટલા પ્રમાણમાં જરૂરના હશે તેટલા પ્રમાણમાં વહેંચી આપવામાં આવશે. જમીન ખેડૂતોની ખાનગી માલિકીની નહિ બને. ધારો કે મુંબઈમાં તમારી એક સુંદર મિલ છે. તમે તે સમાજને સોંપી દો છો. આનો અર્થ એટલો જ કે હવે તેમાં ઉત્પન્ન થતો માલ ડાયરેક્ટરો કે મૅનેજરો માટે નહિ પણ સમાજ માટે હશે. સમાજની માલિકી બનાવવી, એટલે એક જણ સ્ક્રૂ લઈ જાય અને બીજો ચક્કર લઈ જાય તો વળી ત્રીજો સળિયો લઈ જાય એમ નહિ. જ્યારે કોર્ટ મિલનો કબજો લે છે ત્યારે તે તેનો વહીવટ લેણદારોની વતી કરે છે એના જેવી આ સ્થિતિ છે.

એક મોટો ફેર એ પડશે કે દીકરો બાપની મિલકત તરફ વારસો ગણીને મીટ નહિ માંડે. હું ત્રિજોરી અમલદાર, કોર્ઈ મંદિરનો વહીવટદાર અથવા તહસીલદાર હોઉં તો મારા વહીવટ તળેનાં નાણાં પોતાનાં છે એમ મારો દીકરો માનવાનો છે ? આનો જવાબ ના જ હોય. જ્યારે બાનગી મિલકત વિષે તો દીકરો એમ જ માને છે કે તે પોતાની છે અને થોડા વખત પછી પોતે તેનો માલિક થવાનો છે એવા વિચારથી તેના મોંમાં પાણી છૂટે છે. બોલ્શેવિક રાજ્યમાં આવું નહિ બને; સઘળી મિલકત સમાજ તરફના ટ્રસ્ટ તરીકે જ ગણવાની.

કેટલીક બાબતોમાં વ્યક્તિ સારી રીતે કામ કરી શકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, જ્યારે કેટલીકમાં સમૂહ મારફતે કામ કરી શકાય છે. ઓલ્શેવિઝમમાં પણ વ્યક્તિ કરી શકે એવાં કામો વ્યક્તિને સોંપાશે અને સમૂહને યોગ્યનાં સમૂહને. માત્ર કોઈ વ્યક્તિ કે સમૂહ એમ નહિ માને કે આ ધંધાની માલિકી એની પોતાની છે.

તમે ચિત્રકાર હો તો તમારા પુત્ર કે પૌત્રને વારસામાં આપવાનું ચિત્ર સુંદર ચીતરશો કે સમાજના વારસામાં જવાનું હોય એવું ચિત્ર સુંદર ચીતરશો? આખા સમાજના ઉપયોગ માટેનું તમારે મંદિર બાંધવાનું હશે તેમાં તમે વધારે ધ્યાન આપશો કે તમારું પોતાનું ઘર બાંધવાના હશો તેમાં? એમાંથી કોને વધારે સુંદર બનાવવા તમે પ્રયત્નશીલ રહેશો? મેં એવા મિત્રો જોયા છે કે જે આજની સ્થિતિમાં પણ ખાનગી કામો કરતાં જાહેર કામો વધારે ચીવટથી કરે છે. એટલે જ્યારે મિલકત બધાની માલિકીની બનાવવામાં આવશે ત્યારે તેનો સારી રીતે વહીવટ નહિ થાય એમ માની નિરાશ બનશો નહિ.

૩

કેટલાયે સંજોગોમાં પોતાના ઉપયોગ માટે પૈસા કમાવાની મહત્ત્વાકાંક્ષા કરતાં જનસમાજનાં હિતનાં કાર્યો કરવાની મહત્ત્વાકાંક્ષા કદાચ ચડી નહિ જતી હોય, પણ એના જેટલી તો હોય જ છે એ અત્યારસુધી થોડા દાખલા આપીને બતાવ્યું. ખાનગી ઉપયોગ માટે બાંધવાનાં ઘર અને જાહેર ઉપયોગ માટેના મંદિરના દાખલા હું આપી ગયો છું. તમે મંદિર તરફ વધારે ધ્યાન આપી તેને સુંદર નથી બનાવતા?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંદિરના રથને શણગારવા માટે લોકોનાં ઉત્સાહ અને મહેનત તમે જોયાં છે ને ? એટલે કોઈ પણ વસ્તુને જાહેરની માલિકીની બનાવીશું તો લોકો તેના તરફ ઓછું ધ્યાન આપશે એમ માનવાને કારણ નથી.

મારા પોતાના ઉપયોગ માટે મારે શાક બનાવવાનું હશે તો હું તેને બારી નાખી તેમાં મીઠું નાખીને તે કામ ઊંચું મૂકીશ. પણ હું મારા મિત્રને એક મિજબાની માટે ભોજન બનાવવાનું કહું તો તે ભોજનને સુંદર અને સ્વાદિષ્ટ બનાવવા માટે ઘી, ખાંડ અને બીજી કેટલીયે ચીજોની માગણી કરશે. આ ભોજન પૂરું થયા પછી મારા મિત્રને પોતાના વાજબી હિસ્સા જેટલું મળતું નથી પણ છેવટે જે રહ્યું હોય તે જ મળે છે. છતાં એમાં તેનો આનંદ હોય છે. એ જ રીતે વસ્તુઓને સમાજની માલિકી અને ઉપયોગની બનાવવાથી બીજી અડચણો નડે તે વાત જુદી, પણ એના તરફ કાળજી નહિ રખાય એમ રખે માનતા. ખાનગી મિલકતનો વિચાર આપણે દૂર કરીએ–ધીમેધીમે જ એમ કરી શકવાના છીએ,– તો અંગત મિલકત એકઠી કરવા માટે ચાલતી છેતરપીંડી, પ્રપંચ અને ગોટાળા ઓછાં થઈ જશે અને વખત જતાં બંધ થઈ જશે.

તમારી મિલકતનો ભોગવટો તમે નહિ પણ તમારા પુત્રો કે પૌત્રો જ કરી શકવાના હશે, તો એને ભેગી કરવાની તેમજ તે માટે છળપ્રપંચ કરવાની વૃત્તિ તમારામાં ઓછી થશે. એ જ રીતે મિલકત જાહેર રહેવાની હોય ત્યારે થવાનું. શરૂઆતમાં તો ખાનગી મિલકતની આપણા માનસની ભ્રમણાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણે આપણે જૂની વૃત્તિ ધારણ કરવાના, પણ વખત જતાં જાહેર હિતનો વિચાર કરતા થઈ જઈશું અને આ સ્વાર્થની વૃત્તિ ચાલી જશે. ખાનગી તેમજ જાહેર, બન્ને મિલકતો તરફ તમારે ધ્યાન આપવાનું હશે તો કદાચ તમે ખાનગી મિલકત માટે વધારે કાળજી રાખશો, પણ બધી મિલકત જાહેર જ બને તો પછી તમારે તે તરફ જ ધ્યાન રાખવાનું થશે. તમારા મનનું બધું વલણ જ બદલાઈ જશે.

સમાજવાદી તંત્રમાં વ્યકિત અથવા સમૂહોને સોંપાનાર જાહેર મિલકતનો વહીવટ ટૂંકા વખત માટેનો હશે એમ ન માનતા. એક ખેડૂતને ૧૦, ૨૦ કે ૩૦ વર્ષને પટે જમીન અપાશે એમ માની શકીએ. માત્ર તે તેના ઉપયોગ માટે હશે, મિલકત તરીકે નહિ. એટલે ખાનગી માલિકીનું તત્ત્વ નીકળી જતાં જમીન તરફ ઓછું ધ્યાન અપાવાને કારણે તે કસ વગરની થઈ જશે એમ ન માનતા.

જેલનો દાખલો વિચારીએ. જેલના સુપરિન્ટેન્ડંટ આ વિભાગ સરસ રાખવાને કેટલી ચિંતા કરે છે? એની ગમે ત્યારે બદલી થઈ જાય, પણ પોતાની જવાબદારીનો ખ્યાલ હોવાથી તે આટલી ચિંતા કરે છે. એ જ રીતે દરેક વ્યક્તિ, પોતાને ગમે તે કામ સોંપાયું હશે તોપણ, જવાબદારીનો ખ્યાલ રાખશે. જાહેર માલિકીના તત્ત્વમાં કેટલીક ભૂલો અને ગેરફાયદા હશે, પણ બધું જોયા કે કર્યા પછી સરવાળે કેટલો લાભ કે ગેરલાભ છે તે જોવું જોઈએ. થોડા ગેરલાભ હોય તો એને અનિવાર્ય ગણી ચલાવી લેવા જોઈશે. એટલે જાહેર માલિકીની પદ્ધતિમાં ગેરલાભો હોવા છતાં ખાનગી મિલકતને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણે અસ્તિત્વમાં આવતી અસમાનતાને તે કમી કરી શકે, અન્યાય અને ભૂખમરાને દૂર કરી શકે, છળકપટ, દગાફટકા, ખૂનામરકી અને ગેાટાળા બંધ કરી શકે, તેા ખાનગી માલિકી અને તેની સાથે જોડાયેલાં અનિષ્ટો સ્વીકારવા કરતાં સમાજ-વાદના ગેરલાભો સ્વીકારવાનું ઠીક પડશે.

પ્રાણીઓ બે પ્રકારનાં હોય છે : એક વાઘ અને બિલાડી જેવાં કે જેઓ પોતાનો જ વિચાર કરનાર હોય છે; જ્યારે માખીઓ અને કીડીઓ જેવાં પ્રાણીઓ સમૂહમાં રહે છે અને બધાં જ સાથે મળીને કામ કરે છે. કીડીઓ અને માખીઓના આખા સમૂહ માટે દાણો તથા મધ સંઘરવામાં આવે છે. પોતાના સમાજમાં પ્રત્યેક કીડી એ સમાજસેવક છે; જ્યારે વાઘ, બિલાડી કે કૂતરો એ વર્ગનાં નથી. દરેક પોતાનું જ સંભાળે છે. તેા શું માણસો વાઘ, બિલાડી કે કૂતરાની જેમ રહેવાનું પસંદ કરશે કે માખીઓ ને કીડીઓની જેમ આખો સમાજ સમગ્ર રીતે કામ કરે અને પ્રત્યેક વ્યક્તિ જાહેર સેવક હોય એ રીતે રહેવાનું પસંદ કરશે ? લશ્કરના સનિકોની જેમ એક હારમાં કૂચ કરતી અને એક પછી એક કણ ખેંચી જતી કીડીઓ તમે જોઈ હશે. એમાંની એક પણ કીડી આડીઅવળી નહિ હોય. આ ખૂબ સમજવા જેવી વાત છે. કીડીઓની રાણી એક દરમાં ઈંડાં મૂકે છે. પણ વરસાદનો વખત આવતાં બધાં જ સાથે મળીને ઈંડાંને રક્ષણ કરી શકાય એવી ઊંચી જગાએ ખસેડી નાખે છે. ઈંડાંનો આખો ઢગલો બધી કીડીઓની મિલકત છે. જે ઈંડું જે કીડી લઈ ગઈ તે તેનું નથી બનતું. એમનામાં રાણી, નોકરો, સૈનિકો અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખું વહીવટી તંત્ર હોય છે; વિજ્ઞાનશાસ્ત્રીઓને આ વાતની ખબર છે. જે કીડી અથવા માખી વ્યક્તિપણું દાખવવા લાગે તેનો જરા પણ દયા વગર નાશ કરવામાં આવે છે. આ બાબતમાં મનુષ્ય પણ માખી અને કીડીના વર્ગનો છે. તે એક સામાજિક પ્રાણી છે. પણ સંસ્થાઓ ને લાગણીને પૂરેપૂરી અકડ કરી તે પોતાની જાતને બાંધી નથી શક્યો. કેટલીક વસ્તુઓ બાનગી માલિકીની અને કેટલીક જાહેર માલિકીની રાખવાનું પરિણામ સંતોષજનક આવ્યું નથી. બાનગી માલિકીને લીધે જગતમાં અસમાનતા અને એના પરિણામ-રૂપ ગરીબાઈ, ગુનાઓ અને તકલીફો જોઈને માણસ વિચાર કરવા માંડે છે. અને આમ સમાજવાદ અથવા બોલ્શેવિઝમનો આદર્શ જગતના લોકોનાં મનમાં ઘર કરી શક્યો છે.

એક બાબત મારે વારેવારે જણાવવી પડે છે કે મિલકતને સમાજની બનાવવાથી તેનો નાશ થવાનો નથી, પણ આજે જેવી લેવાય છે તેવી જ એની દરકાર લેવાશે. માત્ર એ મિલકતનો વિકાસ અને ઉત્પાદન જનતાના લાભાર્થે હશે અને એનો કબજો ધરાવનાર વ્યકિત અથવા સમૂહ પોતાને ગમે તેમ વેડફી નાખવાનો હક ધરાવનાર માલિકો તરીકે નહિ પણ ટ્રસ્ટીઓ તરીકે ગણાશે. આ જ મુખ્ય તફાવત હશે. ધારો કે તાંબેર ડેલ્ટાનાં ભાતનાં ખેતરો આજે દસ હજાર ખેડૂતો પાસે છે, તેને બદલે પહેલાં એક હજાર ખેડૂતો પાસે, પછી સો ખેડૂતો પાસે, અને છેવટે એક કંપનીના કબજામાં જાય. આમ થવાથી કંઈ ફેર પડવાનો છે ? એનો વહીવટ અને ઉત્પાદન એક મોટી કંપનીના હાથમાં જશે. તે વખતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વખતે પણ ભાત આજની જેમ જ પેદા કરાશે અને લોકોને નક્કી કરેલી કિંમતે અપાશે. જો સરકારને એમ લાગે કે તાંજોર જિલ્લાના ખેડૂતો જમીનનો વહીવટ બરાબર નથી કરતા તો તે બધી જમીન ખરીદી લે ને ગણોતે આપી ખેતી કરાવે. પછી તૈયાર થયેલો ભાત જુદેજુદે ઠેકાણે તે સંઘરી રાખે અને જરૂર પડે તેમ તે લોકોને આપવાનું રાખે, તો તાંજોરની વ્યવસ્થા સામાજિક તંત્રની બને. મદ્રાસ શહેરમાં ફરતી મોટરોનો દાખલો લઈએ. આજે દુનિયાનાં ઘણાં શહેરોમાં ચાલે છે તેમ મ્યુનિસિપાલિટી એ બધી મોટરો લઈ લે અને પોતે જ ચલાવે. આ રીતે કોઈ પણ ગામડું કે જિલ્લો અથવા મ્યુનિસિપાલિટી કે પ્રાંતિક સરકાર પોતાને અનુકૂળ હોય તો ગમે તે ધંધો હાથમાં લેઈ લઈ શકે. અને આ સમાજવાદનું પગથિયું ગણાય. આપણે બધા માલિકીહક, વહીવટ અને મિલકતના ભોગવટા સમાજની માલિકીના કરી મૂકીએ તો સંપત્તિ ભેગી કરવાની અને એકબીજાને છેતરવાની વૃત્તિઓ કાર્યકારણભાવના નિયમાનુસાર ઓછી થઈ જશે. જાહેર મિલકતના વહીવટમાં તાત્કાલિક આવતી ઢીલાશ, કુશળતાની કચાશ અને અપ્રામાણિકતા વખત જતાં નાબૂદ થઈ જશે. આળસ કંઈ મનુષ્યના સ્વભાવની વસ્તુ નથી. માણસનો સ્વભાવ હમેશાં કામ કરવાની વૃત્તિવાળો હોય છે, અને જ્યારે વ્યક્તિ પોતાની જરૂરિયાતો અપ્રામાણિકતા કર્યા સિવાય પૂરી પાડી શકે એમ થશે ત્યારે તે તેનો આશરો કદી નહિ સ્વીકારે. બધી જમીન સરકારના હાથમાં હશે એટલે જમીન ખરીદવા માટે તે ખાનગી પૈસા ભેગા નહિ કરે. ચોરી કરીને અથવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંઘરી રાખવા માટે લાખ રૂપિયા ભેગા કરીને શું કરવાનું છે ? એ તો માત્ર જોવાના જ થાય. આ તો બોજા જેવું બને. ખરો સમાજવાદ અને તેને અંગે ઊભી થતી નવી પરિસ્થિતિ તથા સમાજમાં ફેલાતા વિચારોનો આપણે પૂરે-પૂરો ખ્યાલ કરી શકતા ન હોવાથી આપણે ભાતભાતની મુશ્કેલીઓ કલ્પીએ છીએ. જ્યારે આપણી સમક્ષ આવું ચિત્ર રજૂ થશે ત્યારે આપણા વિચારો સ્વાભાવિક રીતે ગોઠવાઈ જશે.

૪

ખાનગી મિલકતનું તત્ત્વ આજે તો સમાજના પાયામાં જ છે. એ આપણાં હાડમાં ઊંડે સુધી ઊતરી ગયેલું છે. આ મિલકતનો ખ્યાલ કાઢી નાખવો એ કલોરોફોર્મ આપ્યા સિવાય નસ્તર મૂકવામાં આવે તેના કરતાં પણ વધારે પીડાકારી છે. આ નસ્તર જરા પણ પીડા કર્યા વગર કેવી રીતે કરીશું કે જેથી આજના સમાજનું પરિવર્તન થાય ?

સમાજવાદીઓ રશિયામાં બન્યું છે એમ પોતાનો હેતુ હિંસાદ્વારા પાર પાડવાનો વિચાર રાખે. એ હેતુ શાંતિમય માર્ગે અને પ્રચારદ્વારા પણ પાર પાડી શકાય. રશિયાના સમાજવાદીઓ હિંસામાર્ગી હતા. પણ એનો અર્થ એવો નથી કે હિંસા સમાજવાદનું એક અંગ છે. આજની ખાનગી મિલકતની પ્રથા સમાજવાદી સ્થિતિમાં ફેરવી શકાય તે પહેલાં રાજ્યસત્તા આપણા હાથમાં લેવાની જરૂર હોઈ શકે. પણ રાજ્યસત્તા શાંતિમય તેમજ હિંસાના માર્ગે લઈ શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જો જનસમાજનો મોટો ભાગ ખરેખર આપણા પક્ષમાં હોય તો બળ વાપરવાની જરૂર ઊભી ન થાય. શક્તિપ્રધાન લઘુમતી જ હિંસાનો આશ્રય લેવા જાય છે. મુખ્ય વસ્તુ તો, કામ અને મિલકતની સમાન વહેંચણી એ જ વસ્તુસ્થિતિનું સાચું સ્વરૂપ છે એ વાતની લોકોને ખાતરી થાય, એ જ છે.

ખાનગી મિલકતનું તત્ત્વ વહેમ જેવું ઘર કરી બેઠું છે. ધનિકો તો એ તત્ત્વમાં માને છે એટલું જ નહિ પણ ગરીબોને પણ એમ મનાવવામાં આવે છે કે એમના જીવનનો આધાર ધનિકોની મિલકત ઉપર છે, તેથી પોતાના સ્વાર્થને ખાતર પણ એમણે ધનિકોને ટેકો આપવો જોઈએ. આ વહેમ દૂર કરાવવાને સમાજવાદી કાર્યકર્તાઓએ સત્ય અને શાસ્ત્રીય માહિતીના આધાર સાથે સતત પ્રચાર કરવાની જરૂર છે. સમાજવાદની મુશ્કેલીઓ સમજવી એ માણસ જેવું જમીન ઉપર વસનાર પ્રાણી માછલીની મુશ્કેલીઓ સમજવાનો પ્રયત્ન કરે એના જેવું છે. એને એમ લાગ્યા કરે કે નહાવા માટે અથવા તરવાની હરીફાઈ માટે તેણે પાણીમાં પડવું જોઈએ, પણ નિરાંત તો જમીન ઉપર આવે ત્યારે જ લાગે. પણ જો આપણે માછલી જ બની જઈએ તો આજે આપણને જમીન ઉપર રહેવામાં મુશ્કેલી નથી લાગતી તેમ પાણીમાં રહેવામાં પણ ન લાગે.

આ બાબતમાં ગાંધીજીના વિચારો શા છે તે કેટલાક જાણવા ઇચ્છે છે. મારું અનુમાન છે કે મિલકતની બાબતમાં તેમના વિચારો સમાજવાદી જેવા જ ઉગ્ર છે. પણ હિંસાને પરિણામ લાવવાના એક સાધન તરીકે તે ધિક્કારે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે જ્ઞાતિપ્રથા પ્રત્યે નાપસંદગી દર્શાવનારા મિત્રોને હું ચેતવણી આપું છું કે સમાજવાદી વ્યવસ્થામાં જ્ઞાતિવ્યવસ્થાનું પુનરાવર્તન થવાનું છે. આપણને આજે ભલે ન ગમતું હોય, તોપણ જ્ઞાતિવ્યવસ્થાની નવી પ્રથા આવવાની જ છે. આ બાબતનો દાખલો આપું. બોલ્શેવિક રાજ્યવ્યવસ્થામાં આપણને સાઇકલની જરૂર પડવાની. સમાજનો એક એવો વર્ગ ઊભો થવાનો જે બાઇસીકલો બનાવશે અને તે સ્વાભાવિક રીતે જ તે બનાવવાની કળામાં નિપુણ બનતા જશે. સાઇકલનું કારખાનું કાઢવાની બધાને રજા નહિ મળે. મારી પાસે ખૂબ પૈસા હોય અને હું તે ખરીદી લેવા ઇચ્છું તોપણ સરકાર મને તેમ નહિ કરવા દે. વેપારી સંઘમાં બાઇસીકલ બનાવનારનું એક પ્રમાણિત મંડળ થશે. એટલે ભલે જુદી જ્ઞાત ન ગણીએ, તોપણ બાઇસીકલ બનાવનારાનો એક વર્ગ તો રહેશે જ. એ જ રીતે જુદાજુદા ધંધામાં સતત રહેનારાઓની જુદીજુદી જ્ઞાતો પડી જશે. સમાજવાદની સ્થાપના પછી સો વર્ષે આપણે આ દુનિયામાં ફરી જન્મીએ તો જોઈ શકીએ કે જ્ઞાતિપ્રથાનો જૂનો રાક્ષસ નવા સ્વરૂપમાં પાછો આવી ગયો છે. પણ આ રાક્ષસ વિષ રેડનારો નહિ હોતાં સારી જાતનો હશે. બધા જ રાજ્યના સેવકો હોવાથી કોઈનું સામાજિક સ્થાન ઊંચુંનીચું નહિ રહે. તેમજ અસમાનતા, ઊંચીનીચી સ્થિતિ, અને લાગવગ લાવનાર ખાનગી મિલકત પણ નહિ દેખાય. જો કોઈ સાઇકલ બનાવનાર પોતાનું કામ બરાબર ન કરતાં આળસુ અને કાળજીવગરનો થઈ જાય તો સાઇકલ બનાવનારાનું મંડળ તેને મંડળબહાર મૂકશે અને રાજ્ય તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

17220 63 II

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપીલ નહિ સાંભળે. તેને ખેડૂત થવા માટે ખેતીનું જ્ઞાન નહિ હોય. તેની પાસે મિલકત નહિ હોય. જમીનનો ટુકડો ખરીદી લઈને તે આળસુ જમીનદાર નહિ બની શકે. આજે સરકારી ઑફિસમાંથી રજા અપાયેલા કારકુન કરતાં પણ તેની સ્થિતિ વધારે દુઃખદ બનશે. સમાજવાદી તંત્રમાં દરેક વ્યક્તિએ જવાબદારીનું ભાન રાખવું પડશે અને પોતાના હૃદયમાં સામાજિક હિતની લાગણી કેળવવી પડશે. મંડળ-બહાર થયેલા માણસની દશા ભયંકર બનશે. જગત આખાનો વિચાર કરીએ તો તેમાં સંપૂર્ણ સગવડો છે. આપણને દુઃખી કરનાર તો મિલકતની અસમાન વહેંચણી છે એવી માન્યતા ઉપર સમાજવાદની આખી કલ્પના રચાઈ છે. જો દુનિયાની અનુકૂળતાઓ તેના બધા લોકો માટે પૂરતી હોય તો તેનો પ્રત્યેકને સમાન હિસ્સો આપવો જોઈએ. સમાજવાદ ઈશ્વરી તંત્ર અને જગતની વિપુલતામાં શ્રદ્ધા ધરાવે છે. દુનિયા તેમાં વસતા લોકો માટે પૂરતી છે કે નહિ તે જોઈ લેવું જોઈએ. જે કોઈ એમ કહેતું હોય કે ખાનગી મિલકતની પદ્ધતિ સિવાય ન જ ચાલી શકે અને બધું રાષ્ટ્રની મિલકત બનાવવાનું ધોરણ નહિ ચાલી શકે, તેમને ઈશ્વરમાં તેમજ જગતની વિપુલતામાં શ્રદ્ધા નથી એમ કહેવું જોઈએ. તે એમ માનતો લાગે છે કે આ દુનિયા બધા માટે પૂરતી નથી અને થોડાક માણસો જ સુખી થઈ શકે. આ નાસ્તિકતા છે.

એક પિતા પોતાના પાંચ પુત્રોને કહે, "તમારે માટે હું આ મિલકત મૂકતો જાઉં છું તે તમારે બધા વાસ્તે પૂરતી છે." પણ દીકરાઓ કહે, "એ પૂરતી નથી, અમારામાંથી

Gurukula Kangri Library

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડાક જ સુખી થશે. બાકીનાને તો દુઃખ જ મળવાનું. તે માટે સૌથી મોટા ભાઈને જ તે ભોગવવા દો.” આ સાચું છે? સમાજવાદ એ હિંદુ સંયુક્તકુટુંબની પદ્ધતિનું આખા દુનિયાને લાગુ પાડી શકાય તેવું વિકસિત સ્વરૂપ છે. પણ સમાજવાદ માટેની પ્રવૃત્તિ હિંસાના આશ્રય વિના કરવા જોઈએ. આપણી દોલતમાં પ્રેમ એ વધારેમાં વધારે કીમતી વસ્તુ હોવાથી આપણી પ્રત્યેક પળ લાગણી કેળવવા માટે જ વાપરવી જોઈએ.

સમાજવાદી રાજ્યમાં બધી વસ્તુઓ એકદમ ન કરી નાખતાં ધીમેધીમે કરવાની હોય છે એ વાત હું સમજાવતો રહ્યો છું. શરૂઆતમાં તો આપણે કેટલાંક કાર્યો ખાનગી વહીવટ તરીકે ચલાવવા માટે રાખવાં પડશે અને બાકીનાં જાહેર વહીવટથી ચાલશે. ધીમેધીમે ખાનગી વહીવટનાં કાર્યો જાહેર વહીવટનાં બનતાં જશે. પૈસા આપીને જે ચીજો મેળવીએ છીએ તેમાંની કેટલીક, આજે જેવી રીતે નળમાંથી પાણી મળે છે કે મેળા અને ઉત્સવો વખતે તરસ છિપાવવા છાશ મળે છે અથવા ટપાલ ઑફિસેથી ફૉર્મ મળે છે એ રીતે, સમાજસેવકની પાસે માગણી કરતાં જ મળશે. કેટલાંક ગામડાંમાં આજે પણ ગામડાના વાળંદને પૈસા આપ્યા સિવાય હજામત કરાવી શકાય છે. એ જ રીતે પૈસા ખરચ્યા વગર ગામડાના ધોબીની સેવા મળી શકે. સમાજવાદી તંત્રમાં આ જ રીતે દાક્તરની સેવા મળી શકે, ઝાડુ વાળનારની સેવા મળી શકે અને અનુકૂળતા હોય તો રાંધેલો ખોરાક પણ મળી શકે. માલ લાવવા લઈ જવાની સગવડોનું પણ એમ જ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રેલવે ગાડીઓ દોડતી રહેશે અને જેને જરૂર હોય તે તેમાં બેસે. તે માટે તેણે ભાડું આપવાપણું નહિ હોય. આપણા કુટુંબનું ગાડું હોય તો જેને જરૂર હોય તે તે ગાડું વાપરી શકે, એ જ રીતે સમાજવાદી તંત્રમાં બધાને માટે પૂરતી ગાડીઓ દોડતી હોય તો કોઈએ શા માટે ભાડું આપવાનું હોય? જેને કામ હોય તે વગરપૈસે મુસાફરી કરે. આ રીતે આજે પૈસા આપીને મેળવવી પડતી ઘણી વસ્તુઓ માટે પૈસા આપવાના નહિ રહે.

રાજ્યનું મુખ્ય કાર્ય ખોરાકની વહેંચણીનું હશે. એટલે કોઈએ પોતાના ખોરાક માટે ખર્ચ કરવાનું નહિ રહે. પણ એટલું યાદ રાખજો કે દરેકે કામ તો કરવું જ પડશે. આળસુ પડી રહીને તમે આ બધી સગવડો નહિ મેળવી શકો. દરેકે સામાજિક જીવનમાં પોતાનો હિસ્સો ભરવો પડશે.

માખીઓના મધપૂડાનો દાખલો લઈએ. દરેક માખીને પૂરતો ખોરાક મળે છે. તેમને કંઈ પગાર અપાતો નથી. બધી કામ કરે છે અને બધીને ખાવાનું મળે છે. કામ એ તો સામાજિક ફરજ છે અને તે બદલ યોગ્ય બદલો અપાશે. માણસો જે કામ માટે યોગ્ય હશે તે કામો તેમને સોંપાશે. કામ કરવા બદલ ઓછાવત્તા પ્રમાણમાં પૈસા આપવાના હોય ત્યાં જ કેટલાંક કામ ઊંચાં અને કેટલાંક નીચાં ગણાય છે. સમાજવાદી તંત્રમાં તો બધાં જ કામ ઊંચાં ગણાશે, અને બધાં જ આવશ્યક તથા તાકીદનાં ગણાશે. એટલે દરેકને લાયક જે કામ હશે તે તેને સોંપાશે. આજે જે દાક્તર સરસ કામ કરે તેને સરકાર ખિતાબ આપે છે, પણ જે ઝાડુવાળો

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરસ કામ કરે એની તો સામું પણ જોવામાં આવતું નથી. સમાજવાદી તંત્રમાં તો જે કોઈ સારું કાર્ય કરશે તેને યોગ્ય માન આપવામાં આવશે. તે વખતે એક ઝાડુવાળાને પણ અહીંથી બનારસ સુધી મુસાફરી કરવાનો, ઇચ્છે તો હકની રજા લેવાનો અને ઊંચી જાતનાં ભોજન મેળવવાનો તથા થિયેટરોમાં જવાનો અધિકાર હશે. દરેક સ્થળે તેને જરૂરી સગવડો મળે તે માટે સૂચના અપાઈ હશે. આ ઉપરથી તમને સમજાશે કે માન આપવાની આજની પદ્ધતિ હંમેશ ચાલવાની નથી. એ તો સંજોગવશાત જ છે. વખત એવો આવશે કે આજે ઘરમાં માતાનું સ્થાન સૌથી ઊંચું ગણાય છે, તેમ રાજ્યમાં ઝાડુવાળાનું સ્થાન બધાથી ઊંચું હશે. જે કાર્યમાં વધારેમાં વધારે ધ્યાન આપવાનું હશે અને જે અનેક મુશ્કેલીઓ અને તકલીફો છતાં પાર પાડવાનું હશે તે કામ કરનાર વધારે માનને પાત્ર બનશે. ઝાડુવાળાનાં જેવાં કેટલાંક કામ મુશ્કેલ અને પસંદ ન પડે એવાં ગણાતાં હોવાથી તે સ્વીકારવા લોકો ઝટ તૈયાર નહિ હોય. હું જાણું છું કે ઘરમાં પણ કેટલાંક કામ પસંદ પડે એવાં નથી હોતાં, અને આવાં કામો વધારેમાં વધારે ત્યાગ કરવા જેની તૈયારી છે અને જેનું માન સૌથી વિશેષ છે તેણે કરવાનાં આવે છે. આજે પણ કેટલાક આશ્રમોમાં નાપસંદ કામો ત્યાગીઓએ જ કરવાં પડે છે. તે બદલ તેમનું માન પણ ખૂબ હોય છે.

એ જ રીતે સમાજવાદી વ્યવસ્થામાં એવી કેટલીક ત્યાગી વ્યક્તિઓ હશે જે માંદાંની માવજત કરવાનું તેમજ મંદાં કપડાં સાફ કરવાનું કામ કરવા તૈયાર થશે. તેવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યક્તિઓને બીજું કામમાં રોકાયેલી વ્યક્તિઓ કરતાં દસ-ગણું માન મળશે. ચાલુ જમાનામાં પણ લડાઈમાં જવા જેવાં સૌથી અપ્રિય કાર્યનો વિચાર કરો. જીવ ખોવાનો બીક હોવા છતાં ઘણા લોકો મોખરે જવા તૈયાર થાય છે, કારણ કે તેમ કરવાથી તેમની કીર્તિ વધે છે. આવશ્યક અને મુશ્કેલ કામો કરનારને હમેશાં બદલો મળવાનો. આજે મુશ્કેલ અને અશક્ય ગણાતી કેટલીક બાબતો સમાજવાદી વ્યવસ્થામાં વિકાસ પામેલા જ્ઞાન તેમજ વધેલી સંપત્તિ અને આબાદીને કારણે શક્ય અને ઓછી મુશ્કેલ બની જશે. ઝાડુવાળાનું કાર્ય મુશ્કેલ નહિ રહે. આ માટે દરેક વ્યક્તિએ ખાસ મહેનત ઉઠાવવી પડશે, અને અમુક એક વર્ગને જ માથે તે કામ ઠોકી બેસાડી તેમની પાસે તે કરાવવાની આશા નહિ રાખી શકાય. ગરીબ માણસને ત્યાં 'ફ્લશ'નો જાજરૂ આવશે. તમે યુરોપ જાઓ અને કરકસરથી રહેવા ઇચ્છો તો તમારે બોર્ડિંગમાં રહેવું પડે. ત્યાં રાત્રે પેશાબ કરવા માટેની સવળી વ્યવસ્થા તમારે જ કરી લેવી પડે. આ કામ હલકું નથી ગણાતું. ઊંચામાં ઊંચી કોટિના માણસો તે કરે છે. સમાજવાદી રાજ્ય હલકાં કાર્ય કરવાનું અમુક વર્ગને માથે નહિ ઠોકી બેસાડે.

આ માટે તમારે સમાજવાદી વ્યવસ્થા આવે ત્યાં સુધી રાહ જોવાની પણ નહિ રહે. થોડાંક વર્ષોમાં આ જ સ્થિતિ હશે તોપણ ઝાડુવાળા નહિ મળે અને એ કામ તમારે જાતે જ કરવાનું થશે. હું તો આ માટે દસ વરસની મુદત જ માનું છું. ત્યારબાદ તમને ઝાડુવાળાની ન્યાત નહિ દેખાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ કારણે દસ વર્ષ સુધીમાં તમારે તમારી જાતે તે કામ શીખી લેવું જોઈશે અને તમારાં બાળકોને તેની તાલીમ આપવી પડશે. તમારી માગણી હશે તો એ કેમ કરવું તે હું તમને બતાવીશ. નહિ તો પછી વખત આવ્યે તમને ખૂબ તકલીફ પડશે.

એક જમાનામાં હું આઠ રૂપિયાના પગારે રસોઇયો રાખતો. વખત જતાં તે રકમ બાર, પંદર, ચાલીશ સુધી પહોંચી અને મેં રસોઇયાને સાઠ રૂપિયા પગાર પણ આપ્યો છે. ધારો કે તમે ગરીબ હો. તમને રાંધતાં આવડતું ન હોય, અને રસોઇયા ઉપર આધાર રાખવો પડે તો તમે શું કરશો ? અને ઝાડુવાળો તો થોડા વખતમાં રસોઇયા કરતાંયે વધારે રકમ માગતો થઈ જશે. મારું ચાલે તો હું તો આજે જ ઝાડુવાળાને રૂપિયા ચાલીશ માગવા સૂચવું. એ કહે, ' તમે મને રાખવાને બંધાયેલા નથી, પણ તમારે મારી જરૂર હોય તો મહિને રૂપિયા ચાલીશ આપવા પડશે. ' ઝાડુવાળાને કામ કર્યા પછી નહાવાની, કપડાં બદલવાની, ગાડીમાં ફરવાની અને સુંદર ખાણું મેળવવાની સગવડ હોવી જ જોઈએ. ઘણા સુધરેલા દેશોમાં આજે પણ એવી સ્થિતિ છે.

એક વખત રસોઈ કરવાનું કામ હલકું ગણાતું. પણ આજે તો ભોજનાલયોના માલિકો માન આપવા યોગ્ય લેખાય છે. તમે કેટલાયે રસોઇનું કામ કરનારાને કપડાં બદલી મોરની જેમ મગ્ન કરતા જોયા હશે. દસ વર્ષમાં વસ્તુસ્થિતિ ખરેખર બદલાવાની છે અને તમારે તેને માટે તૈયાર રહેવું પડશે. ફરી-ફરીને કહેવાથી તમને કંટાળો ઊપજે છતાં પણ મારે કહેવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈએ કે તમારે સૌથી પહેલું પેશાબ તથા ઝાડા માટેની જગાઓ એટલી સ્વચ્છ અને સુઘડ રાખતાં શીખવું જોઈએ કે આપણે જ્યારે જ તે કામ કરી શકીએ. આ કામ તમારે જાતે જ કરવાનું છે અને નહિ કે એ માટે નિર્માયેલી બીજી વ્યક્તિએ, એની ભાવના તમે કેળવો તો તે કરવામાં મુશ્કેલી નહિ લાગે. આટલું તમે નહિ શીખો ત્યાં સુધી માંદાની માવજત કરતાં તમને નહિ આવડે. સમાજવાદમાં ઝાડુ વાળવાનું કામ સૌથી પહેલું આવે છે, કારણકે જીવનનું તે એક અગત્યનું કાર્ય છે. ખાવાની બાબતની જેમ આમાં પણ સ્વચ્છતા એ આવશ્યક વસ્તુ છે. આટલું તમને ન આવડે ત્યાં સુધી તમે રાજ્યનું તંત્ર ન ચલાવી શકો. હિંદમાં સ્વરાજ્ય સ્થપાય અને દરેક વ્યક્તિ પોતાને સમાન હક ધરાવનાર નાગરિક માને ત્યારે ઝાડુવાળા ચીનથી નહિ મંગાવી શકો.

૫

ગઈ લડાઈ વખતે જર્મનીના વિજ્ઞાન અને રશિયાના બોલ્શેવિઝમ વિષે અનેક જૂઠાણાં ફેલાવવામાં આવ્યા હતાં. જ્યારે જર્મની દરેક દિશામાં વિજ્ઞાનનો ઉપયોગ કરવા લાગ્યું ત્યારે તેના દુશ્મનોએ એવી વાતો ફેલાવી કે તે માણસો અને પ્રાણીઓનાં મૂડદાંમાંથી ખોરાક અને પીણાં તૈયાર કરતું હતું અને તેને ઉપયોગમાં લેતું હતું. આ વસ્તુ જર્મની સામે ધિક્કાર ઉત્પન્ન કરવા અને તેને શરણે લાવવા કરવામાં આવતી હતી. આજે ખબર પડી છે કે એ બધું જૂઠાણું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ જ રીતે રશિયાના સમાજવાદીઓ સામે ધિક્કારની લાગણી ઉત્પન્ન કરવા એના દુશ્મનોએ વાત ઉડાવી હતી કે તે લોકોએ લગ્નની પ્રથાને તિલાંજલી આપી હતી અને ત્યાંનાં સ્ત્રીપુરુષો સ્વચ્છંદી રીતે રહેતાં હતાં. આજે એ પણ જણાયું છે કે આવી વાતો એ માત્ર ગપો જ હતી. જૂઠાણાનું આયુષ્ય લાંબું હોય છે. એ જૂઠાણું હોવાની ગમે એટલી ખાતરી આપીએ, તોપણ એ ગપ પુનર્જન્મ પામતી જ રહે છે.

સમાજવાદી તંત્રમાં જમીન સમાજની માલિકીની રહેશે, ધંધા રાષ્ટ્રીય ધોરણે ચાલશે અને દરેક વ્યક્તિ જાહેર સેવક બનશે એમ મેં જણાવેલું હોવાથી, જાણે સ્ત્રીઓ એ મિલકત કે ધંધાની વસ્તુ હોય એમ માની એક ભાઈ પૂછે છે, કે સ્ત્રીઓનું શું થશે? સ્ત્રીઓને આ રીતે મિલકતની વસ્તુ ગણવી એ કલ્પના જ ભૂલભરેલી છે. એટલે બધી મિલકત રાષ્ટ્રની માલિકીની થઈ જાય તો સ્ત્રીઓને 'રાષ્ટ્રની માલિકી'ની કરવામાં આવશે એવો વિચાર આણવો એ ભૂલ છે. સ્ત્રીઓ પણ પુરુષોની જેમ જીવન્ત વ્યક્તિ છે, અને તેમને પણ આત્મા છે. એટલે જેમ એક પુરુષ બીજા પુરુષનો ગુલામ ન હોઈ શકે, તેમ એક સ્ત્રી બીજી સ્ત્રી કે પુરુષની મિલકત ન હોઈ શકે. એટલે સ્ત્રીઓને રાષ્ટ્રીય માલિકીની બનાવવાની વાત ઊભી જ થતી નથી. જ્યાં સુધી મનુષ્ય-સ્વભાવ આજે છે તેવો જ રહેશે અને નાનાં બાળકોને લાંબા વખત સુધી પાળવાંપોષવાનાં રહેશે ત્યાં સુધી લગ્ન અને કાટુંબિક જીવન ટકશે જ. તમે માયને વાછરડાનો જન્મ આપતાં જોઈ હશે તો જોયું હશે કે નાનું વાછરડું મનુષ્યના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળક કરતાં એટલી ઊંચી કોટિનું છે કે તે પહેલે જ દિવસે ઊભું રહી શકે છે અને આમતેમ કૂદી શકે છે. મનુષ્ય અને પ્રાણી વચ્ચે આટલો તફાવત છે.

જેમ જેલવાસીઓને મિષ્ટાન્ન સરસ છે એમ લાગે છે, તેમ જેમને લગ્નજીવન પવિત્રપણે ગુજારવું પડે છે તેઓ એમ માનતા લાગે છે કે સ્વચ્છંદી રીતે રહેવામાં મજા છે. પણ જો તમે ઘણા દિવસ સુધી મિષ્ટાન્ન ખાધા કર્યાં તો થોડા વખતમાં જ તમને ભાત અને આમલી ખાવાની ઇચ્છા થશે. એ જ રીતે વેશ્યાઓ અને સ્વચ્છંદી જીવન ગાળનારને લગ્ન કરવાની તથા વ્યવસ્થિત તેમજ પવિત્ર કૌટુંબિક જીવન ગાળવાની ઇચ્છા થયા કરે છે. મનુષ્યસ્વભાવમાં કૌટુંબિક જીવનની ભાવના એ કાયમેશાં જડાયેલી વસ્તુ છે. પત્નીની ઇચ્છાવિરુદ્ધ તેના ઉપર થતો જુલમ અસ્વાભાવિક છે. તે અંધ થયા વગર નહિ રહે. પણ કૌટુંબિક જીવન એ સ્વાભાવિક વસ્તુ છે અને તેમાં જુલમને સ્થાન નથી. વખત જતાં છૂટાછેડા કરવાનું આજના કરતાંયે સુગમ થશે. પણ છૂટાછેડાનું તત્ત્વ દાખલ થતાં નાનકાં છોકરાં વધી જવાની વિષમ પરિસ્થિતિ આવી રહેશે, એટલે છૂટાછેડા કાયદાની અગવડને લીધે અટકે કે ઓછા થાય તેના કરતાં મનુષ્યસ્વભાવ તેમને વધારે અટકાવનાર બનશે. જેવી રીતે બે મિત્રો એકબીજાની લાગણીને માન આપીને રહે છે કારણકે કોઈ એકનું વર્તન ખરાબ થતાં બીજાને છૂટા પડવાનો અધિકાર છે, તેવી જ રીતે છૂટા પડવાની પરિસ્થિતિ ઊભી ન થાય તે માટે પતિ અને પત્ની પણ એકબીજા પ્રત્યે સાવધાનીભર્યું વર્તન રાખશે અને એકબીજાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગણીને ધ્યાનમાં લેશે, અને આમ થતાં તેમની વચ્ચેના સંબંધો વધારે સારા બનશે. આમ હોવાથી સમાજવાદી સ્થિતિમાં માબાપ જાહેર સેવક બનીને પોતાનાં બચ્ચાંની બરાબર દરકાર રાખશે, અને કૌટુંબિક જીવનની પ્રથા જીવતી રહેશે. જો કોઈ પિતા પોતાનાં બાળકની પૂરતી સંભાળ નહિ લે તો સમાજવાદી સરકાર તે બાળકને ઉછેરવા જરૂરી ગોઠવણ કરશે અને તેના પિતાને બેદરકારી માટે સજા કરશે. આજે બાળકોને કેમ ઉછેરવાં તેનું જરા પણ જ્ઞાન હોવા સિવાય હું મારાં બાળકોને સજા કરું તો રાજ્ય વચ્ચે નહિ પડી શકે. મને કોર્ટમાં લઈ જવામાં આવે તો હું કહી શકું: "તે મારો છોકરો છે. તે હજી કાચી ઉંમરનો છે. હું તેને ગમે તે કરી શકું; તેને સજા પણ કરી શકું." બોલ્શેવિક વહીવટમાં એમ નહિ આલે, કારણ કે મારું સ્થાન તો બાળકને ઉછેરવા માટે રાજ્ય તરફથી મુકાયેલી વ્યક્તિ જેવું બનશે. તે બાળક ઉપર મારો કાંઈ અધિકાર નહિ હોય. આ રીતે પત્ની તેમજ બાળકની બાબતમાં કૌટુંબિક જીવનનાં સારાં તત્ત્વો ચાલુ રહેશે, જ્યારે બરાબ તત્ત્વો દૂર કરવામાં આવશે.

આજકાલ તમે ગામડામાં જઈને જોશો તો કેટલાંયે ઘરોમાં પતિ અને પત્ની વચ્ચે કલહ નજરે પડશે. પતિ રાતના દારૂ પીને આવ્યો હશે અને સવાર સુધી પત્નીને માર માર્યા કરતો હશે. આવા પતિઓના ત્રાસમાંથી પત્નીઓને બચાવવાની રાજ્યને સત્તા રહેશે. આજે જો કોઈ પતિ પોતાની સ્ત્રી સાથે બરાબ વર્તન ચલાવે તો આપણે કહીશું, 'સ્ત્રીનું નસીબ જ એવું છે. ઈશ્વરની મરજી હોય તેમ થાય. ગયા જન્મનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરમનાં ફળ ભોગવતી હશે, વગેરે.' પણ સમાજવાદી સરકાર તો કહેશે: "ભલે એમ હોય, પણ એવું માનવાનો વખત આવે તે પહેલાં અમને ઉપાય અજમાવી લેવા દો." ગમે તેમ તોયે માણસ સંપૂર્ણ તો નથી જ. એટલે કેટલીક ભૂલો સુધારીએ તો બીજી નવી ભૂલો પણ થાય. છતાં પરિણામ સરવાળે સારું આવ્યું કે ખરાબ એ જોવું જોઈએ.

બોલ્શેવિક તંત્રમાં તમને સામાન્ય રીતે લગ્નની બાબતમાં સ્વતંત્રતા હશે. પણ તે દરેકને નહિ. ધારો કે કોઈ કાટુંબિક જીવન ગુજારવા માટે નાલાયક હોય તો તેને લગ્ન કરવાની રજા નહિ મળે. જે માણસને એન્જિન ચલાવતાં નહિ આવડતું હોય તેને એન્જિનડ્રાઇવર બનાવવામાં નહિ આવે. એ એન્જિનોની સંખ્યા કુટુંબો જેટલી મોટી હોતી નથી. આપણી પાસે જે થોડી સંખ્યામાં એન્જિનો હોય તે માટે લાયક એન્જિનિયરો આપણે પૂરતી સંખ્યામાં મેળવી શકીએ. પણ કુટુંબોની સંખ્યા તો વધારે હોવાથી બીજી અને ત્રીજી કોટિના માણસોને લગ્ન કરવાની છૂટ આપવી પડશે. જેને અસાધ્ય રોગ લાગુ પડ્યો હશે તેને લગ્ન કરવા દેવામાં આવશે નહિ. ખાનગી મિલકતની પ્રથા હોવાથી જ શક્તિવિનાનાં માણસોને લગ્ન કરવાનું શક્ય બને છે. મને પત અથવા લકવો થયો હોય પણ મારી પાસે પુષ્કળ પૈસા હોય તો હું એક કમનસીબ બાળાનો ભોગ લઈ શકું. પણ જો મિલકતનું જ અસ્તિત્વ ન હોય તો એક પતિયાને કોણ પરણશે? એટલે આવી બાબતમાં કાયદાની જરૂર પણ નહિ રહે. કાયદા તો કમનસીબ પરિસ્થિતિ અટકાવવા માટે જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેશે. શારીરિક રોગો ઉપરાંત વિકૃત સ્વભાવ, દરેકની ભૂલ કાઢવાની વૃત્તિ અને માર મારવાની કુટેવ જેવી માનસિક અસ્થિરતાની સ્થિતિને પણ રોગ જેવી ગણવામાં આવશે. એવા માણસોને એક રકતપીતિયાની પેઠે જ પરિણીત જીવન માટે નાલાયક ઠરાવવામાં આવશે. અને આવી સ્થિતિની સાબિતી પૂરી પાડતાં છૂટાછેડાની રજા આપવામાં આવશે. આ સાંભળતાં તમને ભડકવા જેવું લાગતું હશે. એમ ન માની લેતા કે જરાક તકરાર થતાં જ તમારાં પત્ની કચેરીમાં દોડી જઈ છૂટાછેડાનો હુકમ મેળવી લાવશે. જો પોતાની પત્ની વધારે તકરારી હશે તો તેનો પતિ તેને વધારે ચાહશે. એ જ રીતે નાની તકરારો માટે પત્ની પણ પોતાના પતિને માફી આપશે.

બોલશેવિઝમ અને એવા રિવાજોનો આધાર તો ચાલુ પ્રથા અને પરિસ્થિતિ ઉપર રહેશે. દેશમાં દુકાળ અથવા બીજું સંકટ આવી પડવાથી રાજ્યની વસ્તી ઘટી જાય તો લોકોને લગ્ન કરવા માટે સ્વાભાવિક રીતે ઉત્તેજન આપવામાં આવશે. અનેક પત્ની કરવાની અને બોલશેવિઝમની છૂટ પણ આપવામાં આવે. પણ એ બધાનો આધાર પરિસ્થિતિ ઉપર જ રહેશે. મુખ્ય હેતુ તો ઊંચી કોટિનાં પુરુષો અને સ્ત્રીઓ વધારવાનો જ હશે. એ જ રીતે લગ્નનો આધાર માણસના ધંધા ઉપર પણ રહેવાનો. લડાઈમાં જનાર સિપાઈને લગ્ન કરવાનું નહિ હોય. એવું જ કાંઈ પોતાના ધંધા પાછળ આખો વખત ગાળનાર દાક્તરની બાબતમાં થવાનું.

પણ બોલશેવિઝમની બધી બીનતોનાં ધારાધોરણો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નક્કી થયાં નથી. મિલકતના વહીવટની પદ્ધતિ બદલવામાં આવશે અને સગવડ હશે તેવી જાતના નિયમો દાખલ કરવામાં આવશે. આજે આપણે ચર્ચા કરીએ તે માત્ર કલ્પનાઓ ઉપર જ હોવાની. મુખ્ય સવાલ એ છે કે મિલકતની વહેંચણી હંમેશ માટે અસમાન રહેવી જોઈએ અને પોતાને જરૂર હોય તે કરતાં પણ વધારે મિલકતનો બાપ તરફથી મળતો વારસો દીકરાને મળવી જોઈએ કે તે બધા વચ્ચે અને બધાના હિત અર્થે સરખે ભાગે વહેંચાવી જોઈએ ?

સહકારની પ્રવૃત્તિમાં ઉત્સાહ ધરાવનાર એક ભાઈ પૂછે છે કે આજની સહકારી પદ્ધતિ પૂરતી નથી ? આનો જવાબ નકારમાં છે. જે રીતે ધર્માદા ખાતાં કે ગરીબોને દાન પૂરતાં ન ગણાય એ રીતે ધનિકો તરફથી ગરીબો તેમજ દુખિતોને કાયમી કે થોડા વખત માટે ધન મળ્યા કરે એમ આપણે માગતા નથી. હું વ્યાજના હલકા દરથી મારા પૈસા તમને ધીરીને મારી મૂડી વડે તમને મદદ કરું, પણ તમારે પ્રામાણિક રહીને મારી પૂરી રકમ પાછી વાળવી જોઈએ. મારી આ લોન માટે તમે બધા જ સંયુક્ત રીતે જવાબદાર બનો. પણ આ તો શીંગડાં જેવા ઉપાયો છે. છેવટનો ઉપાય તો મિલકતની સમાન ધોરણે વહેંચણીનો છે. સહકારની પ્રવૃત્તિ એ અસમાનતાના રોગ માટેનો ઉપરચોટિયો ઉપાય છે. આપણે તો રોગનું મૂળ કાઢવા માટે બધાને અસરકારક ઉપાયની જરૂર છે.

બોલ્શેવિઝમમાં કળા અને વિજ્ઞાનનું શું થવાનું ? આને જરૂર રાજ્ય તરફથી ઉત્તેજન મળશે. મારી ઇચ્છા મારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘરમાં સુંદર ચિત્ર રાખવાની થાય. થોડા દિવસ માટે તે મારા ઘરમાં રહે પણ બધાને જોવાનું મન થાય તેટલું સુંદર તે હોય તો મારે તેને ચિત્રશાળામાં રાખવું પડે. તેને મારી મરજી આવે ત્યારે કબાટમાં મૂકી ન દેવાય કે ગમે ત્યારે ખુલ્લું ન કરાય અથવા તો એની નજરમાં આવે તેવી કિંમત ન લેવાય. વિજ્ઞાનનો વિકાસ ખાનગી મિલકત વધારવા અર્થે કરવામાં નહિ આવે પણ સર્વના લાભાર્થે કરવામાં આવશે.

વ્યક્તિ પાસે પૈસા રાખવામાં આવશે કે નહિ? જવાબમાં હા કહેવાની છે. પોતાની રોજની જરૂરિયાતો માટે તેમજ જે વસ્તુઓ રાજ્ય તરફથી મળતી ન હોય તે ખરીદવા માટે વ્યક્તિઓ પાસે થોડીક રકમ રહેશે.

આજની જેમ દેશમાં વેપાર ચાલતો રહેશે? આજનો વેપાર વ્યક્તિવ્યક્તિ વચ્ચેનો છે. પણ સમાજવાદી વ્યવસ્થામાં વેપાર રાષ્ટ્રો વચ્ચેનો હશે. દરેકને જિંદગીની ઓછામાં ઓછી જરૂરિયાતો પૂરી પાડવાની ખાતરી આપવામાં આવશે. આપણી પ્રગતિ થતી જશે તેમ વ્યક્તિગત ચિંતાઓ ઓછી થતી જશે અને બધાંને માટેનું ધોરણ સમાન થતું જશે.

મિલકત વારસામાં મળવાની નહિ હોય તો પછી નિરાધાર બાળકોની દરકાર કેવી રીતે લેવાશે? બોલ્શેવિક વ્યવસ્થામાં માંદાં અને અશક્તોની દરકાર રાજ્ય તરફથી લેવાશે. જુદીજુદી સ્થાનિક સંસ્થાઓ તેમજ રાજ્યનું તે કામ ગણાશે. હું રાજ્યને લખી શકીશ કે મારા કુટુંબની અમુક જાતની પરિસ્થિતિ છે અને હું મારા પહેલા દીકરાને એન્જિનિયરિંગમાં, બીજાને ખેતીવાડીમાં અને ત્રીજાને સુથારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામમાં મૂકવા ઇચ્છું છું. આ બાબતમાં રાજ્ય તરફથી ઘટતાં પગલાં ભરાશે. કેટલીક બાબતોમાં કામ ઓછું રહેશે અને કેટલીકમાં કામ વધી જશે. નવાં શરૂ કરવાનાં કાર્યો માટે રાજ્ય તરફથી ખાસ ખાતાં ઊભાં કરવામાં આવશે. રાજ્યનું કામ વધતું જશે તેમ વ્યક્તિનું ઘટતું જશે. પણ આપણે યાદ રાખવાની જરૂર છે કે ગમે તે સંજોગો હોય તોપણ રાજ્યનું કામ વ્યક્તિઓ મારફતે જ ચાલી શકે. એટલે સન્માનપાત્ર જાહેર સેવક હોવાને કારણે વ્યક્તિના જીવનમાં આનંદ, વિવિધતા અને સાહસ ઓછાં ન થવાં જોઈએ.

બોલ્શેવિઝમ અને સોશિયાલિઝમ એક જ છે એ રીતે મેં વાતો કરી છે. કેટલાક એમ સિદ્ધ કરે છે કે હિંસા અને વર્ગવિગ્રહ બોલ્શેવિઝમનાં આવશ્યક અંગો છે. મેં કેળવણી અને શાંતિમય પ્રવૃત્તિથી, નહિ કે હિંસાથી, સધાનારા સમાજવાદની વાતો કરી છે. મારી દૃષ્ટિએ હિંસાનો માર્ગ લેવાથી ધ્યેયને પહોંચવાની પ્રવૃત્તિ અટકી પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્ઞાતિ

ઝાડ અને પ્રાણીઓ ઘણા પ્રકારનાં હોય છે. દરેક એકબીજાથી ભિન્ન પ્રકારનાં હોય છે. એ જ રીતે જુદી-જુદી પ્રજાઓના રીતરિવાજો અને સામાજિક પ્રણાલીઓ હોય છે. એ જુદાજુદા પ્રકારનાં હોય છે, અને એમાં જો કાંઈ વાંધાભર્યું હોય તો તે સુધારી શકાય છે તેમજ તે બરાબર હોય તોપણ તેમનો આપણે સારામાં સારો ઉપયોગ કરી શકીએ છીએ. જેવી રીતે પંખીનાં પાંખો કે માણસના હાથ અને આંગળીઓ, અથવા ઘોડાની પૂંછડી કે ગાયનાં શિંગડાંના લાભ અને ગેરલાભ છે તેવી જ રીતે દરેક જાતના સામાજિક કાયદા કે રૂઢિના લાભગેરલાભ હોય છે. આપણે કલ્પના કરીએ કે આપણા હાથને બદલે પાંખો આણીએ, અથવા શિંગડાને ઠેકાણે સુંદર પૂંછડી લાવીએ, પણ એમાં આપણી ભૂલ હોય છે. મારી વાતમાં ગેરસમજ કરશો નહિ. મને ખબર છે કે મેં આપેલાં દૃષ્ટાંતો અને રૂઢિઓ વચ્ચે તફાવત છે. પક્ષી હાથ લાવી શકે નહિ, માણસ પાંખો ઉગાડી શકે નહિ, પણ આપણે આપણી રૂઢિઓ અને રીતરિવાજો બદલી શકીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્ઞાતિ

માણસના રીતરિવાજો ફેરવવામાં આવે અને પશુપક્ષીઓના શરીરની બાબતમાં તેમ ન થઈ શકતું હોય, પણ આમાં તો ફેરફાર કરી શકાય. પણ જ્યાં સુધી એમાં ફેરફાર ન થયો હોય ત્યાં સુધી આપણે એમ જ માનવું જોઈએ કે એના લાભ તેમજ ગેરલાભ છે. આપણે જેવા હોવું જોઈએ એ એવા નથી તે માટે દુઃખ ન માનવું જોઈએ. આપણે ચાલુ રીત-રિવાજોને બદલવાનો પ્રયત્ન કરતા હોઈએ ત્યારે પણ તેનો જેટલો સદુપયોગ કરી શકીએ એટલો આપણે કરવો જોઈએ.

દાખલા તરીકે, પશ્ચિમના લોકોને હિંસા ખૂબ ગમે છે, જ્યારે આપણું વલણ અહિંસાના પાલન તરફ છે. જેવી રીતે તે લોકો પોતાની પદ્ધતિએ ખૂબ લાભ ઉઠાવવાના તેવી જ રીતે આપણે આપણી સ્થિતિમાંથી વધારેમાં વધારે સારું પરિણામ લાવવું જોઈએ. આપણે હંમેશાં યાદ રાખવું જોઈએ કે એક વસ્તુ બીજી કરતાં ભિન્ન હોય એટલે કાંઈ એક ઊંચી અને બીજી નીચી એમ બનતું નથી. જ્યાં સુધી ઊંચ અને નીચના ભાવો ઊભા ન થાય ત્યાં સુધી મતભેદોની ચિંતા કરવાની જરૂર નથી.

આ બાબતમાં હું મારા વિચારો જણાવું. એમ ન માની લેશો કે મારો અભિપ્રાય એ બધા માટે બંધબેસતો છે, અથવા તો એ મહાત્માજીનો અભિપ્રાય છે. મને એટલી ખાતરી છે કે મહાત્માજી આવા અભિપ્રાયો પ્રત્યે સહિષ્ણુતા દર્શાવશે. લોકોમાં એવી એક ભૂલભરેલી માન્યતા ઘેરી ગઈ છે કે આજકાલ મહાત્માજીના વિચાર અનુસાર જ જીવનનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધાં ક્ષેત્રોનું સંચાલન થાય છે. મને યાદ છે કે એક વખતે હું મુસાફરી કરતો હતો ત્યારે એક ભાઈએ મને ભોજન ધર્યું. મેં કહ્યું મારે તેની જરૂર નથી. મને ભૂખ ન હોવા છતાં તેણે મને તે લેવાને ખૂબ દબાણ કર્યું. પછી તેણે મને કહ્યું: 'મારી પાસે બકરીનું દૂધ છે તે પણ લ્યો.' મારે શા માટે બકરીનું દૂધ લેવું એમ મેં પૂછ્યું. તો જવાબ મળ્યો: 'મહાત્માજી બકરીનું દૂધ લે છે.' એ જ રીતે દેશમાં એવા કેટલાયે લોકો છે, જેઓ દરેક બાબતમાં મહાત્માજી જે યોગ્ય માનતા હોય તે કરવા માગે છે. શ્રીકૃષ્ણની ગોપીઓ ઉપર અસર હોવાનું આપણે વાંચીએ છીએ, એને મળતી ગાંધીજીની આપણા લોકો ઉપર કેટલી અસર છે તે તેમાંથી જણાય છે.

હવે આપણે વધારે લાંબો સમય વંશપરંપરાગત ધંધાના નિયમોને વળગી ન રહી શકીએ. દીકરાને હંમેશાં બાપને જ ધંધે વળગાડવાનું હવે શક્ય નથી, અને આપણા લોકોને માટે તે સારું પણ નથી. એ વાત ખરેખર સાચી છે કે ધંધાને અંગે જે કેળવણીની જરૂર છે તે કુટુંબ મારફતે બાળપણથી જ અપાશે, પણ એ કોઈ ધર્મ અથવા જ્ઞાતિની કેળવણી નહિ હોય. જૂના વખતમાં આવી પ્રથાના ફાયદા હતા એમ હોઈ શકે, પણ આજે તેને ટકાવી રાખવાનું શક્ય નથી.

હવે રહ્યો ભોજનવ્યવહારનો સવાલ. મારો તો અભિપ્રાય છે કે એક માણસ બીજા માણસ સાથે ખાઈ ન શકે એવી કલ્પના કરવી એ બરાબર નથી. એવી જાતનો ભેદભાવ રાખવો એ શક્ય નથી તેમ જ લાભદાયી નથી. ગમે તેણે રાંધેલું અથવા ગમે તેનું અડકેલું ભોજન હું લઈ શકું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું કોઈ પણ માણસની સાથે બેસીને અને કોઈ પણ વ્યક્તિના દેખતાં ખાઈ શકું છું. તમારામાંના કેટલાકને લાગશે કે આથી સ્વચ્છતા અને સુખાકારીના નિયમને વાંધો આવે છે. સ્વચ્છતાના નિયમોને જ્ઞાતિ અથવા લોહીફેરના કારણે અમુક વર્ગના લોકોને અલગ રાખવા સાથે કંઈ પણ સંબંધ નથી. અમુક માણસ અથવા એના સંબંધો હંમેશાં અસ્વચ્છ રહેશે એવું હું કહી ન શકું. એ બોટું છે. જો આપણે કેટલાક લોકોને સ્વચ્છ લોકોની સોબતમાંથી હંમેશને માટે દૂર રાખીએ તો સંભવ છે કે તે વધારે ને વધારે અસ્વચ્છ બનતા જશે અહીં ઝાડુ વાળનારા છે. જો તમે તેમને અડવા દો અને તમારી સાથે ભળવા દો તો તેમની રીતભાત અને રહેણીકરણીમાં સુધારો થવાનો સંભવ છે, પણ જો તમે તેમને દૂર જ રાખ્યા કરો તો એવી આશા કદી પણ ન રાખી શકાય. એટલે જે લોકો આપણા જેટલા સ્વચ્છ નથી હોતા તેમની સાથે ભળવાની આપણી ફરજ થઈ પડે છે.

માણસની બુદ્ધિનો ખ્યાલ કરતાં સુધારા બે રીતે કરી શકાય. એક ખરાબ લોકોને જુદા પાડી નાખવાનો—આ જેલનો માર્ગ ગણાય. બીજો ખરાબ અથવા દોષવાળા લોકો સાથે ભળવાનો—જે કેળવવાના પ્રયત્નનો પાયો છે. મને લાગે છે કે જ્ઞાતિઓ પાડી નાખીને પહેલી પદ્ધતિ અજમાવી જોવામાં આવી છે. તે હવે નકામી બની ગઈ છે. આપણે હવે ભળી જવાની બીજી પદ્ધતિ અજમાવવી જોઈશે. આ સંબંધે એવી દલીલ કરવામાં આવે છે કે આપણે અસ્પૃશ્યો સાથે ભળવું ન જોઈએ, કારણકે તે માંસાહારી છે. આમાં પણ કંઈ વજૂદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. જો તમે તેમના પ્રત્યે ઉદાર હૃદયથી જુઓ તો તમે તેમને પાછા તમારા બનાવી શકો. ધારો કે તમે એક બાળકને દોડતાં શીખવવા ઇચ્છો છો. તમે તેની આગળ દોડી જતા નથી. તમે ધીમેધીમે દોડીને તેની સાથે જ રહ્યા કરો છો, જેથી તેને શીખવી શકો. જેના રીતરિવાજો ખોટા અને અસ્વચ્છ હોય એવું તમે માનતા હો, તેમને પાછળ મૂકીને આગળ ચાલવા માંડવું એ પ્રેમનો માર્ગ નથી. વચ્ચમાં લાંબું અંતર રાખીને બીજા ઉપર અસર પાડી શકાય એ વિચાર અનુભવે સારો માલૂમ પડ્યો નથી. જેમને સ્વચ્છ રહેતાં નથી આવડતું તેમની સાથે ભળવું એ આપણી ફરજ છે. તેમની સાથે ભળવાથી જ તે ઝપાટાબંધ સુધરશે. આ કારણે કંઈક ઊલટું પરિણામ આવશે એની ના નહિ પડાય; જીવનનું ધોરણ ઊંચું રાખનારને થોડુંક સહન કરવાનું થશે, પણ રાષ્ટ્રીય સુધારણા માટે આટલી કિંમત આપવાની જરૂર છે જ. આથી મને લાગે છે કે સામાજિક સંમિશ્રણનો પૂરો અર્થ વિચારીએ તો સહભોજન કરવામાં કાંઈ વાંધો ન હોઈ શકે. ધંધા જુદા હોવાને કારણે સહભોજનને શા માટે વાંધો આવે? એક શિક્ષક એક દાક્તર સાથે ન જમી શકે એમ કહેવું તેના કરતાં એક બ્રાહ્મણ એક વાળંદ સાથે ન જમી શકે એમ કહેવું એ કાંઈ ઓછું બેહૂદું નથી. બ્રાહ્મણ એ શિક્ષક છે અને વાળંદ એ દાક્તર છે. પણ એક જાતનો નિષેધ પ્રચલિત છે અને બીજો નથી; એ કારણે એક બેહૂદો લાગે છે, અને બીજો બરાબર મનાય છે. વાળંદને પોતાના ધંધાને અંગે જેટલા ઝેરી કચરા સાથે સંબંધ રહે છે તેના કરતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાક્તરને વિશેષ રહે છે. છતાં પોતાના સગા દાક્તર હોય તે કારણે તેની સાથે જમવામાં કોઈને વાંધો હોતો નથી. જો મારા ભાઈ દાક્તરનો ધંધો કરી શકે; તો તે વાળંદનું કામ શા માટે ન કરી શકે? વાળંદ તો શરીરના અમુક ભાગને અડવાની પણ ના પાડી શકે; જ્યારે દાક્તર તેવી ના પાડી ન શકે. છતાં જો આપણે દાક્તરને નભાવી લેતા હોઈએ તો વાળંદ પ્રત્યે સૂગ ન હોવી જોઈએ. આપણે આવી રીતે દૂર રહીએ છીએ, એમાં મને બંધાઈ ગયેલા સ્વભાવ સિવાય કોઈ વસ્તુ હોય એમ નથી લાગતું. કદાચ એમ હોય કે દાક્તરને મળતાં નાણાં તેના ધંધાને પવિત્ર બનાવનારા દલાલ હોય! એ જ રીતે જો આપણે વાળંદને પણ વધારે પૈસા આપીએ તો એને પણ સમાજમાં દાખલ કરવામાં વાંધો ન આવે.

મારો દૃઢ અભિપ્રાય છે કે સ્ત્રી તેમ જ પુરુષને પોતે જેની સાથે પરણવા ઇચ્છે તેની સાથે પરણવાની સ્વતંત્રતા હોવી જોઇએ. ચમકી ઊઠવાની જરૂર નથી. હું એમ નથી સૂચવતો કે છોકરા અને છોકરીઓ એકબીજાને લઈને નાસી જાય. હું એટલું જ કહેવા માગું છું કે લગ્નની બાબતમાં વડીલોની ઇચ્છા કરતાં યુવાનોની ઇચ્છાને વધારે મહત્ત્વ આપવું જોઈએ. માબાપો પસંદગી કરવા ઇચ્છતાં હોય તો તે બંધનવિનાની પસંદગી હોવી જોઈએ, તેને જ્ઞાતિનું બંધન આડે આવવું ન જોઈએ. લગ્ન એ તો ભાગીદારી અથવા મિત્રતાનું સ્વરૂપ છે. આપણે ન્યાતજાતના નડતર સિવાય ભાગીદારો થઈ શકીએ, મિત્રો બની શકીએ, તો પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લગ્નને ન્યાતના કાયદાથી બાંધી લેવાનું ન હોય. આ નિયમો ટકાવી રાખવાનું હવે શક્ય બનવાનું નથી. આપણે પ્રગતિને તાબે થવું જોઈએ અને લગ્નની બાબતમાં સ્વતંત્રતા આપવી જોઈએ. મારે જે કંઈ ખાવું હોય તે ખાવાની મને છૂટ હોવી જોઈએ, એનો અર્થ એ નથી કે ખાવાલાયક ન હોય એવી ચીજ ખાવાને પણ હું સ્વતંત્ર હોઉં. સ્વતંત્રતાનો અર્થ ખરાબ કરવાની છૂટ એવો નથી જ. સ્ત્રીઓ અને પુરુષો જે પ્રામાણિકપણે સારું માનતાં હોય તે કરવાની તેમને છૂટ હોય એ જ એનો અર્થ છે.

લગ્ન એ નાનીસૂની વાત નથી. એ વ્યક્તિના આખા જીવન ઉપર અસર કરનાર વસ્તુ છે. પરસ્પરના સુખની દૃષ્ટિએ ઊંડામાં ઊંડી વિચારણાને પરિણામે જ લગ્ન યોજવાં જોઈએ. પણ એમાં સ્વતંત્રતા હોવી જોઈએ, એથી વિશેષ હું કાંઈ કહેતો નથી. સમાજની મોટી બહુમતીનો વિચાર કરીએ તો બાળકોને માટે શરૂઆતથી ધંધાની કેળવણી આપવાની જરૂર છે. એટલે કે માતાએ પણ પિતાનો ધંધો જ સ્વીકારવો પડશે. તમે વણકર અને સુથારનું કુટુંબ જોશો તો આનો ખ્યાલ આવશે. પણ આમાં એવું સૂચન નથી કે બન્ને વચ્ચે સ્વતંત્રતા નહિ હોય. આપણે એકદમ ક્રાંતિની આશા ન રાખીએ. એક જ ધંધો કરનારા અને એક જ કોટિના માણસોમાં લોકો પરણતા રહેવાના. મારી તો એટલી જ માગણી છે કે જે કંઈ અપવાદો થાય તેને પૂરતી છૂટ હોવી જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પ્રકારનું સ્વાતંત્ર્ય આપણે કેવી રીતે લાવી શકીએ ? તમારી સાથે હું ઘણા મહિના થયાં છું. અને જો હું તમારા ઉપર કંઈ અસર પાડી શક્યો હોઉં તો મારી તમને વિનંતિ છે કે તમે ગમે તે કોઈ ક્ષેત્રમાં કામ કરવા જાઓ પણ સ્નેહનો રસ્તો કદી છોડશો નહિ. વિખવાદ અને તિરસ્કારનો માર્ગ કદીએ ન સ્વીકારશો. સાચી રીતે શું કરવું જોઈએ એટલે કે અમુક જાતનો સુધારો લાવવો જોઈએ એ વિષે તમારો ખ્યાલ સ્પષ્ટ રાખજો. 'મારા ભાઈ પ્રત્યે તિરસ્કાર સેવું એ મારે માટે ખરાબમાં ખરાબ વસ્તુ હશે' એનો પણ સ્પષ્ટ ખ્યાલ રાખજો. સુધારાની કિંમત ગમે તેટલી ઊંચી હોય, તોપણ હિંસા અને દબાણનો માર્ગ છોડી દેશો; માત્ર સમજૂતથી આગળ વધવાનું રાખશો. આપણે ફેરફાર કરવો છે, પણ અત્યાર સુધી સહન કરવા પડતા દુઃખમાં એ કારણે આવી પડતા દુઃખનો ઉમેરો ન થવો જોઈએ. જ્યારે માણસ નબળો હોય અને હારવાની સ્થિતિમાં હોય ત્યારે જ તે બળ વાપરવા બેસે છે. તમારે માટે એકદમ ખરાબ હોય એવી વસ્તુ કરવા તમે વિચારતા હો ત્યારે પણ બળને બદલે સમજૂતીનો માર્ગ મેં ગ્રહણ કર્યો નથી ? ઉદાહરણાર્થે, હું કોઈને બીડી પીતાં બળજબરીથી અટકાવાય એમ નથી માગતો.

આપણા સામાજિક રિવાજ બાબત પણ તેમ જ હોવું જોઈએ. બાળકો પોતાનો અભ્યાસ ન કરે તે માટે બળ વાપરવાનો કંઈ પણ અર્થ નથી. એ તો પ્રેમથી જ બરાબર કરી શકાય. જો તમને મારા અભિપ્રાયમાં શ્રદ્ધા હોય તો હું જણાવીશ કે બધા સામાજિક સુધારા પ્રેમના માર્ગે જ લાવવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈએ અને નહિ કે વિક્કાર અને દયાણના માર્ગે.

આજકાલ અમુક લોકો—બ્રાહ્મણો—પ્રત્યે ચારે બાજુથી તિરસ્કાર દર્શાવવામાં આવે છે. એનું મને ખૂબ દુઃખ છે. હું પણ એ તિરસ્કૃત વર્ગનો જ છું. કોઈ પણ એક કોમને તિરસ્કારવી એ સાચો માર્ગ હોય એમ મને લાગતું નથી. હું એ વર્ગનો હોવાથી મારે મારી વાણી ઉપર સંયમ રાખવો પડે છે. હું આટલું પણ અહીં તમને જ કહું છું. બહાર આ વાત હું ન કહું. કારણકે મને ખબર છે કે એથી કાંઈ અર્થ સરવાનો નથી. લોકોને પોતાના અનુભવમાંથી જ શીખવા દેવું જોઈએ. પણ તમે તો મારી સાથે હળી ગયા છો અને તમને તો મારા સાથી બનાવવાની મારી ઇચ્છા છે. એમની પાસે બધા પ્રકારનો તિરસ્કાર અને અવિશ્વાસ દૂર કરવાની અને પ્રેમને માર્ગે કામ લેવાની જ મારી માગણી છે. આ બાબતમાં અવિશ્વાસ, બેદિલી અને વેરભાવ ખૂબ ભારે પ્રમાણમાં પ્રવર્તે છે, અને તમે તેના ભોગ ન થઈ પડો એમ હું ઇચ્છું છું.

આટલા બધા દિવસ થયાં તમે મારી સાથે દિવસના બારે કલાક ગાળ્યા છે. તમારો મારામાં વિશ્વાસ હોય અને તમે મને બરાબર ઓળખી શકયા હો તો મારી તો એ જ માગણી છે કે પરસ્પર વિશ્વાસની લાગણી કેળવજો અને તમને મેં જણાવ્યા એ ભયથી દૂર રહેજો. ધારો કે એક માણસ ઇદિયુસ્ત છે અને તમારી સાથે ભોજન કરવા ઇચ્છતો નથી. તેને હેરાન કરવાનો અથવા કપટ, છેતરપીંડી કે બળજબરીથી તેને ખવરાવવાનો કાંઈ અર્થ નથી. તમારે તમારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્તનથી તેના જીવન ઉપર અસર પાડવી જોઈએ. તમારા વ્રત તે તમારા સાક્ષી બનવું જોઈએ. મુસલમાનોએ ધર્મના પ્રચારાર્થે વાપરેલી અને ચારે બાજુથી ધિક્કાર પામેલી બળજબરીની પદ્ધતિ આપણે સુધારા કરાવવામાં વાપરીશું તો આપણે આપણો અંત નજીક લાવનારા બનીશું. ખ્રિસ્તીઓ અને મુસલમાનો બળજબરીની પદ્ધતિ વપરાયા બદલ દિલગીરી દર્શાવે છે, અને આજકાલ તેનો અમલ કરતા નથી. રીતરિવાજોમાં સુધારા માટે બળજબરી વાપરવામાં અર્થ નથી, એ આજે આખી દુનિયા સમજી ગઈ છે. ધારો કે કોઈ માણસના અભિપ્રાયો તદ્દન જુદા હોય, તદ્દન ખોટા હોય, તે જ્ઞાતિઓના સંમિશ્રણમાં અથવા લગ્નની સ્વતંત્રતામાં માનતો ન હોય. એ મૂર્ખ છે એમ હું ભલે માનું, પણ એ કારણે એનો તિરસ્કાર ન હોય.

આમ કરવા જતાં તમે 'સનાતનસુધારકો'ની નવી જ્ઞાત ઊભી કરશો. જે ઘડીએ તમે તિરસ્કાર અને બળજબરીનો માર્ગ અંગીકાર કરશો તે જ ઘડીએ બીજી જ્ઞાત ઊભી કરશો અને તમારો હેતુ પાર નહિ પાડી શકો.

ધારો કે તમારી પાસે લોટ છે અને તમે તે ગરમ પાણીમાં ઓગાળવા ઇચ્છો છો. તમે તેના ઉપર ગરમ પાણી રેડવા માંડશો તો તે લોચો થઈ જશે. પણ જો તમે પહેલાં તેને ઠંડા પાણીમાં ભેળવી દો અને પછી ધીમેધીમે ગરમ પાણી રેડો તો તે સારી રીતે ભેળવાઈ જશે. કોઈ પણ જાતનું પરિવર્તન સમજાવટની પદ્ધતિએ જ શક્ય છે, નહિ કે બળ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરૂરીની. લોટ અને ગરમ પાણીને લાગુ પડતો નિયમ સમાજના માનસને પણ લાગુ પડે છે.

પ્રેમનો માર્ગ ધીમો છે અને તિરસ્કારનો જલદ છે એમ હું માનતા. સમાજવટ અને પ્રેમનો માર્ગ એ જ એકમાત્ર માર્ગ છે. તિરસ્કાર અને દબાણના માર્ગમાં તો નિષ્ફળતા જ છે. વસ્તુસ્થિતિ તરીકે પ્રેમનો માર્ગ જ સહેલામાં સહેલો બન્યો છે. સમાજમાં સુધારો ઇચ્છનારા સાથે હું ચર્ચી જાસતોમાં મળતો છું, પણ મારો કયાં મતભેદ છે તે પણ મેં સ્પષ્ટ કર્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મ

બીજા કોઈ પણ વિષયમાં મારું વાચન અથવા અભ્યાસ હશે પણ મેં ધર્મ ઉપરનાં પુસ્તકો તો વાંચ્યાં જ નથી. મારું ધર્મનું જ્ઞાન તો મેં મારાં માતુશ્રી પાસેથી મેળવ્યું છે. મેં તે કોઈ પણ પુસ્તકમાંથી અથવા કોઈ ગુરુ પાસેથી નથી મેળવ્યું. મારી માતા પાસેથી મળેલા જ્ઞાનથી વિરુદ્ધ મને પાછળથી કરેલા અભ્યાસના પરિણામે કંઈ પણ જણાયું નથી.

વિજ્ઞાનનો નહિ જેવો અભ્યાસ કરતાં આપણા ધર્મ-વિષયક વિચારો અસ્થિર બની જાય છે. પણ પાશ્ચાત્ય શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ આપણને ધર્મ અને ખાસ કરીને હિંદુધર્મ સારી રીતે સમજવામાં માર્ગદર્શક બનશે. ચાલુ જમાનામાં આપણને નવાઈ થાય એવી કેટલાયે શોધખોળો થઈ ચૂકી છે. આપણને રેલવે, તાર, હવાઈ વિમાનો અને વાયરલેસનું આશ્ચર્ય થાય છે. પણ મોટામાં મોટી નવાઈ તો આખા વિશ્વમાં વ્યાપેલા પ્રેરક તત્ત્વની એકતંત્રતા છે. ઈશ્વરનું પારખું મેળવવામાં જેટલી મુશ્કેલી છે એટલી જ મુશ્કેલી નાનામાં નાના અણુનું માપ કાઢવામાં છે. 'સંપૂર્ણ' શબ્દનો પાર હજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે પામી શકયા નથી. જ્યારે હું નાનો હતો અને એકડે એક ભણતો હતો ત્યારે એવી કલ્પના કરતો કે એક એવું બિંદુ આવશે કે જ્યાં આ આંકડા પૂરા થશે અને હું થોભી શકીશ. પણ હવે હું સમજ્યો છું કે તેને અંત છે જ નહિ. ગમે તેટલો આંકડો હોય તેની આગળ એક સંખ્યા હોય જ. એની છેલ્લી સંખ્યાએ પહોંચાય જ નહિ. તે અનંત છે. તમે આગળ ગણતા જાઓ તેમ તો અંત નથી જ આવતો, પણ તમે ભાગાકાર અને ફેરભાગાકાર કરીકરીને પાછા ચાલો તો પણ તમે અનંતતાના કોકડામાં ગૂંચાવાના. જેમ મોટા આંકડાને ગમે ત્યાં સુધી ગુણી શકાય તેમ નાના આંકડાનો ગમે ત્યાં સુધી ભાગાકાર થઈ શકે. આ કયારે પૂરું થવાનું ? આ રીતે પથ્થરપાટી ઉપર પેનની મદદથી તમે ઈશ્વરની અનંતતા અનુભવી શકો છો.

નિર્મળ રાતે તમે આકાશ તરફ જુઓ તો તમને અસંખ્ય તારા દેખાશે. તમે મોટું દૂરબીન લઈને જોશો તો દૂરબીનની મદદ વિના આખા આકાશમાં જેટલા તારા દેખાતા હતા તેટલા જ તારા આકાશના નાનાશા ભાગમાં દેખાશે. વિશ્વ અનંત છે. આપણે કોઈ વસ્તુ પૂરેપૂરી સમજી નથી શકતા એવું ભાન એ જ મોટામાં મોટું જ્ઞાન છે. કોઈ વસ્તુનું સંપૂર્ણ જ્ઞાન પામી શકાતું નથી. આપણને સામાન્યપણે અને ઉપર-છલ્લું જ્ઞાન જ મળવાનું. તમે ઊંડા ઊતરવા માંડશો તો સાદામાં સાદી બાબત ગુહ્ય અને અજ્ઞાત વસ્તુ બની જવાની. ગ્રીસમાં સોક્રેટિસ નામે એક વિદ્વાન પુરુષ થઈ ગયો એ તો તમે જાણો છો. તેણે અનેક વખત ભારપૂર્વક જણાવ્યું હતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે વસ્તુઓને આપણે પૂરેપૂરી જાણી શકતા જ નથી. તેથી આપણે ગમે તેટલા વિદ્વાન હોઈએ તોપણ આપણી પહેલી ફરજ નમ્ર થવાની છે. આજે મહાત્મા ગાંધીજીનું રાજકારણમાં જેવું સ્થાન છે એવું ન્યૂટનનું વિજ્ઞાનની દુનિયામાં મનાય છે. આજે પણ ન્યૂટન આપ્યા જમાનાનો મોટો વિજ્ઞાનશાસ્ત્રી ગણાય છે, અને તેણે જણાવ્યું છે કે આપણાં જ્ઞાન અને શોધખોળો મહાસાગરની રેતીમાંથી છીપો શોધવા જેટલાં છે. મહાસાગર તો કેટલોયે વિશાળ અને અજ્ઞાત છે. કિનારે આવી પડેલી કેટલીક મોટી છીપો ઉપાડી લઈને આપણે માની બેસીએ છીએ કે આપણને મહાસાગરનું સંપૂર્ણ જ્ઞાન મળી ગયું. આપણે જ્ઞાનપ્રાપ્તિના માર્ગે નમ્રતા અને આદરપૂર્વક વિચરવું જોઈએ. જો આપણે નમ્ર બનીશું તો જ આપણે જ્ઞાનપ્રાપ્તિમાં સફળતા પામીશું.

વિજ્ઞાનની આધુનિક શોધખોળો ધર્મનો કોઈ પણ જાતનો વિરોધ કરતી નથી. હું તો બન્ને એક જ છે એ દૃષ્ટિએ જોઉં છું, અને તેથી તે બેમાં વિરોધ જેવું મને કંઈ દેખાતું નથી. દશ વર્ષની છોકરીને પરણાવી દેવી અથવા સોળ વર્ષની વિધવાના માથાનું મુંડન કરી દેવું એમાં જ હિંદુત્વ સમાયેલું છે એમ કંઈ માનતા. તમારા ગળામાં હાથે કાંતેલા સૂતરના ત્રણ દોરા નાખવા અથવા તો તમારા કપાળમાં વિવિધ પ્રકારનાં તિલક કરવાં એ જ હિંદુત્વ છે એમ માનવાની જરૂર નથી. આ રૂઢિઓ તો હિંદુત્વના મહાસાગરની સપાટી ઉપરનાં મોજાં જેવી છે. મોજાં એ જ મહાસાગર છે એમ માનવાનું ન હોય. મોજાં તો અટકી જાય, પણ મહાસાગર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો રહેવાનો જ. તમે તમારા બધા રિવાજો બદલી નાખશો, તોપણ તમે હિંદુ જ રહેવાના, નહિ તો મુસલમાન, ખ્રિસ્તી અથવા નિરીશ્વરવાદી બની જવાના.

તમારી પાસે રામ નામનો એક માણસ છે. જેને આપણે રામ કહીએ છીએ અથવા એ નામે ઓળખીએ છીએ એ શું છે? એના હાથ, પગ અથવા માથું એ રામ નથી. તેને બળિયા નીકળે અને તેનું મોઢું બેડોળ બની જાય, તેના હાથપગ જતા રહે અથવા તેના શરીરમાં ગમે તે ફેરફાર થઈ જાય તોપણ તેના પ્રત્યે આપણો એટલો જ પ્રેમ અને આદર અથવા ઘૃણા અને તિરસ્કાર રહેવાનાં. માણસ એ તો લાગણીઓ, વિચારો અને આદર્શોનો સમૂહ છે એમ આપણે કહી શકીએ. એનો દેહ એ કાંઈ માણસ નથી. એના વિચારો બદલાય, એનું વર્તન બદલાય તોપણ આપણે માણસને—એના વ્યક્તિત્વને—વળગી રહીએ છીએ. એકલા એના વિચારોમાં પણ એનો સમાવેશ થતો નથી. એ તો વિચારોની પણ કંઈક અંતર્ગત છે. તેનામાં જે વિચારે છે, બોલે છે, હાલે છે અને વર્તે છે તે માણસતત્ત્વ છે. ધર્મનું તત્ત્વ પણ આવું છે.

હવે હું જેને હિંદુત્વનું આવશ્યક અંગ માનું છું તે જણાવીશ. દરેક બાબતમાં કાર્યકારણભાવ હોય છે. તમે પાણીમાં પથ્થર નાંખશો તો કૂંડાળું થશે. એ કૂંડાળામાંથી બીજું અને બીજામાંથી ત્રીજું એમ અનેક કૂંડાળાં થયાં જ જશે. એને ઈશ્વર પણ નહિ અટકાવી શકે એમ આપણે કહી શકીએ. તમે બેમાં બે ઉમેરો તો ચાર થાય. એમાં ઈશ્વર ફેરફાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી શકશે ? જો તમે આ બાબત સમજી શકો તો જ હું જેને હિંદુત્વનું આવશ્યક અંગ માનું છું તે સમજી શકશો.

આપણા અંતરમાં ઉદ્ભવતો પ્રત્યેક ખરાબ વિચાર વિશ્વનિયંતા માટે દુઃખદ કૂંડાળું છે, બીજી રીતે કહીએ તો તે ઈશ્વરના હૃદયમાં ખંજર ભોંકવા સમાન છે. આ કારણે જ ઋષિમુનિઓ કહી ગયા છે કે જ્યારે આપણે ખરાબ વિચારો કરીએ છીએ ત્યારે ઈશ્વર આંસુ સારે છે. અમેરિકામાં શરૂ કરવામાં આવેલા 'વાયરલેસ'ના આંદોલનો, હવામાં તારનાં દોરડાં અહીં નથી તોપણ, કેવી રીતે આવે છે તે આપણે જાણતા ન હોવા છતાં જોઈ શકીએ છીએ, તેવી જ રીતે આપણે માનવું જોઈએ કે એવું એક સર્વવ્યાપી તત્ત્વ છે જેને આપણે દેખી નથી શકતા છતાં દરેક ખરાબ વિચારના આંચકા લાગે છે. 'વાયરલેસ'નાં મોજાંની ખાસ શોધ માર્કોની નામના યુરોપિયને કરી એમ કંઈ માનતા. એ તો સનાતન કાળથી જે ચાલી આવતું હતું તેની રજૂઆત છે. આ આંદોલનો પ્રાચીન કાળમાં ચાલુ જ હતાં, પણ એને વિજ્ઞાનશાસ્ત્રીઓએ આ જમાનામાં શોધી કાઢ્યાં.

આ સુંદર દુનિયા જોઈ શકતો હોય પણ કાંઈ સાંભળી ન શકતો હોય એવા એક બહેરા માણસની કલ્પના કરો. ઓચિંતો તે પોતાના કાનની શોધ કરે છે. તેને આખી દુનિયામાં ચારે તરફ ભારે અવાજ સંભળાય છે અને અત્યાર સુધી પોતે કંઈ ન સાંભળી શક્યો તેનું આશ્ચર્ય થાય છે. એ જ રીતે આત્માની બહેરાશને લીધે સારા તેમજ નરસા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચારોનાં મોજાં આપણે જોઈ શકતા નથી. જો આપણું આ આત્માનું બહેરાપણું જતું રહે અને આખા જગતમાં વ્યાપી રહેલા વિચારોનાં મોજાં સમજી શકીએ તો દુનિયામાં આટલું બધું અનિષ્ટ ચાલે છે અને આપણે તેને અટકાવી નથી શકતા તેનું આશ્ચર્ય થશે. આપણે થાકી ગયા હોઈએ ત્યારે આપણે ઊંઘી જઈએ છીએ અને બાકીના કલાકોમાં ઘણીએ દુઃખદ બાબતો બની હોય છતાં એ દસ કે બાર કલાક સુખી રહેતા હોવાથી ઊંઘ એ આશીર્વાદ સમાન ગણાય છે. તેવી જ રીતે ઈશ્વરે આપણને બહેરાપણું આપ્યું છે, જેને લીધે ખરાબ વિચારોથી ભરેલા આ જગતમાં આપણે શાંતિથી રહી શકીએ.

કેટલાક લોકોને જેવી રીતે ઊંઘવાને સમયે પણ દીવો સળગાવીને વાંચવાનું સૂઝે છે તેવી રીતે ઈશ્વરે આપણને મદદરૂપ બહેરાપણાની નવાજેશ કરી હોવા છતાં કેટલાક ગાંડા જેવા લોકો આત્માનાં આંદોલનોનું સત્ય કાઢવા માગતા હોય છે.

આ ધાર્મિક સટ્ટો અથવા તત્ત્વજ્ઞાન કહેવાય છે. રાત્રે દીવો સળગાવનાર ગાંડા માણસનો જ દાખલો વિચારો. તે કેટલાક વખત સુધી વાંચે છે, અને પછી થાકી જાય છે એટલે દીવો ઓલવી નાંખી ઊંઘી જાય છે. તે જ રીતે માણસ પોતાના ધર્મથી થાકીને ઊંઘી જાય છે. પણ બીજા કેટલાક લોકોએ ઉપનિષદ ગાયાં છે, તો કેટલાક પશ્ચિમના વિજ્ઞાનશાસ્ત્રની શોધો પાછળ મંડ્યા છે. બન્ને ગાંડાના વર્ગના છે—તેઓ રાત્રે દીવા સળગાવે છે અને જ્ઞાન સાથે માથું ફોડતાફોડતા મરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાય છે. એકના કાર્યને આપણે ધર્મ કહીએ છીએ, બીજાના કાર્યને આપણે વિજ્ઞાન નામે ઓળખીએ છીએ.

હવે હું કર્મ વિષે બોલીશ. મારો અભિપ્રાય મારા પોતાપૂરતો જ હોય, કારણકે શાસ્ત્રીઓએ તમને બીજી વાત પણ કરી હોય. પણ સરવાળે તમને ખબર પડશે કે બન્ને વચ્ચે કાંઈ તફાવત નથી. જેવી રીતે વિશ્વમાં કુદરતી રીતે થતાં આકર્ષણોનો સાદો વિચાર, જેને ન્યૂટને ગુરુત્વાકર્ષણ કહ્યું છે, તે ખૂબ સામાન્ય વસ્તુ છે છતાં આજ સુધી તે બધી ભારે ગણતરીઓ અને વિજ્ઞાનના સિદ્ધાંતોનો પાયો મનાતો હતો, તેવી જ રીતે કર્મનો સિદ્ધાંત સમજવામાં ખૂબ સહેલો છે અને છતાં તે હિંદુધર્મના કેટલાયે ગૂંચવાયેલા પ્રશ્નની મૂળભૂત બાબત છે. બધી વસ્તુઓના પાયામાં ખૂબ સાદી બાબતો સમાયેલી હોય છે. કર્મનો સિદ્ધાંત એ છે કે આપણે જે કાંઈ કરીએ છીએ તેની અસર તાત્કાલિક થાય છે. એમાંથી આપણે છટકી શકતા નથી. આપણને આગળ ઉપર સજા થશે અથવા તો સ્વર્ગ કે નરક મળશે એમ નહિ, પણ પરિણામ તરત જ ભોગવવું પડે છે.

વિચારનો સમાવેશ કાર્યમાં જ કરાય છે. દા. ત., હું કોઈ પણ માણસ પાસે એક વસ્તુ જોઉં અને અદેખાઈ કરું તથા એ મને મળે તો કેવું સારું એવો વિચાર કરું તો તે એક જાતની ચોરી છે. જે રીતે લૂંટ, ખિસ્સાં કાપવાં, વગેરે જાતની ચોરીઓ છે, તેવી જ રીતે આવો વિચાર પણ એક જાતની ચોરી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક ફ્રેન્ચ તત્ત્વવેત્તાએ લખ્યું છેઃ "ફ્રાન્સમાં એકાદ સ્થળે કોઈ એક ચીનો રહેતો હોય, અને બીજો એક માણસ તે ચીનાનો સગો, સ્નેહી કે ઓળખીતો નથી. હવે ફ્રાન્સમાં માત્ર એક ચાંપ દાબવાથી જ પેલા ચીનાને બીજો મારી શકે એમ છે અને તેની મિલકત મેળવી શકે છે. વળી, બીજા કોઈને એ વિશે ખબર પણ પડે એમ નથી અને એ બધું તદ્દન ગુપ્ત રાખી ધાર્યું પરિણામ લાવી શકાય એમ છે એવી પેલાને ખાતરી છે. તો આવો વારસો મેળવવા માટે કોણ ચાંપ દબાવવા તૈયાર નહિ થાય?" ખૂબ આકર્ષક રીતે મુકાયો હોવા છતાં આ દોષિત વિચાર છે. બીજા ફ્રેન્ચ તત્ત્વવેત્તાએ તરત જ જવાબ વાળેલો કે આવી પરિસ્થિતિ હોવા છતાં ડાહ્યો અને સજ્જન માણસ ચાંપ દબાવીને માણસને મારી નહિ નાખે. ચીનમાંના પેલા માણસને મારવાનો વિચાર જ આપણી કીમતીમાં કીમતી દોલત—આપણું અંતઃકરણ—ને દૂષિત કરશે, અને ગમે તેટલી સંપત્તિ મળે તોપણ એ દૂષણ ઢાંકી નહિ શકાય. કોઈ પણ માણસ તે જાણવાનું નથી, અને તમને જરા પણ શારીરિક અડચણ પડવાની નથી, છતાં આ અનિષ્ટ વિચારને કારણે તમારી સુંદરમાં સુંદર અને કીમતી વસ્તુ નાશ પામે છે અને તેથી તમે તેવો વિચાર કરતાં અચકાઓ છો.

એ તો જાણીતું જ છે કે જો આપણે બહેનોની બાબતમાં અવળું વર્તન રાખીએ તો આપણને રોગ લાગુ પડવાનો છે. કર્મનો સિદ્ધાંત જણાવે છેઃ "તમને ચાંદી કે એવો બીજો રોગ ન થાય છતાં પણ તમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારા ખરાબ કૃત્યથી નિઃસંશય કોઈ એક રોગના ભોગ થઈ પડો છો.” એ રોગ તે કયો? આપણે એક વખત કંઈ કરીએ તો તે ફરીથી કરવાનું મન થાય છે. બીજી વખતે તેમ કરતાં આપણે સહેલાઈથી તૈયાર થઈ જઈએ છીએ. એક વખત આપણે કરેલાં વિચારો અને કાર્યો ફરીથી કરતાં ખૂબ સહેલાં થાય છે. હું અપશબ્દો વાપરતો નથી, મને તે વાપરતાં મુશ્કેલી નડે છે. પણ એનો એક વખત ઉપયોગ કરું તો બીજી વખતે તે મારે માટે સહેલું બની જાય છે. નાનું બાળક પણ એક વખત એક વસ્તુ કરે તો ફરીથી તેને માટે તે સહેલી બની જાય છે. હું એક જ વખત ખરાબ વિચાર કરું અથવા ખરાબ શબ્દ વાપરું અથવા ખરાબ કાર્ય કરું, તો જરાક અડવાથી પણ બગડી જાય એવી મીણની પ્રતિમા કરતાંયે વધારે નાજુક એવાં આપણાં ચારિત્ર્યમાં એટલા પ્રમાણમાં પરિવર્તન થાય છે.

આપણું ચારિત્ર્ય એ નાજુક અને ચેતનવાળી વસ્તુ છે. તે શાશ્વત તત્ત્વમાંથી જન્મે છે. તમે એક કાર્ય કર્યું કે તુરત જ તેના ઉપર તેની છાપ પડવાની અને ચોંટી જવાની. તમે જરા પણ અનિષ્ટ કાર્ય કરો તેની વિચિત્ર અને ભૂંસી ન શકાય એવી છાપ પાછળ રહી જવાની. તમે જે કાંઈ વિચાર્યું અથવા કર્યું હોય તે પાછું વાળી શકાતું નથી.

મૃત્યુ પણ પાટી ઉપરનું લખાણ ભૂંસી શકતું નથી. તેના કારણે આપણો અંત અથવા શરૂઆત હોતાં નથી. મૃત્યુ પછી પણ આપણે પાછલી બાકીથી શરૂ કરવાનું હોય છે. હિંદુ લોકોની એવી માન્યતા છે કે આ જિંદગીમાં માણસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની જાતને જેવી ઘડે તેવા જ આકારથી આવતે જન્મે તેની શરૂઆત થવાની. આપણા વિચારો અને કાર્યથી ઘડાયેલું આપણું ચારિત્ર્ય આપણી મોટામાં મોટી મૂડી હોવા ઉપરાંત આપણાથી અલગ ન પડી શકે એવો વારસો છે. આપણામાંનો પ્રત્યેક શાશ્વત છે. આપણું ખાતું અવારનવાર બંધ થાય છે, પણ નવે પાને બાકી તો લઈ જવામાં આવે જ છે.

ધારો કે પુનર્જન્મમાં તમે બિલકુલ માનતા નથી. તોપણ કર્મનો કાયદો એક જિંદગીપૂરતોયે ઉપયોગી થાય છે. એટલે કે આવતી જિંદગી ન હોય તોપણ આ કાયદો અમલમાં હોય છે, અને આપણા ચારિત્ર્યની સુંદરતા અને વિશુદ્ધતા સાચવવા માટે પૂરતી ચોકસાઈ રાખે છે. આજે આપણે જે વિચારીએ કે કરીએ તે પ્રમાણમાં આવતી કાલે બગડવાના કે સુધરવાના. એક હિંદુ જેને શાશ્વત કાળ માટે અને અસંખ્ય જન્મો માટે લાગુ પડતો માને છે તે જ કાયદો આ જિંદગીના ગાળાને પણ લાગુ પડે છે. એટલા માટે ક્ષણિક મજા ખાતર આપણે આપણું ચારિત્ર્ય મૂર્ખાઈ કરીને બગાડી ન મૂકવું જોઈએ. ચારિત્ર્ય એ જ જીવનમાં આનંદનું સાધન છે. તે બગડે તો તેમાં સહેલાઈથી સુધારો કરી શકાતો નથી.

એટલે કે આપણું પ્રત્યેક કાર્ય આપણા ચારિત્ર્ય ઉપર કાયમની અસર કરી મૂકે છે. અનિષ્ટથી આપણે એ કારણે દૂર રહેવું જોઈએ. જો આપણે એમ માનતા હોઈએ કે મૃત્યુ પછી પણ આપણું ચારિત્ર્ય આપણા આત્મા સાથે જોડાયેલું રહે છે, તો તે ચારિત્ર્યની શુદ્ધતા સાચવવાની સોગણી જરૂર છે. આપણે જે પાપ કરીએ છીએ તે તાત્કાલિક કાળ માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણા ચારિત્ર્યને દૂષિત કરે તે સિવાય એ પાપની બીજી કંઈ પણ સજા ન હોય તોપણ આ ભયંકર પરિણામ છે. ધારો કે તમને કોઈની મિલકતની અદેખાઈ થતી હોય અને તમે તે વિચાર કરો કે તરત જ તમને વિચિત્ર પૂંછડી ઊગી નીકળે તો અદેખાઈભર્યા વિચારો કોણ કરવાનું ? બીજાની મિલકત વિષે અદેખાઈથી વિચાર કરો કે તરત જ વાંદરાના કરતાંયે વિચિત્ર પૂંછડી તમારા ચારિત્ર્યને ઊગી જાય છે. દુષ્ટ વિચારો અને કાર્યોને લીધે થતું નુકસાન શરીર ઉપર વિચિત્ર પૂંછડી ઊગે તેના કરતાં વધારે વિચિત્ર અને ખરાબ છે.

કર્મના કાયદા પ્રમાણે આપણું પ્રત્યેક કાર્ય આપણને પ્રમાણમાં ઊંચે ચડાવે છે અથવા નીચે પાડે છે. આપણાં ધર્મશાસ્ત્રો આને માટે ખાસ શબ્દો વાપરે છે, પણ હું તો સાદી ભાષામાં જ મૂકીશ. જ્યારે તમે સારું કામ કરો છો ત્યારે તમે તમારું ચારિત્ર્ય શોભાવો છો. તમે ખરાબ કાર્ય કરો છો ત્યારે તમારું ચારિત્ર્ય એટલા પ્રમાણમાં કાયમ માટે દૂષિત થાય છે. આપણા પ્રત્યેક વિચાર અથવા કાર્ય આટલું સમજીને કરવાની જરૂર છે. હું એક મિત્રને ત્યાં જાઉં. મને ચા પીવાની ટેવ નથી, તે મને ચાનો પ્યાલો આપે. હું એક વખત ચા પીઉં કે તેટલા પ્રમાણમાં ચા પીનાર બની ગયો. બીજી વખત હું બહુ આનાકાની સિવાય તે લેવાનો. ત્રીજે દિવસે હું તે માગવાનો. આજે કોઈ જૂઠું બોલે તો તે પ્રામાણિક માણસ તેટલા પ્રમાણમાં જૂઠો બને છે, બીજી વખતે તેની ઓછી આનાકાની થાય છે અને ત્રીજી વખતે તો તેને જૂઠું બોલવાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મન થાય છે; પરિણામે તેની પ્રામાણિકતા એટલા પ્રમાણમાં ખંડિત થાય છે.

જો આ વસ્તુ આટલી ભયંકર હોય અને આ સજા તાત્કાલિક તથા તેમાંથી છટકી ન શકાય તેવી હોય તો જોકે સમજવામાં બૂબ સહેલું અને સાદું છે છતાં એ આશાવગરનું ધ્યેય છે. એમાંથી બચવાનો ઉપાય નથી ? છે. એક રસ્તો છે. તમારા દરેક કાર્ય તથા વિચારને પરિણામે તમારા ચારિત્ર્ય ઉપર સજ્જડ ફટકા પડે છે, પણ એનો આકાર તમે ધારો એવો ઘડી શકો. ધારો કે તમે લોખંડ અથવા પિત્તળની મૂર્તિ ઘડો છો. તમે તેને દરરોજ તમારા વિચાર અને કાર્યથી ઘડતા જવાના. ધારો કે ભૂલ અથવા અકસ્માતને લીધે તેનો આકાર બદલાઈ જાય તો તમે આ કાર્યકારણના નિયમ ઉપર આધાર રાખીને તેને ફરી પાછી આકારમાં લાવી શકો. કર્મ અથવા કાર્યકારણના કાયદામાં કાર્યની સ્વતંત્રતાનો આ સિદ્ધાંત સમાયેલો છે. તમે આકાર બહાર જતા રહો તો ફરીથી ઘડીને તેને આકારમાં લાવી શકો. એક બાજુ દરેક ઘાની અસર પડે છે, જ્યારે બીજી બાજુ પાછલી અસર સુધારવાને બીજા ઘાનો અધિકાર મળે છે. પણ એટલું યાદ રાખજો કે તમે એક ખરાબ કાર્યને લીધે એ બાજુ ઘસડાયા તો તમારે વધારે કાળજી રાખીને સુધારા માટે ખાસ પરિશ્રમ કરવાનો રહેશે. આ ખાસ પરિશ્રમ એ પશ્ચાત્તાપ. હિંદુધર્મ એક બાજુ કર્મનું નિશ્ચિત પરિણામ—કાર્યપણું—બતાવે છે, અને બીજી બાજુ ભારેમાં ભારે પાપીને પણ પોતાના પાપમાંથી મુક્તિ મેળવવા માટે સ્વતંત્રતા બક્ષે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રત્યેક સારા કે નરસા વિચાર અથવા કાર્યમાં એક જાતની ભૂખ સમાયેલી હોય છે. જેમ આલ્કોહોલને લાધે ભૂખ ચેદા થાય છે તેવી જ રીતે સાર્વત્રિક ભૂખનો કાયદો છે. આપણે જે કંઈ કરીએ છીએ તેની ફેરભૂખ ઊભી થાય છે. 'પ્રત્યેક અણુ બીજા અણુને ખેંચે છે,' એમ ન્યૂટને કહેલું તે જ રીતે હિંદુ તત્ત્વવેત્તા કહે છે કે પ્રત્યેક કાર્ય એવી જાતના બીજા કાર્યની ભૂખ જગાડે છે. માણસ દારૂ પીએ છે ત્યારે તે ઉત્તેજિત થાય છે અને સામાન્ય સ્થિતિમાં હોય ત્યારે ન કરી શકે એવાં કાર્યો કરી શકે છે; ઉપરાંત તેની બીજી અસર એ થાય છે કે તેને ફરીથી પીવાની ભૂખ ઊઘડે છે. તે રીતે પ્રત્યેક કાર્યનાં બે પરિણામો હોય છે. આ ભૂખ એ કાયમી અને ખંડણી ભરવા જેવી સજા છે અને ઉત્તેજના ઊતરી ગયા પછી પણ તે ચોંટી રહે છે.

મેં દેવું કર્યું હોય તો તે માટે નાણાંની તાત્કાલિક જરૂર હોય. મારો બાપ ઘરડો હોય, તેની પાસે મિલકત હોય અને મધુપ્રમેહ અથવા બીજા કોઈ ભયંકર રોગથી પીડાતો હોય અને તે જલદી મરી જાય તો મને લાભ થઈ જાય. તો હું ચુપચુપ અને છૂપી રીતે તેને મારી નાખું. મારા વિષે કોઈ શંકા ન લાવે. દરેક માને કે તે સ્વાભાવિક પરિસ્થિતિમાં ગુજરી ગયા છે. જો મારાં પાડોશીઓને વહેમ જાય તો તે મને ગાળ દેવાના. જો સરકારને વહેમ જાય તો મને સજા થવાની. પણ એથીયે વધારે તો મારું ચારિત્ર્ય દૂષિત થયું છે, પછી ભલે પાડોશીઓ અથવા સરકારી ન્યાયાધીશોને તેની ખબર પડે કે ન પડે. ધારો કે હું વધારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવાદાર બનું. હવે મને માલૂમ પડે કે એક મિત્ર પાસે ખૂબ પૈસા છે. પૈસા માટે તેને પણ મારી નાખવાનો મને વિચાર આવવાનો. આ રીતે દરેક કાર્યનાં બે પરિણામ છેઃ એક તાત્કાલિક સજા અને બીજી કર્મિક સજા, એટલે કે એ વસ્તુ ફરીથી કરવાની વૃત્તિ. ખૂન અને ગુનો એ કદાચ તમારે માટે અકલ્પ્ય હોય. હું નાના દાખલા આપું. તમને પેશાબ કરવાની વૃત્તિ થઈ હોય અને સુપરિન્ટેન્ડેંટે જ્યાં બેસવાની મનાઈ કરી હોય ત્યાં તમે બેસો. ધારો કે આ કોઈએ જોયું ન હોય તોપણ તમે એક વખત તેમ કરો તો બીજી વખત તમને પેશાબખાના સુધી જવાની વૃત્તિ નહિ થવાની અને એ જ જગાએ બેસી જવાનું મન થવાનું. તમે કોફી પીઓ તો તમારા પેટને નુકસાન થાય છે. ઉપરાંત તમે કોફી પીવાની ન છોડી શકો એવી ટેવ પાડો છો. કર્મનો કાયદો સમજવા માટે પ્રત્યેક કાર્યનાં આ બે પરિણામો સમજવાની જરૂર છે. જે માણસને કોફી પીવાની ટેવ પડી હોય તે બીજું પીણું લઈને તે ટેવ છોડી શકે, તેવી જ રીતે આપણાં ખરાબ કાર્યોની અસર સારાં કાર્યો અને તેની અસરથી દૂર કરી શકીએ. જો તમે કર્મના નિયમ પ્રમાણે જીવન ગાળવા ઇચ્છતા હો તો તમારા ચારિત્ર્યને તમારી પવિત્ર અને કીમતી મિલકત માનીને તમારે ચાલવું જોઈએ અને તમારા ખભા ઉપર કાચની ચીમનીનો થેલો, જે કોઈ જોઈ શકતું ન હોય પણ કોઈનો ધક્કો લાગતાં ફૂટી જાય એમ હોય તે લઈને મુસાફરી કરતા હો, ત્યારે જેટલી ચીવટ રાખો તેટલી ચીવટ રાખવી જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જો કોઈ તમને કહે કે કર્મના સિદ્ધાંતમાં માત્ર નસીબવાદ છે અને એમાં આશા જેવું કાંઈ નથી તો તમે તેને જણાવજો કે હિંદુ સિદ્ધાંતો પ્રત્યેક માણસને પોતાનો આત્મા સુધારવા અને તેને ફેરવડવા માટે વધારેમાં વધારે સ્વતંત્રતા અને છૂટ આપે છે.

તમારા મનમાં જેટલા ખરાબ વિચારો આવે તે બધાને દૂર મૂકવા જોઈએ. તમારા મનમાં એક વખત એક ખરાબ વિચારને દાખલ થવા દેશો તો બીજી જ પળે દુશ્મનનું લશ્કર કિલ્લો તોડીને દાખલ થઈ જાય એ રીતે મોટા પ્રમાણમાં દાખલ થઈ જશે. બૌદ્ધ અને જૈન ધર્મ સુદ્ધાંત હિંદમાં ઉત્પન્ન થયેલ પ્રત્યેક ધર્મ કર્મનો સિદ્ધાંત એક નિશ્ચિત બાબત તરીકે સ્વીકારે છે. આપણા બધા લોકોના જુદાજુદા અભિપ્રાયને કારણે તેમને તેનો સ્વીકાર કરવો પડ્યો છે, જોકે બીજા પ્રત્યેક મુદ્દા વિષે એકબીજાને ભારે તકરારો ચાલી છે.

ઇંગ્લંડ અને આધુનિક યુરોપમાં એવા લોકો છે જે આવતી જિંદગીની ચિંતા કરતા નથી, અને ચાલુ જિંદગી જ પોતાને માટે પૂરતી તકલીફદાયી માને છે. આવા લોકો પણ પોતાના વર્તનમાં સ્વીકારે છે કે પ્રત્યેક ખરાબ કાર્ય માણસના ચારિત્ર્યને ઇજા પહોંચાડે છે. તેથી તેઓ પાતાનાં જીવન અને કાર્યની શુદ્ધતા સાચવવા પ્રયત્ન કરે છે. આપણે એક પગલું આગળ વધીએ તો સમજી શકીએ કે આપણે આખા વિશ્વના આત્માનાં માત્ર અંગો છીએ, અને જેવી રીતે પેટનો દુખાવો આખા શરીરને બગાડે છે તેમ ખરાબ કામો કરીને આપણે આખા વિશ્વને બગાડીએ છીએ. જો હું મારું ચારિત્ર્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલુષિત કરું તો એટલા પ્રમાણમાં ઈશ્વરને કલુષિત કરું છું. તે કારણે તેમ કરતાં મારે અટકવું જોઈએ. આપણા ચારિત્ર્યને અને વિશ્વના આત્માને અશુદ્ધ બનતાં અટકાવવાં એ આપણી ફરજ છે.

હું મુસલમાનો પાસે માગું છું કે તેઓ હિંદુધર્મને સારી રીતે સમજે અને પોતાની જન્મભૂમિનો એક મહાન ધર્મ હોવાથી હિંદુધર્મ વિષે મગરૂર થાય. જો અરબસ્તાનમાં જન્મેલો હિંદુ હોઉં તો હું મહમદ અને ઇસ્લામને વિષે મગરૂરી ધરાવું, મહમદનું ખરાબ બોલનાર કોઈની પણ પ્રત્યે હું ગુસ્સે થાઉં. અરબસ્તાનમાં જન્મેલો હિંદુ હોઉં તો ઇસ્લામનો અભ્યાસ કરવાની મારી પ્રથમ ફરજ માનું. તેવી જ રીતે હું પૅલેસ્ટાઇનમાં જન્મેલો હિંદુ હોઉં તો ખ્રિસ્તના ધર્મને સમજવાની અને તેને માન આપવાની મારી પહેલી ફરજ માનું, અને આજે સુધરેલા ખ્રિટિશ લોકો હિંદુ અને બૌદ્ધ સ્મૃતિચિહ્નો અને ધર્મસ્થળો સાચવવા ખૂબ પૈસા ખર્ચે છે તેમ ખ્રિસ્તનાં દેવળો સાચવવા પુષ્કળ પૈસા વાપરવામાં મત આપું. તેથી બધા હિંદુધર્મનો કર્મનો સિદ્ધાંત સમજે, અને ખ્રિસ્તીઓ અને મુસલમાનોએ પણ તે હિંદીઓ હોય તો મેં આગળ જણાવ્યું તેમ તે સમજવો જોઈએ; કારણ કે કર્મનો સિદ્ધાંત એ હિંદુધર્મનો અગત્યનો ભાગ છે. એ જ હિંદુધર્મ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદના ઇતિહાસના યુગો

આપણે હિંદમાં બ્રિટિશ અથવા મુસલમાની હકૂમતના સમયનો વધારેપડતો વિચાર કરીએ છીએ, ત્યારે પ્રાચીન ઇતિહાસના એથી કેટલાયે લાંબા યુગોને તેમની લંબાઈનો ખ્યાલ બાંધ્યા સિવાય જ છોડી દઈએ છીએ. રામાયણ અને મહાભારતમાં આપણે એવી વસ્તુસ્થિતિનું વર્ણન જોઈએ છીએ કે ભલે પહેલાં ન હોય તોપણ એ પુસ્તકો લખાયાં ત્યારે આપણા લોકો વ્યવસ્થિત રાજ્યવ્યવસ્થા, કળાકૌશલ્ય, વેપાર, ઉદ્યોગ અને વિદ્યા વગેરેનાં ક્ષેત્રોમાં ખૂબ ઊંચી કક્ષાની સંસ્કૃતિએ પહોંચ્યા હતા એવાં સૂચનો મળે છે. અત્યારે પણ આપણે તે વખતની સ્થિતિ કરતાં મુખ્ય બાબતોમાં આગળ વધ્યા છીએ કે કેમ એ હજી તો બરોબર શંકાની બાબત છે. આ તો પાંચ હજાર વર્ષ પહેલાંની વાત છે. લૉર્ડ હેસ્ટિંગ્સના વખતથી માંડી અસહકારના જમાના સુધીની બ્રિટિશ હકૂમતનો સમય લગભગ સો વર્ષ જેટલો જ છે. કલાક અને મિનિટ જેવું આ પ્રમાણ ગણાય. આપણી સંસ્કૃતિના એક કલાકમાં અહીંનું બ્રિટિશ રાજ્ય એક મિનિટ જેટલો જ હિસ્સો ધરાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણા ઇતિહાસકારો જેનો સમય ૨૫૦૦ વર્ષ પહેલાંનો ગણે છે એ ગૌતમ બુદ્ધનો વિચાર કરો. તમે એ વખતનું ચિત્ર, તેના મહાભિનિષ્ક્રમણ વખતની પરિસ્થિતિ, એના ઉપદેશ, અમીરો અને આમ પ્રજામાં તેનું કાર્ય, અને તેના વારસોનું કાર્ય વગેરેનો વિચાર કરો તો તમને તેના સમય પહેલાં સ્થપાયેલાં અને વિકાસ પામેલાં કાયદો અને વ્યવસ્થા, કળા, સંસ્કૃતિ, કેળવણી અને તત્ત્વજ્ઞાનનો ખ્યાલ આવશે. કળા, સંસ્કૃતિ, કેળવણી, કાયદો અને વ્યવસ્થા જનતામાં કાંઈ એક દિવસમાં ફેલાઈ શકતાં નથી. એ તો યુગો સુધી ખર્ચાયેલી મનુષ્યશક્તિના સરવાળાના પરિણામે જ આવી શકે બુદ્ધ અને તેના ઉપદેશને માટે ભૂમિકા તૈયાર કરવામાં કેટલાં વર્ષોની પ્રગતિની જરૂર પડી હશે તેની તમે કલ્પના કરી શકો.

ત્રેવીસ સદીઓ પહેલાં અશોકના દાદાએ દેશ ઉપર ચડી આવેલા ગ્રીકોને પાછા હાંકી કાઢ્યા, હિંદને પોતાના કબજામાં આણ્યું, અને એવા પાટનગરમાંથી રાજ્ય ચલાવ્યું, જેના મ્યુનિસિપલ વહીવટનાં તે વખતના ગ્રીક મુસાફરોએ ઝળકતી પ્રશંસાવાળાં વર્ણનો કર્યાં. મેગેસ્થિનિસનું પુસ્તક વાંચતાં આપણે કોઈ આધુનિક મ્યુનિસિપાલિટીનો અહેવાલ વાંચતા હોઈએ એવો ભાસ થાય છે.

અશોક આપણા દેશમાં ૨૧૦૦ વર્ષ પહેલાં થયો હતો અને રાજ્ય કરતો હતો. એને તો બધા જમાનાઓનો સહુથી મહાન અને સંસ્કારી રાજા કહી શકાય. આવી કોટિનો રાજા હોવો એ સંસ્કૃતિ અને તત્ત્વજ્ઞાનની ઊંચામાં ઊંચી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોટિએ પહોંચેલા સમાજમાં જ બની શકે. અશોકે ફરમાન કાઢયું હતું : "કોઈ પણ વ્યકિત બીજાના ધર્મ વિષે હલકું બોલે નહિ." આ જાતનો ગુનો અને એની મનાઈ એ બન્ને તે વખતે આપણે સંસ્કૃતિની કેટલી ટોચે પહોંચેલા હોઈશું તે સ્પષ્ટ રીતે બતાવે છે.

વાલ્મીકિ રામાયણથી મુસલમાનોના હુમલા સુધીનો ૪૦૦૦ વર્ષનો લાંબો ગાળો ફકત વ્યવસ્થિત રાજ્યવ્યવસ્થામાં જ નજરે પડે એવી ઊંચી જાતનો સંસ્કૃતિદર્શક છે. તેથી અવ્યવસ્થાના પ્રસંગો ગમે તેટલા બન્યા હોય તોપણ શાંતિ અને વ્યવસ્થાના ગાળા એટલા લાંબા હશે કે કળા અને કેળવણી, ધર્મ અને તત્ત્વજ્ઞાનનો વિકાસ બરાબર થઈ શકે. મુસલમાનોના આવ્યા પહેલાંનો હિંદુ સ્વરાજ્યનો આ યુગ હિંદમાં વ્યવસ્થિત બ્રિટિશ સમયના યુગ કરતાં ચાલીસગણો લાંબો છે. હાથમાં લાકડી લઈને અરબડિયાં ખાતાંખાતાં ચાલતી તમારી દાદીમા સાથે કયાંય ન થોભનારી એકસપ્રેસ ગાડીનો મુકાબલો કરો તો ચાલીસગણું એટલે કેટલું તેનો ખ્યાલ બાંધી શકશો.

એટલે ગમે તેમ તોયે આપણે બ્રિટિશ અમલ નીચે બહુ લાંબો વખત નથી રહ્યા. કેટલાકો એવો ભ્રમ સેવે છે કે એ અમલ તળે આપણે એટલો લાંબો વખત થયાં છીએ કે આપણે માટે તે લગભગ કુદરતી વસ્તુ બની ગઈ છે. પણ જ્યારે આવી વસ્તુસ્થિતિ સમજીને મુકાબલો કરો તો આવો ખ્યાલ કેટલો બેહૂદો લાગશે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વખતે બ્રિટન રોમન હકૂમત હેઠળ હતું. એ હકૂમતના સમયનો તમે ખ્યાલ બાંધી શકો છો ? ૪૦૦ વરસ. કલાઈવથી ગાંધીજી સુધીના ગાળા કરતાં બમણાં વરસો. વૉરન હેસ્ટિંગ્સથી આજ સુધીનાં વરસો કરતાં ત્રણગણું વરસ સુધી તો મુસલમાનોએ હિંદ ઉપર રાજ્ય કર્યું. આ વસ્તુ ઉપર વિચાર કરવાનું એક કરતાં વધારે કારણસર જરૂરનું છે.

હિંદમાં મુસલમાની હકૂમતના બે ભાગ પાડી શકાયઃ એક બાબર પહેલાંનો અને બીજો મોગલાઈ. બાબર પહેલાંના મુસલમાન રાજાઓએ ૩૦૦ વર્ષ સુધી, એટલે કે કલાઈવથી લઈ ૧૯૨૦ સુધીના સમય કરતાં બમણા વખત સુધી, અમલ ચલાવ્યો. મોગલોએ ૧૮૦ વર્ષ સુધી હકૂમત ભોગવી એટલે કે અંગ્રેજો વિષે વિચાર કરતાં જેટલા સમયનો ખ્યાલ રાખવો પડે એટલો સમય તો ખરો જ.

આપણે ઝાડીવાળા ભાગમાં હોઈએ ત્યારે ઝાડ આપણને મંદિરોની ટોચ કરતાં ઊંચાં અને એને ઢાંકી દેતાં લાગે છે. એ રીતે આ જમાનામાં જ આપણે વિચરતા હોવાથી બ્રિટિશ હકૂમતનો સમય આપણને આટલો બધો લાંબો લાગે છે. એ ધ્યાનમાં રાખવું જોઈએ કે બાબર અને એની પાછળ ગાદીએ આવનાર પાંચ તેજસ્વી બાદશાહોના અમલ તળે આપણે રહ્યા એટલો જ વખત થયાં આપણે બ્રિટિશ અમલ તળે આવ્યા છીએ. નામદાર ગોખલેના સમયમાં લંબાઈને કારણે બ્રિટિશ સંબંધ લોકોને જેટલા પ્રમાણમાં કાયમી અને કુદરતી લાગતો હતો એટલા જ પ્રમાણમાં ઔરંગઝેબના સમયમાં રહેતા લોકોને મોગલ સમય લાગતો હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મરાઠાઓએ પણ બાજીરાવના વખતથી તે બ્રિટિશ અમલ બરાબર સ્થપાયો ત્યાં સુધી હિંદુસ્તાન ઉપર સાર્વ-ભૌમ સત્તા ચલાવેલી. લૉર્ડ હેસ્ટિંગ્સે હિંદમાં બ્રિટિશ રાજ્યને સર્વોપરિ બનાવ્યું ત્યારથી અસહકારના દિવસો સુધી માત્ર ૧૦૦ જ વર્ષ થાય છે એ જાણીએ તો ઉપરનો ગાળો નાનો નહિ મનાય ? મરાઠાઓ આપણામાંના ઘણાને નિશાળોમાં સમજાવવામાં આવ્યું છે એવા માત્ર લૂંટારુની ટોળીના સભ્યો ન હતા. એમણે તો જેમાં જમીનમાપણી અને જમીન-મહેસૂલની આકારણીની વીગતો પણ નક્કી કરવામાં આવી હતી એવા પ્રકારનો વ્યવસ્થિત વહીવટ ચલાવ્યો હતો.

બે મહાન અને પ્રખ્યાત હિંદુ સમ્રાટો ચંદ્રગુપ્ત અને વિક્રમાદિત્યનો વિચાર કરો. એમનો જમાનો કાંઈ હિંદી સંસ્કૃતિનો ઉદય અથવા અસ્તનો કાળ ન હતો. બન્ને વચ્ચેના સમયનો ગાળો ૮૦૦ વર્ષનો એટલે કે હિંદના ઇતિહાસમાં બ્રિટિશ અમલનાં બધાં વર્ષો કરતાં ચારગણો હતો. વિક્રમા-દિત્ય પછી પણ મહમદ ઘોરીએ દિલ્હીનો કબજો લીધો, ત્યાં સુધીનાં ૮૦૦ વર્ષો દરમ્યાન કેટલાય રાજાઓ અને રાજ-વંશો ગાદીએ આવી ગયા.

હવે હિંદમાંની સંસ્કૃતિનો વિચાર કરીએ. તેમાં નોંધવા જેવી બાબત તો સનાતન કાળથી ચાલી આવતી ધાર્મિક સહિષ્ણુતાની નીતિ છે. ધાર્મિક માન્યતાઓને કારણે જુલમ કરવાની નીતિ બ્રિટનમાં માત્ર ૧૬મી સદીમાં જ બંધ થઈ. જ્યારે અકબરે તો ૧૬મી સદીમાં હક્કોની સમાનતા, કાયદાની સમાનતા અને સર્વેને ધાર્મિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વતંત્રતાની જાહેરાત કરી હતી. ઇતિહાસકારો જણાવે છે કે અકબરને તો દરેક ધર્મમાંથી સત્યનું દર્શન થયું હતું, એથી પોતે ઇસ્લામી મજહબ પ્રમાણે પોતાના મહેલમાં ખુદાની બંદગી કરવા ઉપરાંત કેટલીક વખતે હિંદુ વિધિ પ્રમાણે, કેટલીક વખત પારસીઓની અને કેટલીક વખત ખ્રિસ્તીઓની પદ્ધતિ પ્રમાણે પ્રાર્થના કરતો હતો. તેણે પોતાની પદ્ધતિ પ્રમાણે ઇસ્લામ અને હિંદુત્વને એક કરવાનો પ્રયત્ન કર્યો હતો, પણ એ સ્વીકારવાની કોઈ ઉપર ફરજ પાડી ન હતી. એના વખતમાં ચાલતા ધાર્મિક રીતરિવાજો ઇંગ્લંડ અથવા યુરોપમાં તો જમાનો ત્રણસો વર્ષ જૂનો થયો ત્યારે જ પળાવા લાગ્યા. પોતાની ઇચ્છા હોય એ રીતે ઈશ્વરને ભજી શકાય એવો તેણે યોજેલો કાયદો તેના જમાનામાં અને ત્યારપછી કેટલાંયે વર્ષો સુધી યુરોપના સમાજમાં ન હતો. ધર્મની બાબતમાં સ્વતંત્રતા એ હિંદને માટે નવી વસ્તુ નહોતી, પણ સનાતન કાળથી ચાલતી આવતી નીતિ અને સંસ્કૃતિનું એક અંગ જ હતી. હિંદનો કોઈ પણ ઉદારમતવાદી સમ્રાટ એ વસ્તુને ભૂલી નથી શક્યો. જે વખતે અકબર પોતાના દરબારમાં જુદાજુદા ધર્મના પ્રચારકોની દલીલોને માનપૂર્વક સાંભળતો અને સમજતો, તે વખતે ઑકસફર્ડમાં વ્યવસ્થિત સરકારનો અમલ હોવા છતાં પાદરીઓ અને ધર્મગુરુઓને જીવતા બાળી નાખવામાં આવતા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝાડ અને છોડવા

ઝાડ અને છોડવા આપણી જેમ શ્વાસ લે છે. દુનિયામાં માણસોની સંખ્યા છે તેના કરતાં ઝાડની સંખ્યા વધારે છે. વનસ્પતિનું સામ્રાજ્ય એ જગતમાં મોટામાં મોટું સામ્રાજ્ય છે. એટલે જ્યારે આપણે ઝાડ અને છોડવા જોઈએ ત્યારે લાગવું જોઈએ કે આપણે એક બહુમતીની સામે ઊભેલા છીએ. માણસની અગત્ય સરવાળે વનસ્પતિ જેટલી નથી. જો દુનિયામાં બહુમતવાદી વ્યવસ્થા હોય અને મત-ગણતરી કરવામાં આવે તો ઝાડ બહુમતીમાં હોય. જો હિંદનું રાજ્ય ચલાવવા માટે બહુમતવાદી રાષ્ટ્રની જરૂર હોય તો આખી દુનિયા માટે તેવું કેમ ન હોય? અને આમ થાય તો ઝાડ અને છોડવા રાજસત્તાધારી બનશે.

માણસને ડુબાવી દેવામાં આવે અથવા એનું નાક અને મોઢું બંધ કરી દેવામાં આવે તો તે ગુંગળાઈ મરે; તેવી જ રીતે ઝાડની હવા બંધ કરી દેવામાં આવે તો તે મરી જવાનાં, પછી ભલે એનાં મૂળિયાં જમીનમાં ઊંડે સુધી જવા દેવામાં આવે. પણ વસ્તુસ્થિતિ જુદી છે. આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે હવા બહાર કાઢીએ છીએ તેને ખરાબ હવા અને અંદર લઈએ છીએ તેને સારી હવા કહીએ છીએ. પણ આપણે માટે જે હવા ખરાબ ગણાય છે તે ઝાડો માટે સારી હવા છે. આપણે જે ખોરાક લઈએ છીએ તથા જેનાથી આપણું શરીર બંધાય છે તે બધું બળી જાય છે. આપણે આપણું માંસ બાળીએ છીએ આપણે જે ઑક્સિજન લઈએ છીએ તેનાથી માંસ બળે છે અને પરિણામે નિપજતી વરાળ આપણે બહાર કાઢીએ છીએ. ઝાડ તે બહાર કઢાયેલો વાયુ લે છે, કાર્બનનું તત્ત્વ જુદું પાડી નાખે છે, અને આપણે ફરીથી ખોરાક મેળવી શકીએ તે માટે તેને પોતાના શરીરમાં સંઘરી રાખે છે. આપણે જે ખાઈએ છીએ તેમાંનો અમુક અંશ જ પચાવી શકીએ છીએ, અને કચરો બહાર કાઢી નાખીએ છીએ. તે એક અથવા બીજી રીતે જમીન સુધી પહોંચે છે અને માટીમાં મળી જાય છે. ઝાડનાં મૂળિયાં તેને ફરીથી ઊંચકી લે છે અને તેમાંથી બીજી વખત ખાવા માટે કેળાં, ટામેટાં, કેરીઓ વગેરે મળે છે.

વનસ્પતિ અને મનુષ્યસામ્રાજ્ય વચ્ચે આ રીતે મા અને બાળક વચ્ચે હોય છે એવો સંબંધ છે. આપણે જેને ખરાબ અથવા વપરાયેલું ગણી ફેંકી દઈએ છીએ તેને ઝાડ ફરી સુધારે છે, તેમાંથી માઠીમીઠી ચીજો તૈયાર કરે છે અને માતાના જેટલા પ્રેમથી આપણને તે વસ્તુઓ ફરીથી આપે છે. આ રીતે ઝાડ જગતના જીવનમાં કેટલો મોટો ભાગ ભજવે છે એ આપણે જોઈ શકીશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણને શ્વાસ લેવા માટે નાક, મોઢું અને ફેફસાં છે. ઝાડને શું હોય છે? તેમને સુંદર લીલાં પાંદડાં હોય છે, એ તેમનાં નાક અને ફેફસાં છે. પાંદડાં તરફ નજર નાખીએ તો જણાશે કે વધારેમાં વધારે પ્રમાણમાં હવા અને સૂર્યનો તડકો મળે તે માટે તે પથરાયેલાં રહે છે. આ કારણે જ ઊંચાં ને ઊંચાં વધીને ઝાડ સૂર્યનો તડકો બની શકે તેટલી ઝડપથી મેળવવાનો પ્રયત્ન કરે છે. ઝાડની છાયાએ એક વેલો ઉગાડવામાં આવે તો તે સૂર્યનો તડકો મળે તે માટે ઝાડની આસપાસ ગોળ વીંટળાઈને ટોચ સુધી પહોંચી જશે. એક જંગલ અથવા બગીચાનું અવલોકન કરીશું તો જણાશે કે છાયામાં વવાયેલાં કમનસીબ ઝાડો વાંકાંચૂંકાં વધીને કોઈ પણ રીતે સૂર્યના તડકાને પહોંચી જવા પ્રયત્ન કરે છે. ઝાડનો મુખ્ય ખોરાક સૂર્યનો તડકો છે.

આપણામાં જેટલું ચેતન છે એટલું જ એમનામાં પણ છે, અને વધારામાં મૃત્યુ પછી આપણી જેમ એમનાં શરીર નિરુપયોગી બની નથી જતાં પણ ઉપયોગમાં લઈ શકાય છે. મનુષ્યના જીવન સાથે ઝાડના જીવનની આરોગ્યની દૃષ્ટિએ સરખામણી કરો. માણસ જ્યાંત્યાં ફરે છે, તેને ખરાબ ટેવો અને રોગો લાગુ પડે છે, અને સડી ગયો હોય એવી રીતે મૃત્યુ પામે છે. ઝાડની જિંદગી તો નક્કી થયેલી હોય છે. તે ખરાબ ખોરાક ખાતાં નથી, તેમનું જીવન શુદ્ધ અને સંયમી હોય છે, અને તેમનાં શરીર મૃત્યુ પછી પણ ઉપયોગમાં લઈ શકાય છે. કેટલાંક ઇમારતી લાકડાં તો ધાતુ જેટલાં ઉપયોગી હોય છે. અત્યારે હિંદના એક અતિવિખ્યાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરુષે શોધી કાઢયું છે કે ઝાડને પણ માણસની જેમ જ દર્દ થાય છે અને તેને માણસના જેવા જ લાગણીના તંતુઓ હોય છે. મનુષ્યના શરીરની જેમ જ ઝાડનાં શરીરમાં લોહી ફરે છે. તમે ઝાડને કાપશો તો તમને તેમાંથી લોહી નીકળતું લાગશે. કોઈ પણ કારણસર આપણે ઝાડનો એકાદ ભાગ મેળવવા ઇચ્છતા હોઈએ તો એને એવી રીતે કાપવું જોઈએ કે જેથી તેનો ઘા સહેલાઈથી રુઝાઈ જાય. તેને ખોટી જગાએ ઘા કરો તો તમે ભલે ન જાણી શકો પણ તેને ઘણું સહન કરવું પડે છે. તમારે એકાદ ડાળી કાપવી હોય તો એક શસ્ત્રવૈદની જેમ જ તે ડાળી કાપવી જોઈએ. તમે ધારવાળી છરી વડે પાતળો ઘા કરો તો ઘા જલદી રુઝાઈ જશે. પણ જો તમે આખો ભાગ ખેંચી કાઢો અથવા હાથ વડે ચીરી નાખો તો ઘા એવો ખરાબ થશે કે તેને રૂઝ આવતાં ખૂબ તકલીફ પડશે. શરીર ઉપર કાંઈ દર્દ અથવા ગૂમડું થયું હોય તો આપણે નખનો ઉપયોગ કરતા નથી. આપણે તો નાની તીણી છરી લઈએ છીએ. એ જ રીતે તમારે ડાળી કાપવી હોય અથવા ફળ કે ફૂલ તોડવું હોય તો તે ખૂબ ધ્યાન રાખીને કાપવું અથવા તોડવું જોઈએ.

ઝાડનો રસ છાલ મારફતે ટોચ સુધી પહોંચતો હોવાથી છાલ એ એના શરીરનું માર્મિક અંગ છે. તેથી એને એદર-કારીથી કાપી શકીએ એમ માનશો નહિ. જંગલમાં જો ઝાડ કાપી નાંખવાં હોય તો મૂળ પાસેથી ચારેબાજુની છાલ કાપી નાખવામાં આવે છે, જેથી લોહીનું ફરવાનું બંધ થવાને કારણે વખત જતાં ઝાડ સુકાઈ જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝાડમાં લગ્નો પણ થાય છે. વનસ્પતિજગતમાં બે જાતનાં ફૂલ હોય છેઃ એક સ્ત્રીકેસર અને બીજું પુંકેસર. આ સ્ત્રીકેસર અને પુંકેસર ફૂલોએ ફળનો જન્મ થાય તે પહેલાં સંસર્ગમાં આવવું જ જોઈએ. વસંતઋતુમાં ઝાડોનું હાસ્ય દર્શાવતી કળીઓ અથવા તેની સુમધુર વાસ આપણે માટે છે એમ ન માનતા. એ તો તેમની લગ્નવિધિ, તેમનો કૌટુંબિક આનંદ છે. ફૂલોમાંનાં સ્ત્રી અને પુરુષતત્ત્વો સંસર્ગમાં આવે છે. કેવી રીતે તે જાણો છો ? એ ખૂબ હૈરત પમાડે એવું છે.

સુંદર નાનાં જીવડાં, પતંગિયાં, માખીઓ અને કીડીઓ એક ફૂલમાંથી બીજા ફૂલમાં સત્ત્વ લઈ જાય છે અને પરિણામે ફળ ધારણ કરે છે. આ નાનાં જીવડાં ફૂલોનાં દુશ્મનો છે એમ રખે માનતા. એ તો લગ્નની ક્રિયા કરનાર પુરોહિતો છે. લગ્નક્રિયા કરી શકે તે માટે ફૂલોમાંનો રસ ચૂસવા તેમને આમંત્રણ આપવામાં આવે છે. જ્યારે તેઓ રસ ચૂસે છે ત્યારે તેમાંનું પુંકેસર તેમના શરીરને ચોંટી જાય છે. એ સત્ત્વ એક ફૂલથી બીજા ફૂલમાં પહોંચે છે. આ રસ—મધુને તમે પુરોહિતની દક્ષિણા અથવા આજકાલ ગ્રેન્યુએટો કન્યાના પિતા પાસેથી લેવાની જીદ કરે છે એ પહેરામણી કે વરદક્ષિણા કહી શકો. પણ આમાં એક વસ્તુ ધ્યાનમાં રાખવાની છે કે ફૂલો તરફથી અપાતી દક્ષિણા સુંદર મધુના રૂપમાં હોય છે, જ્યારે આપણા તરફથી અપાતી દક્ષિણા ગંદા સિક્કાના રૂપમાં હોય છે. એટલે જેની આપણે અવગણના કરીએ છીએ એ નાનાં જંતુઓ તો આપણે ખોરાકમાં જે ફળો આરોગીએ છીએ તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફૂલોને જન્મ આપવાની તકો સાધી આપનારાં હોય છે. આ રીતે જંતુઓ આપણી ખાનપાનની ચીજોના ઉત્પાદનમાં ખૂબ મોટો ભાગ ભજવે છે. આપણા ખોરાકનો એકેએક કણ ફૂલોના જાતિમિશ્રણનું જ પરિણામ છે.

એટલે જ્યારે ઝાડ તરફ નજર કરો ત્યારે માતા તરફની વૃત્તિથી જુઓ. ફૂલ તોડતા હો ત્યારે શસ્ત્રવૈદ્યની જેમ ધીમેથી અને ધ્યાન રાખીને તોડજો, અને જ્યારે ફૂલમાંથી આવતા નાના જંતુને નિહાળો ત્યારે તેને તમારી વહાલી નાની દાદીમા માનીને તેની તરફ જોજો.

એવો સવાલ પુછાય છે કે શું કેટલાંક ઝાડ માત્ર પુરુષ-પુષ્પો ધારણ કરે છે અને કેટલાંક માત્ર સ્ત્રીપુષ્પો ધારણ કરે છે? અથવા સ્ત્રીપુષ્પો અને પુરુષપુષ્પો બન્ને એક જ ઝાડમાં હોય છે? ઘણાંખરાં ઝાડ ઉપર તો સ્ત્રી તેમજ પુરુષ બન્ને પુષ્પો હોય છે, પણ માત્ર સ્ત્રી અને માત્ર પુરુષપુષ્પવાળાં પણ કેટલાંક ઝાડ હોય છે. ઝાડ એ માત્ર એક જ જીવ નથી, પણ એક આખી કોમ અથવા એક આખું રાષ્ટ્ર છે. અને તેમાં સંખ્યાબંધ જીવો સમાયેલા હોય છે. આ બધા પોતાનું જીવન સુંદર અને સંયુક્ત રીતે ગાળે છે. આપણે એક જીવે જીવવાનું ભૂલી ગયા છીએ, અને જુદાજુદા વાડામાં વહેંચાઈ ગયા છીએ. શરીરમાં જો હાથ અથવા પગ મગજનો હુકમ ન માને અને પોતાનું કાર્ય નિયત રીતે જ બજાવે તો પક્ષાઘાત ગણાશે. એકાદ અંગ્રેજને ઇજા પહોંચે તો આખી અંગ્રેજ પ્રજા પોતાને ઘા થયેલો માનશે કારણ કે સમસ્ત અંગ્રેજ પ્રજા પ્રત્યેક ઝાડની જેમ એકરાગથી રહે છે, જ્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણામાં તો કોઈને તકલીફ પડે તો બાકીનાને એટલી તીવ્ર લાગણી થતી નથી. અને એ જ કારણે આપણે આજની દશામાં છીએ. આ એકસંપીપણું પાછું પ્રાપ્ત કરવાનો આપણે પ્રયત્ન કરવો જોઈએ. આપણા કુટુંબમાં આપણે એકજીવથી નથી રહેતા ? આ લાગણીને વ્યાપક કરીને આપણે માનવું જોઈએ કે આખું રાષ્ટ્ર એક કુટુંબ છે, અને આપણે બધાએ એક કુટુંબની જેમ રહેવું જોઈએ. આપણી પાસે જે કંઈ હોય તે રાષ્ટ્રને સોંપતાં આપણે આનાકાની તો ન કરવી જોઈએ, પણ વિનાસંકોચે આપી દેવું જોઈએ. રાષ્ટ્રના સમૂહગત કલ્યાણમાં જ માતા અથવા ભાઈના જેવો આનંદ પામવો એ જ સ્વદેશાભિમાનનો અર્થ છે.

મરઘી પોતાનાં બચ્ચાંને કેવી રીતે જન્મ આપે છે તે તમે જાણો છો ? તે ઈંડાં મૂકે છે. હું ધારું છું કે તમે ઘણાએ ઈંડું તો જોયું હશે. તેની બહારની બાજુએ કોચલું હોય છે, અંદરની બાજુએ પડ હોય છે, અને તેની અંદર બે જાતના ઘાટા પ્રવાહી પદાર્થો હોય છે. એક સફેદ હોય છે અને બીજો પીળો હોય છે. આમાંનો પીળો પદાર્થ એ બચ્ચું હોય છે, અને સફેદ તેને માટેનો ખોરાક હોય છે. મનુષ્યોમાં ઈંડું બહાર આવતું નથી પણ લાંબા કાળ સુધી માતાના ગર્ભસ્થાનમાં જ હોય છે. જ્યાં સુધી બચ્ચું કોચલું ફોડીને બહાર ન આવે ત્યાં સુધી આ સફેદ પદાર્થ તેનો ખોરાક બને છે. પણ જ્યાં સુધી મનુષ્યનો દેહ માતાના ગર્ભસ્થાનમાં હોય છે ત્યાં સુધી તેને માતા કેવી રીતે પોષે છે ? ગર્ભસ્થાનમાંના બાળકને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે જેટલું પોષણ જરૂરનું હોય છે તેટલું ડૂંટી ઉપરની નળી મારફતે બાળકને પહોંચે છે. તમે ફૂલ જોયું હશે. તેને પાંખડીઓ તેમજ ડાંખળીઓ હોય છે. બાળક એ ડૂંટી ઉપરની નળીરૂપી ડાંખળી મારફતે ખોરાક મેળવનાર ફૂલ અથવા ફળ જેવું છે. આમ હોવાથી માતાને ઝાડ જેવી અને એના ગર્ભમાંના બાળકને ડાંખળી વડે જોડાયેલા નાજુક ફળ જેવું માનજો. જ્યારે ફૂલ તોડવા લાયક બને છે ત્યારે ડાંખળી સૂકી થઈ જાય છે. એ જ રીતે જ્યારે બાળક બહાર જીવી શકે એવું થાય છે કે તરત જ તે બહાર આવવા લાયક બને છે. આ બેની વચ્ચે ઝાઝો તફાવત નથી.

નાળિયેરની કોટિના મોટા ફળનો દાખલો લ્યો. તે ખૂબ ઊંચે હોય છે. ફળ ખૂબ ઊંચેથી નીચે પડે તોપણ તેને ઇજા નહિ થાય કારણકે તેને જાડું પડ હોય છે. એટલે નાળિયેર ઉપર રેસાનો મોટો જથ્થો હોવાનું કારણ સમજી શકાશે. તમે નાળિયેરનું નિરીક્ષણ કરો તો તેની ડૂંટી કઈ તે તરત જોઈ શકશો. ઝાડ સાથે તે જે ડાંખળીથી જોડાયેલું હોય છે તે જોઈ શકો છો. માતાના ગર્ભસ્થાનમાંથી બહાર આવતા બાળકની જેમ તેને પણ જ્યારે તે છૂટું પડે છે ત્યારે સ્વતંત્ર જીવન પ્રાપ્ત થાય છે. તમે નાળિયેરનો ઈંડાની પેઠે પણ વિચાર કરી શકો. તેનામાં જીવનતત્ત્વ હોય છે. તેની અંદરની બાજુએ નાની નાળિયેરી અને તેનો પોષક પદાર્થ રહેલાં હોય છે. જ્યાં સુધી ઝાડ જમીનમાંથી બહાર નીકળે અને પોતાનાં મૂળિયાં જમીનમાં ન નાખે ત્યાં સુધી તેમાંનું પાણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને કાપરું એ તેનો ખોરાક છે. પાણી અને કાપરું આપણે પીવા અથવા ખાવા માટે છે એમ ન માનતા. પોતાનું કાચલું તોડીને બહાર આવે અને જમીનમાંથી પોતાનું પોષણ મેળવવા જેટલી શક્તિ મેળવે ત્યાં સુધી તે તેના ખોરાકરૂપે છે. નાળિયેરીના ઈંડાની વાત આવી છે. એ જ રીતે ડાંગરનું—બહાર છોતરું અને અંદર બાળક. જમીનમાંથી પોષક તત્ત્વો લેતાં આવડે ત્યાં સુધી છોતરામાંનો ખોરાક ચાલે છે. ચોખા આપણે ખાવા માટે છે એમ આપણે માનીએ છીએ, પણ ખરી રીતે તો તે પોતાની અંદર વસેલા નાજુક આત્મા માટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિરાટ અને સૂક્ષ્મ

રાત્રે: આપણે આકાશમાં જે તારા જોઈએ છીએ તે બધા આપણા જેવી દુનિયા જ છે. એ દુનિયાઓમાંની કેટલીક તો આપણી દુનિયા કરતાં લાખોગણી મોટી છે. કેટલાંક ઝાંખાં ધાબાં દેખાય છે તે તો એ દુનિયાઓનાં ઝૂમખાં છે. અંતર, કદ અને ગતિની દૃષ્ટિએ આ વિશ્વનો વિચાર કરવા બેસીએ તો આભા જ બની જવાય. આ બાબતોના ચિંતનમાં આપણી કલ્પનાશક્તિ વાપરીએ એ જરૂરનું છે. એનાથી નમ્રતાની ભાવના વિકાસ પામે છે, પ્રમાણની કલ્પના બરાબર સમજાય છે, અને મુશ્કેલી સહન કરવાની તથા દિલગીરીજનક પ્રસંગોએ પણ આનંદિત રહેવાની રાહત કેળવાય છે.

અત્યારે હું તમારી સાથે વાત કરી રહ્યો છું. મારા મોંમાંથી નીકળતો અવાજ તમારા કાન સુધી પહોંચે છે. એની ગતિ ખૂબ હોવા છતાં એને તમારા સુધી પહોંચતાં વખત તો લાગે જ છે. તળાવ અથવા નદીને કિનારે તમે ઊભા હો ત્યાંથી થોડે અંતરે કોઈ માણસને કપડાં ધોતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોયો છે? આવું બને ત્યારે તમને જણાશે કે તમારી આંખો વડે તમે માણસની ક્રિયાઓ જુઓ અને તે ક્રિયાઓને લીધે ઉત્પન્ન થતો અવાજ તમારા કાને પહોંચે એ બે વચ્ચે ધ્યાનમાં આવે એટલું અંતર પડે છે. આકાશમાં થતી વીજળી તથા ગર્જનાઓ તમે નિહાળ્યાં છે? વીજળીનો ઝબકારો અને અવાજ એક જ વખતે થયેલાં. પણ અવાજ આપણા સુધી પહોંચતાં વખત લાગ્યો. વધારે ઝડપે ચાલતી ગાડી એક મિનિટે એક માઈલ દોડે છે. અવાજની ગતિ મિનિટે બાર માઈલ એટલે કે ઝડપથી દોડતી ગાડી કરતાં બારગણી છે. આટલું સમજીએ તો અવાજની ગતિ કેટલી છે તેનો ખ્યાલ આવશે.

વીજળીના ઝબકારાને પણ પોતાના ઉદ્ભવસ્થાનથી આપણી દૃષ્ટિ સુધી પહોંચતાં વખત લાગે છે. પણ પ્રકાશની ગતિ એટલી વધારે છે કે વખતનું પ્રમાણ નજીવું જ આવે છે. તેની ગતિ અવાજની ગતિ કરતાં લગભગ દસ લાખગણી વધારે છે. વિશ્વમાં મોટામોટાં ખેતરો માઈલમાં માપી શકાતાં નથી. કોઈ ધનિકની દોલતનું માપ આપણે પાઈ કે રૂપિયામાં કાઢતા નથી પણ કરોડ રૂપિયામાં કાઢીએ છીએ. એ રીતે એક તારા અને બીજા તારા વચ્ચેનું અંતર એના પ્રકાશને એક સ્થળેથી બીજે સ્થળે પહોંચતાં જેટલાં વર્ષો થાય તેટલાં વર્ષોમાં મપાય છે. આ વસ્તુ વિષે વિચાર કરીએ. આખા હિંદુસ્તાનની લંબાઈથી સોગણું અંતર કાપતાં પ્રકાશ એક સેકન્ડ લે છે. અવાજની ગતિ કરતાં પ્રકાશની ગતિ દસ લાખ-ગણી વધારે છે અને અવાજની ગતિ વધારેમાં વધારે ઝડપથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલતી ગાડી કરતાં બારગણી વધારે છે. આપણી પૃથ્વી સૂર્યની આસપાસ આડત્રીસ વરસ ફરે તેમાં તે જેટલું અંતર કાપે તેટલું અંતર પ્રકાશ એક દિવસમાં કાપી શકે છે. પૃથ્વી અને સૂર્ય વચ્ચે ઘણું મોટું અંતર છે એની આપણને ખબર છે. આ અંતર સાથે સરખાવતાં પૃથ્વીનો સૂર્યની પ્રદક્ષિણાનો માર્ગ છગણો વધારે એટલે કે ૫૪૦ કરોડ માઈલ છે. આનું ૩૮ગણું એટલે કે આપણા જન્મથી આપણે આડત્રીસ વર્ષની ઉંમરે પહોંચીએ એટલા વખતમાં કપાયેલું અંતર. એ અંતર પ્રકાશ એક દિવસમાં કાપી નાખે. આપણી નજદીકના તારાથી આપણે ત્યાં પ્રકાશ પહોંચતાં ત્રણ વર્ષ થાય છે. હવે તમને તારા અને આપણી વચ્ચેના અંતરની કલ્પના આવે છે? કેટલાક તારા એટલા દૂર છે કે પ્રકાશને અહીં આવી પહોંચતાં ત્રણ વર્ષ નહિ પણ હજાર વર્ષ થાય છે, અને કેટલાક તો એથીએ વધારે અંતરે છે.

આજે આપણને જે ઝાંખો તારો દેખાય છે તે તેની આજની સ્થિતિમાં નહિ પણ ભગવાન બુદ્ધનો જન્મ થયો તેનીએ પહેલાં તેની જે સ્થિતિ હતી તે સ્થિતિમાં દેખાય છે. તે વખતે પ્રગટેલો પ્રકાશ આજે તમારી આંખને આશ્ચર્યમાં ગરકાવ કરી નાખે છે. આટલા ગાળામાં તો ભારતવર્ષનો આખો ઇતિહાસ ઘડાયો. તમારી કલ્પનાશક્તિનો ઉપયોગ કરી દુનિયાની ઝડપોમાં ઝડપી ગાડી કરતાં સવાકરોડગણી વધારે ગતિથી આગળ ધપતા પ્રકાશપથિકનો ખ્યાલ કરો અને તે પોતાની મુસાફરી શરૂ કરે ને તમારી પાસે આવીને ઊભો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહે તે દરમ્યાન ભારતવર્ષનો આખો ઇતિહાસ ધડાઈ જાય એની કલ્પના કરો.

આ સમજીએ ત્યારે આપણી નાની દુનિયા અને એમાં વસનારા આપણે નાના જીવો કેટલા સૂક્ષ્મ લાગીએ છીએ ! પાંજરામાં પકડાયેલા પણ, આખા વિશ્વમાં આપણી દુનિયા છે તેવી રીતે, પાંજરાને પોતાની દુનિયા માની કાંદાના ટુકડા ખાઈ મજા કરતાકરતા કેટલાક લડતા, કેટલાક રમતા, કેટલાક ખૂબ દિલગીર થઈ જતા અને કેટલાક ખૂબ આનંદ કરતા ઊંદરોની કલ્પના કરો.

આપણી આસપાસનું વિશ્વ ખૂબ વિશાળ છે. પણ આપણી પોતાની અંદર તેમજ પ્રત્યેક ભૌતિક કણમાં, ચારે-બાજૂ આપણે જે અવકાશ જોઈએ છીએ તેના જેટલી જ, મોટી અને આશ્ચર્યચકિત કરનાર વિશાળતા સમાયેલી છે. આપણે પરમાણુ, અણુ અને વિદ્યુદણુને પ્રકાશના જેટલી ઝડપથી અને ગ્રહો સૂર્ય તેમજ તારાની જેમ વ્યવસ્થિત રીતે ગોળ ફરતા જોઈએ છીએ ત્યારે પ્રત્યેક ભાતિક કણમાં વિશ્વની શક્તિ સમાયેલી છે એ જણાશે. આ કણમાં સમાયેલી શક્તિ આકાશી ગોળાની શક્તિ જેટલી જ પ્રચંડ છે. આ કણની દુનિયા બાહ્ય વિશ્વ કરતાં ઓછી ગુંચવાડાવાળી નથી જ. અને અંદરથી તેમ જ બહારથી આટલું વિશાળ વિશ્વ એક જ શક્તિની કૃતિ છે જેની આપણા પૂર્વજો ગાયત્રીમંત્ર બોલીને આરાધના કરતાઃ " જે પ્રકાશ આ અમાપ વિશ્વોને ઉત્પન્ન કરે છે, નિભાવે છે, ચલાવે છે અને સંહારે છે તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા પ્રણામ હો. તેનો મારામાં સંચાર થાઓ અને તે મને પવિત્ર બનાવો. ”

તમે જે જમીન ઉપર બેઠા છો તે તમને નક્કર અને સલામત લાગે છે. પણ આપણી કલ્પનામાં પણ ન આવે એટલી ગતિથી આપણે ફર્યા કરીએ છીએ એ તમારા ખ્યાલમાં આવે છે? જે જમીન સાથે આપણે વળગેલા છીએ તે જમીન પગે ચાલતા એક મુસાફરની ગતિ સાથે સરખાવતાં ફાસ્ટ ગાડીની ગતિ જેટલા ગણી વધારે છે તેટલા ગણી વધારે ગતિથી ગોળગોળ ફર્યા કરે છે. આપણને બધાને પોતાની ઉપર રાખીને તે ઉપર જણાવેલી ગતિએ પોતાની ધરીની આસપાસ ફર્યા કરે છે, એટલું જ નહિ પણ સાથે-સાથે ઝડપી ગાડી કરતાં છસોગણી વધારે ઝડપથી તે સૂર્યની આજુબાજુ ફરતી રહે છે. અને આટલી ભારે ઝડપથી બે રીતે ફરતી હોવા છતાં આપણે વાતો કરીએ છીએ, રમતો રમીએ છીએ, પ્રેમ કરીએ છીએ, લડાઈ લડીએ છીએ, વિચારો કરીએ છીએ, સ્વપ્નાં અનુભવીએ છીએ અને પ્રાર્થના કરીએ છીએ. આના કરતાં વિશેષ રમૂજી શું? સૌથી વધારે વિચિત્ર તો એ છે કે જ્યારે આપણે આટલી ભયંકર ગતિએ ગોળ ફરીએ છીએ તેમજ આગળ દોડીએ છીએ ત્યારે પણ આપણે બીજાને ધિક્કારીએ છીએ, તેની અદેખાઈ કરીએ છીએ, દગાફટકા રમીએ છીએ, વેર વારવાની યુક્તિ શોધીએ છીએ અને બીજાઓને દુઃખી કરીને આપણે સુખી બનીશું એમ માનીએ છીએ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

असाधुं साधुना जयेत्*

ઘણા દિવસ થયાં આપણે અહીં આવ્યા છીએ અને સવારે તથા સાંજે ભેગા બેસીને કેટલાયે નાનામોટા વિષયોની ચર્ચા કરીએ છીએ. હું ઇચ્છું છું કે જ્યારે તમે અહીંથી બહાર જાઓ ત્યારે તમારું દૃષ્ટિબિંદુ વિશાળ થયું છે અને તમે અંદર આવ્યા તેના કરતાં બહાર નીકળ્યા ત્યારે વધારે સમજુ થયા છો એમ તમને લાગે.

સત્યનો સાચો ખ્યાલ આવે તે માટે તમારે તારા, સૂર્ય અને ચંદ્ર વિષે વિચારો કરવા જોઈએ. તમારો દૃષ્ટિકોણ સાંકડો રાખશો તો તમે અસત્યમાં જ ગોથાં ખાતા રહેવાના.

આ વિશ્વ કેટલું વિશાળ છે તેનો તમારે પૂરેપૂરો ખ્યાલ કરી લેવો જોઈએ. પ્રત્યેક તારામાં એકએક દુનિયા સમાયેલી છે અને તે દરેકને પૃથ્વીની જેમ સૂર્ય, ચંદ્ર અને ઘણા ગ્રહો પણ છે. આ દુનિયાના મનુષ્યોએ, વધારેમાં વધારે ડાહ્યા મનુષ્યોએ પણ, જે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તે એક બિંદુ સમાન છે. આવડા મોટા વિશ્વમાં જે અજ્ઞાત છે તે આપણે મેળવેલા

* બૂરાઈ ને ભલાઈથી જીતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્ઞાનના બિંદુ કરતાં હજારોગણું વધારે છે. અને છતાંયે આટલા ઓછા જ્ઞાનથી આપણે ચર્ચા તેમજ કાર્યો કરતા રહ્યા છીએ. એટલે આપણે કોઈ પણ વિષયની ચર્ચા કરતી વખતે નમ્ર રહેવું જોઇએ. વિશ્વની અજ્ઞાત બાબતોમાં મનુષ્ય-જાતિનું જ્ઞાન ખૂબ થોડું છે. અને તેમાંયે એક વ્યક્તિનું જ્ઞાન તો બિંદુઓમાં બિંદુ જેટલું જ હોય. આવી સ્થિતિ છે ત્યાં તમે મારી પાસે વ્યાખ્યાનની માગણી કરો છો એટલે તમે કેટલા નાના છો એમ ગણવું ? એટલે જ્ઞાનની પ્રાપ્તિ કરવામાં આપણે કેટલી નમ્રતા રાખવાની છે એનો ખ્યાલ બાંધજો.

દુન્યવી વસ્તુઓના બે ભાગ પાડી શકાયઃ એક પદાર્થ અને બીજો શક્તિ. પદાર્થનાં ઘણાં સ્વરૂપો હોય છે તે તો તમે જાણો છો જ. શક્તિ પણ અનેક સ્વરૂપે પ્રગટ થઈ શકે. જ્યારે આપણે કોઈ વસ્તુને ફટકો લગાવીએ, કોઈ વસ્તુને દબાવીએ, એન્જિન વડે ગાડી ખેંચીએ, અથવા કોઈની સાથે તકરાર કરીએ છીએ ત્યારે આપણી યાંત્રિક શક્તિ પ્રગટ થાય છે. ઘર પાડી નાખતી વખતે અથવા તો નવું બાંધતી વખતે માણસની આ પ્રકારની શક્તિ જ વપરાય છે. અવાજ એ શક્તિનું બીજું સ્વરૂપ છે. આપણા અંતઃકરણમાં અવાજ પહોંચે છે અને પરિણામે લાગણીઓ, દિલગીરી, ક્રોધ, ધિક્કાર, બીક અને એવા બીજા ભાવો ઉત્પન્ન થાય છે. શક્તિનું ત્રીજું સ્વરૂપ એ ગરમી છે. પ્રકાશ એ પણ એનું એક સ્વરૂપ છે. વીજળીક બળ એ પણ શક્તિનો એક પ્રકાર છે. લોહચુંબકની શક્તિ એ વીજળીક શક્તિનું એક સ્વરૂપ છે. આપણા કૌટુંબિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનમાં અને દૈનિક વ્યવહારમાં આપણે શક્તિના જે સ્વરૂપનો અનુભવ કરીએ છીએ તે પ્રેમ અને સ્નેહની લાગણીનો છે. આ લાગણીને લીધે જ માણસો એકબીજા સાથે જોડાયેલા રહે છે. ધિક્કાર એ પણ શક્તિનું એક સ્વરૂપ છે. એનું સ્વરૂપ પ્રેમની લાગણીના જેવું જ છે. તફાવત માત્ર એટલો જ છે કે ગાડીમાં જોડેલા ઘોડા કેટલીક વખતે કરે છે તેમ બન્ને સામસામી દિશામાં મનુષ્યને ખેંચી જાય છે. એકબીજા પ્રત્યે ખૂબ પ્રેમ ધરાવતી વ્યક્તિઓ વચ્ચે જ્યારે અણબનાવ થાય છે ત્યારે સાધારણ સંબંધવાળી વ્યક્તિઓ કરતાં તેઓ એકબીજાને વધારે ધિક્કારે છે. તમારો ઘોડો તોફાની હશે તો જેટલી શક્તિથી તે ગાડી આગળ ખેંચશે એટલી જ ઝડપથી કદાચ પાછળ લાત મારી બેસે. પણ ભેંશની બાબતમાં આવું ન બની શકે. સારી જાતનો ઘોડો હાંકવાનો તમને પ્રસંગ પડ્યો હોય તો તમને સમજાયું હશે કે ભલા શબ્દો અને ભલા વર્તનથી જ તમે તેને સારી રીતે ચલાવી શકો. કેટલીક વખતે એને ચમકાવીને આગળ દોડાવી શકો, પણ પરિણામે તો એ માર્ગ તમને નિષ્ફળ જણાશે. ઢોરો પાળવાનો જેને અનુભવ હોય એવી કોઈ વ્યક્તિને પૂછશો તો જાણી શકશો કે ઢોરની પાસેથી ભલમનસાઈ વડે જ કામ લઈ શકાય છે. બળ વાપરવાનો પ્રયત્ન કરશો તો ઢોર ઉછેરવાના પ્રયત્નમાં નિષ્ફળતા મળવાની. મનુષ્ય જાતિ—પતિ, પત્ની, બાળકો—ની બાબતમાં પણ આ જ સ્થિતિ છે. બે જણ વચ્ચે તકરાર થઈ હોય અને તેમાંથી કોઈ પણ એક બીજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રત્યે સારી લાગણી કેળવવા માંડે તો સામી વ્યક્તિના મનમાં પણ એવી લાગણીઓ ઊગે છે એ અનુભવની વાત છે. આ લાગણીઓ કેવી રીતે જન્મે છે એ કદાચ ન સમજી શકાય, પણ પ્રેમ અને ધિક્કાર વીજળીક શક્તિની જેમ કાર્ય કરે છે.

રાજકારણ તેમજ જીવનના બધા પ્રશ્નોમાં માણસને આપણે જેવા ઇચ્છીએ તેવા બનાવવાનો સવાલ હોય છે. બીજા માણસને અમુક રસ્તે વાળવા માટે આપણે પ્રેમની શક્તિ વાપરીશું કે ધિક્કાર અને બીકની ? સત્યાગ્રહનો વિચાર કરવામાં પણ આ જ મુખ્ય મુદ્દો છે. એક વખતે એક માણસને અનુભવ થયો કે કાચની સળી અથવા લાકડીને રેશમના ટુકડા ઉપર ઘસીએ તો તે કાચની સળીમાં કાગળના નાના ટુકડાને પોતા તરફ ખેંચવાની શક્તિ આવશે. માત્ર કાગળના ટુકડા અથવા બૂચને ખેંચવા ઉપરાંત બીજું કાંઈ વધારે ન કરી શકનાર આ નાની શક્તિના પરિણામે, આગળ જતાં અનુભવ થયો કે એ તો એક પ્રચંડ વિશ્વવ્યાપી શક્તિ છે અને એના વડે તો પર્વતો જમીનદોસ્ત કરી શકાય, ગાડીઓ દોડાવી શકાય અને શહેરોમાં દીવાબત્તી કરી શકાય. આ જ રીતે પ્રેમના બળનો પણ ઉપયોગ કરી શકાય. પતિપત્ની વચ્ચેના કલહોમાં તેમજ પુત્ર કે બાળકને અમુક રીતે વાળવામાં આ બળ અસરકારક નીવડે છે. આ શક્તિને રાજકારણમાં સફળ રીતે વાપરવી એ જ સત્યાગ્રહનો મુખ્ય પ્રયત્ન છે. શરૂઆતમાં કદાચ એનું પરિણામ નજીવું લાગે, પણ સરવાળે એ વીજળીક શક્તિ જેટલું પ્રચંડ અને કાર્ય-સાધક નીવડશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાક વખત પહેલાં કેળવણીના ક્ષેત્રમાં પણ ક્રોધના શબ્દો, લાગણીઓ અને સોટીનો ઉપયોગ થતો અને તે એટલે સુધી કે જે શિક્ષકો આનો ઉપયોગ ન કરતા હોય તેમનામાં બાળકોનાં માબાપને વિશ્વાસ ન બેસે. પણ આજે તો પ્રેમની પદ્ધતિ સ્વીકારાઈ છે. હાસ્ય અને આનંદની લાગણીઓ જ આજે ચાલી શકે છે, અને જે શિક્ષક બાળકોને શારીરિક સજા કરે છે તેને રજા આપવામાં આવે છે. રાજકારણમાં આજે ભલે ધિક્કારની લાગણી ચાલતી હોય, પણ એવો વખત આવવાનો છે કે જ્યારે નવી પદ્ધતિ જ ચાલી શકવાની. જૂના શિક્ષકોને આજે સ્વભાવ બદલવો પડ્યો છે તેવી જ રીતે રાજકારણ સુદ્ધાંતની જીવનની બધી બાબતોમાં પ્રેમની શક્તિ ઉપયોગમાં લઈ શકાય એ જાતનું પરિવર્તન કરવું પડશે. વખત જતાં આપણને જણાશે કે પ્રેમની શક્તિ બીકની શક્તિ કરતાં વધારે અસરકારક અને વધારે ઝડપથી કાર્ય સાધનાર છે.

સત્યનાં સ્વરૂપો જુદાજુદા પ્રસંગોએ જુદાંજુદાં હોઈ શકે એમ માનતા નહિ. એક આણ હોય કે સૂર્ય હોય તોપણ આખી દુનિયામાં તેનું સ્વરૂપ એક જ છે. 'અનિષ્ટનો સામનો ન કરો,' એ વાક્ય બાઇબલમાંનું છે, અને ટૉલ્સ્ટૉય સુદ્ધાંત બધા સત્યાગ્રહીઓ માટે તે એક સૂત્ર સમાન છે. સત્યાગ્રહનો સિદ્ધાંત ગાંધીજીએ અથવા કે ટૉલ્સ્ટૉયે શોધી કાઢ્યો એમ ન માનતા. ક્રાઇસ્ટે એ સિદ્ધાંત રજૂ કર્યો ત્યારે એ નવો નહોતો અને બુદ્ધે એનું પ્રતિપાદન કર્યું ત્યારે પણ એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવો નહોતો. દુનિયામાં જૂનાંમાં જૂનાં પુસ્તકોમાં આ સિદ્ધાંત આપણને મળી આવે છે. આપણે વેદને આપણું —દુનિયાનું—જૂનામાં જૂનું પુસ્તક ગણીએ છીએ. દુનિયાનું આ જૂનામાં જૂનું જ્ઞાન બુદ્ધ, ક્રાઇસ્ટ અને ટૉલ્સ્ટૉય મારફતે આપણા સુધી પહોંચ્યું અને આજના જમાનામાં ગાંધીજી 'અનિષ્ટનો સામનો કરો નહિ' એ સત્ય આપણને સમજાવે છે. કેટલાક લોકો માને છે કે અનિષ્ટનો સામનો ન કરવાનું સૂચવનાર ગાંધીજીની શિખામણ અને ક્રાઇસ્ટ તથા ટૉલ્સ્ટૉયની શિખામણો એક પ્રકારની નથી. સાચી રીતે જોઈએ તો બન્ને વચ્ચે તફાવત નથી. 'સામનો ન કરો' એ શબ્દોનો પૂરેપૂરો અર્થ સમજવાની જરૂર છે. એ સમજાશું ત્યારે દેખાતો તફાવત નીકળી જશે. 'અનિષ્ટનો સામનો ન કરો' એમ આપણે કહીએ છીએ એનો અર્થ એ જ છે કે 'અનિષ્ટનો બદલો અનિષ્ટથી ન વાળો, વેરના બદલામાં વેર ન લો.' આ બાબતમાં ક્રાઇસ્ટ અને મહાત્મા ગાંધીજીની શિખામણોમાં મુદ્દલ તફાવત નથી. બૂરાઈના બદલામાં ભલાઈ દાખવવી એ એક રીતે બૂરાઈનો સામનો કરવા જેવું છે. પણ 'અનિષ્ટનો સામનો ન કરો' એમ કહેતી વખતે 'સામનો કરવા'માં જે અર્થ સમાય છે તે અહીં લાગૂ થઈ શકતો નથી. અનિષ્ટના બદલામાં અનિષ્ટ ન હોય. એના બદલામાં તો ભલાઈ જ હોય એવો અહીં અર્થ છે. જૂના વખતમાં નિષ્ફળ જનાર વિદ્યાર્થીને મારશો નહિ પણ તેના તરફ માયાળુ થજો એમ કહેત તો લોકો મને હસી કાઢતે. એવી રીતે આજે ગાંધીજી બૂરાઈના બદલામાં ભલાઈ કરવાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂચવે છે તેને લોકો કદાચ હસી કાઢે. તમે અન્યાય થયો હશે તેના બદલામાં ન્યાય કરશો તો સામા માણસના મનમાં ઝટ પરિવર્તન થશે, પણ જો અન્યાયના બદલામાં અન્યાય જ આપશો તો સામા માણસનો જવાબ વધારે અન્યાયકારી નીવડશે. સારા વિચારો, સારા શબ્દો અને સારાં કાર્યોમાં પ્રચંડ અને અમાપ શક્તિ સમાયેલી છે. આ શક્તિનો આપણે સંચય તથા ઉપયોગ કરવો જોઈએ.

હિંદમાં સત્યાગ્રહનો જે અખતરો આપણે કરી રહ્યા છીએ તે માત્ર આપણી સ્વતંત્રતા મેળવવા માટેનો એક રાષ્ટ્ર-પૂરતો જ પ્રયોગ નથી. આખી દુનિયાના લાભ માટેની આ શક્તિ હશે અને આખી દુનિયાની પ્રગતિ માટે હિંદનો પ્રયોગ એક પગથિયું હશે, તો જ ઈશ્વર તેમાં મદદરૂપ થવાનો છે. આ પરિસ્થિતિ હશે તો જ તેમાંથી ચેતન અને પરિણામદાયી શક્તિ નીપજશે. આપણાં સંકટો એ સાચાં સંકટો નથી. યુદ્ધની આ પદ્ધતિ શોધી કાઢવાની આપણને ફરજ પડી છે એ ભારે દુઃખની સ્થિતિ છે. અનિષ્ટ જેટલું ભારે તેટલો ભારે પ્રયોગ અજમાવવાનો અને તેટલા પ્રમાણમાં હિંદને દુનિયાના ઇતિહાસમાં વધારે કીર્તિ મળવાની. એટલે આ યુદ્ધ બરાબર પાર ઊતરે એ જ આપણી મોટામાં મોટી મહત્ત્વાકાંક્ષા રહેવી જોઈએ.

વર્ગમાંથી મુખ્ય શિક્ષક બહાર જાય કે તરત જ જૂના વિચારનો શિક્ષક સોટીનો ઉપયોગ કરી મહિનાઓનું કામ એક કલાકમાં બગાડી નાખે છે. તેવી રીતે આપણે અહિંસાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માર્ગમાંથી જરા પણ દૂર જઈશું તો આપણી વર્ષોની મહેનત ધૂળમાં મળી જશે. આપણે ગમે તેટલાં બહાનાં બતાવીએ, પણ ગાંધીજી કહે છે કે આપણને આપણા માર્ગમાં જલદી સફળતા ન મળવાનું કારણ સત્યાગ્રહના સિદ્ધાંતોને આપણે શુદ્ધ સ્વરૂપમાં ગ્રહણ નથી કરી શક્યા એ છે. વાત તદ્દન સાચી છે. ગાંધીજી સાથે વાત કર્યા પછી એક અંગ્રેજ અથવા યુરોપવાસી એમ જ કહે છે કે 'હિંદમાં બધા લોકો ગાંધીજી જેવા હોત તો આખા પ્રશ્નનો નિકાલ ઝટ આવી ગયો હોત.' બધા લોકો એમના જેવા નથી. આપણો પ્રયત્ન બધામાંથી ધિક્કારની લાગણી દૂર કરાવવાનો હોવો જોઈએ. એની શરૂઆત દરેકે પોતાનાથી કરવી જોઈએ.

Gurukula Kangri Library

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar